આજનો સુવિચાર

આપણી ચિંતાઓ
હંમેશા આપણી
કમજોરીઓને કારણે જ
હોય છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧ જૂનાગઢ તા. ૧૬-૧૨-૨૦૨૨ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Happy Birth Day To.....

47 th Year સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનો આજે ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ

તા.૧૬-૧૨-૧૯૭૬નાં રોજ જૂનાગઢ ખાતે દૈનિક સ્વરૂપે સૌરાષ્ટ્ર ભૂમિ અખબારનો પ્રારંભ થયો હતો. છેલ્લા ચાર દાયકા કરતા વધુની મઝલ કાપીને સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક હવે તેની અખબારી સફરનાં પાંચ દાયકા પૂર્ણ કરવા તરફ આગળ વધી રહયું છે. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં આદ્યસ્થાપક સ્વ. ગજેન્દ્રભાઈ ઉપાધ્યાયનાં આશીર્વાદ અને માર્ગદર્શન હેઠળ તંત્રીશ્રી કાર્તિકભાઈ ઉપાધ્યાય દ્વારા સખત મહેનત, સુયોગ્ય આયોજન અને સમાજનાં તમામ વર્ગનાં લોકોનાં સહયોગથી સૌરાષ્ટ્રભૂમિ દૈનિકની પ્રગતિ થઈ છે. જેના માટે જનતા જનાર્દન અને અમારા સુજ્ઞ વાંચકોનાં અમે આભારી છીએ. વર્તમાન સમયમાં અખબાર ચલાવવું એક અત્યંત કઠિન અને પાણીના સામા પ્રવાહમાં તરવા જેવું ભગીરથ કાર્ય ગણાય છે. તેમ છતાં સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક પરીવારે જનતા જનાર્દનનાં સહકારથી તેની અવિરત અખબારી સફર સફળતાપૂર્વક ચાલુ રાખી છે અને ઉત્તરોત્તર સફળતાનાં શિખરો સર કરી રહયું છે. પ્રારંભ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકની જૂનાગઢ આવૃતિ બાદ ગાંધીનગર - અમદાવાદ ખાતે પણ આવૃતિ શરૂ કરવામાં આવી જેને પણ વ્યાપક સ્વીકૃતિ અને આવકાર પ્રાપ્ત થયો છે. વર્ષ ૨૦૨૦માં કોરોનાનાં કહેરની વિકટ પરિસ્થિતિમાં પણ અખબારે સતત તેની ફરજ બજાવી છે તેમાં તમામ વાંચક વર્ગ, વિજ્ઞાપનદાતાઓ, મિત્રો, શુભેચ્છકો, સંતોનાં આશીર્વાદ પ્રાપ્ત થયા છે તેનો અમે ઋણ સ્વીકાર કરીએ છીએ. આજે પણ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક એક વટવૃક્ષ બની ગયું છે તેમ કહેવાનો અમે ગર્વ અનુભવીએ છીએ અને અમોને સહકાર આપનાર તમામનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકની આ અખબારી સફરમાં કાર્યાલય પરીવારનાં સભ્યો, એજન્ટ મિત્રો અને અખબાર વિક્રેતાઓ અને વિજ્ઞાપન દાતાઓએ અમોને સહકાર આપ્યો છે તેની અમે આભાર સાથે નોંધ લઈએ છીએ. ભવિષ્યમાં પણ સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક સૌરાષ્ટ્ર-કચ્છ, ગુજરાતનો ખમીરવંતો અવાજ બનીને ચોથીજાગીર તરીકેની પોતાની ફરજ બજાવવામાં પાછી પાની કરશે નહી તેવી અમે ખાત્રી આપીએ છીએ. આજે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનો ૪૭મો જન્મદિવસ હોય તંત્રીશ્રી કાર્તિકભાઈ ઉપાધ્યાય અને સહતંત્રીશ્રી અભિજીતભાઈ ઉપાધ્યાય દ્વારા તમામનો આભાર માની ઋણ સ્વીકાર કરવામાં આવે છે.

તંત્રી : કાર્તિકભાઈ ઉપાધ્યાય
સહતંત્રી : અભિજીત ઉપાધ્યાય
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
(જૂનાગઢ આવૃતિ તથા ગાંધીનગર આવૃતિ)

છેલ્લા પાંચ વર્ષમાં મોદી સરકારે પબ્લિસીટી પાછળ રૂા. ૩૭૦૦ કરોડનો ખર્ચ કર્યો

નવી દિલ્હી તા. ૧૬ : કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે છેલ્લા પાંચ વર્ષમાં જાહેરાતો ઉપર ૩,૭૨૩ કરોડ રૂપિયા ખર્ચ્યાં છે. રાજયસભામાં એક લેખિત જવાબમાં આ માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષમાં કેન્દ્ર સરકારની જાહેરાત અને પ્રચાર-પ્રસારનો ખર્ચ વધ્યો નથી. કેન્દ્ર સરકાર દ્વારા આપવામાં આવેલા આંકડાઓ અનુસાર વર્ષ ૨૦૧૭-૧૮માં જાહેરાત પાછળ ૧૨૨૦.૮૯ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. અને પછીના વર્ષે રૂા. ૧,૧૦૬.૮૮ કરોડનો ખર્ચ થયો હતો.

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે વધુમાં જણાવ્યું કે, વર્ષ ૨૦૧૯-૨૦માં સરકારે જાહેરાતો ઉપર ૬૨૭.૬૭ કરોડ રૂપિયા ખર્ચ્યાં છે. અને વર્ષ ૨૦૨૦-૨૧માં મોદી સરકારે જાહેરાતો ઉપર ૩૪૯.૦૯ કરોડ રૂપિયા ખર્ચ્યાં હતા. આ પછી, વર્ષ ૨૦૨૧-૨૨માં કેન્દ્ર સરકાર દ્વારા જાહેરાતો ઉપર ૨૬૪.૭૮ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા. કેન્દ્રીય મંત્રીએ વધુમાં જણાવ્યું કે ચાલુ નાણાકીય વર્ષમાં ૯ ડિસેમ્બર સુધી કેન્દ્ર સરકારે જાહેરાતો ઉપર ૧૫૪.૦૭ કરોડ રૂપિયા ખર્ચ્યાં છે.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની
આર્યુવેદીક પદ્ધતિથી
સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો..
સંક્રમણથી બચો

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને
સંક્રમણને અટકાવવા તેમજ
રોગપ્રતિકારક શકિત વધારવા માટે
ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને
સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ચીનને પાઠ ભણાવવા આર્થિક સર્જીકલ સ્ટ્રાઈકની ભારત દ્વારા તૈયારી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૧૬

ચીન તેની વિસ્તારવાદી નીતિઓથી બચી રહ્યું નથી. ડ્રેગનને તેના લગભગ તમામ પડોશી દેશો સાથે સરહદ વિવાદ છે. હાલમાં જ અરુણાચલ પ્રદેશના તવાંગ સેક્ટરમાંચીની સૈનિકોએ ભારતીય સીમામાં ઘૂસવાનો પ્રયાસ કર્યોહતો. જોકે, ભારતીય જવાનોએ તેમને ભગાડ્યા હતા. કેન્દ્ર સરકારે હવે ચીન સામે મોટા આર્થિક નિર્ણયો લેવાનું મન બનાવી લીધું છે. તેની અસર વર્ષ ૨૦૨૩-૨૪ માટે સંસદમાં રજૂ થનારા બજેટ ઉપર પણ જોવા મળી શકે છે. આ બજેટમાં ચીનથી ભારતની આયાત નિર્ભરતા ઘટાડવાના પગલાંની જાહેરાત કરવામાં આવી શકે છે. 'આત્મનિર્ભર ભારત'ના અભિયાનને આગળ વધારતા મોદી સરકાર આકરા નિર્ણયો લઈ શકેછે. આ બાબતથી વાકેફ બે અધિકારીઓએ આ માહિતી આપી છે.

કેન્દ્ર સરકારના આ નિર્ણયથી ભારતમાં સીધા આયાત થતા ચીનમાં ઉત્પાદિત સામાનના પ્રવેશ ઉપર પ્રતિબંધ લાગી શકે છે. ચીન માટે આ સર્જિકલ સ્ટ્રાઈકથી ઓછું નહીં હોય, કારણ કે ભારત ચીનના સામાન માટે મોટું બજાર છે. જો કે, ભારત તેના પડોશી દેશોમાંથી કાચો માલ આયાત કરવાનું ચાલુ રાખશે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, ચીનમાં ફિનિશ્ડ ઉત્પાદનોના પ્રવાહને ચકાસવાનો એક માર્ગ કસ્ટમડ્યુટીની પુનઃ તપાસ કરવાનો છે. ઘણી વસ્તુઓ ઉપર કસ્ટમ્સ ડ્યુટી પુનઃગઠિત થવાની અપેક્ષા છે. તેમાં વધારો કરવાનું વિચારી શકાય. તેમણે એમ પણ કહ્યું કે સરકાર આ બજેટમાં તેના 'મેક ઈન ઈન્ડીયા' અભિયાનને પણ પ્રોત્સાહિત કરી શકે છે. ભારતીય કંપનીઓ અને સરકારી વિભાગોએ અત્યાર સુધીમાં ૧૦૦ થી વધુ ચીની ઉત્પાદનો ઉપર પ્રતિબંધ મૂકયો છે.

રાજૌરીમાં સૈન્યનાં ગોળીબારમાં બે નાગરીકોનાં મોત થતાં ભારે તંગદીલી

જમ્મુ, તા.૧૬

જમ્મુ ડિવિઝનના રાજોરી જિલ્લામાં બે સ્થાનિક નાગરિકોના મોત થયા છે.

આર્મી કેમ્પની નજીક શંકાસ્પદ ગતિવિધિજોતા સૈનિકોએ ગોળીબાર કર્યોહતો જેમાં બે લોકોના મોત થયા હતા જ્યારે એકને ઈજા થઈ હતી. કહેવામાં આવી રહ્યું છે કે બંને સ્થાનિક નાગરિક છે. જેના કારણે વિસ્તારમાં તંગદિલીનો માહોલ સર્જાયો છે. લોકોએ હાઈવે બ્લોક કરીને સેનાનો વિરોધ શરૂ કર્યો છે.

પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું છે કે આજે સવારે આર્મી સંત્રીએ કથિત રીતે ગોળીબાર કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે પીડિતો જેઓ સેનામાં કુલી તરીકે કામ કરતા હતા. સવારે લગભગ ૬.૧૫ વાગ્યે, તે આર્મી કેમ્પના આલ્ફા ગેટ પાસે આવી રહ્યા હતા, તે દરમ્યાન તેની ઉપર ગોળીબાર કરવામાં આવ્યો હતો.

મૃતકની ઓળખ શાલિન્દર કુમાર અને કમલ કિશોર નામે થઈ છે બંને રાજૌરીના રહેવાસી હતા, જ્યારે અન્ય એક વ્યક્તિ ઘાયલ થયો હતો, અધિકારીઓએ જણાવ્યું હતું. ફાયરિંગનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આ વિસ્તારમાં સ્થિતિ તંગ છે અને રોષે ભરાયેલા લોકોએ આર્મી કેમ્પ ઉપર પથ્થરમારો કર્યો હતો, ત્યારબાદ હાઈવે બ્લોક કરી દીધોહતો. પ્રદર્શનકારીઓ મૃતકોના પરિવાર માટે ૧૦ લાખ રૂપિયા વળતર, સંબંધીઓને નોકરી, બાળકો માટે મફત શિક્ષણ અને આ મામલે એફઆઈઆર નોંધવાની માંગ કરી રહ્યા છે.

ભારતે અગ્ની-૫ મિસાઈલનું સફળ નાઈટ ટ્રાયલ કર્યુ : ચીન ઉપર ગમે ત્યારે ત્રાટકી શકે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હીતા. ૧૬

ચીન સાથેની સરહદ ઉપર સતત વધતા જતી તંગદીલી વચ્ચે ભારતે ગઈકાલે બ્રહ્માસ્ત્ર-સમાન અણુશસ્ત્રો વહન કરી શકતા અગ્નિ-૫ આંતરખંડિય મિસાઈલનું સફળ પરીક્ષણ કરીને એક મહત્વપૂર્ણ લશ્કરીસિદ્ધિ મેળવી છે.

ખાસ કરીને આ મિસાઈલ-સીસ્ટમની નાઈટ-ટ્રાયલ પ્રથમ વખત કરવામાં આવી છે અને તે સફળ રહી છે. એટમી-પાવર ધરાવતા આ મિસાઈલ ૫૦૦૦ કી.મી. દૂરના તેના લક્ષ્યાંકને પાર પાડયું હતું તેનાથી હવે ચીન સહિત અડધી દુનિયા ભારતના આ મિસાઈલની રેન્જમાં આવી ગયું હતું. અગ્નિ-શ્રેણીના મિસાઈલમાં અગ્નિ-૫ એ બ્રહ્માસ્ત્ર જેવું છે જેમાં હવે નવી ટેકનોલોજી અને ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને ડિફેન્સ સૂત્રોએ જણાવ્યું કે આ ટેકનોલોજી વિકસાવી ભારતે એ નિશ્ચિત કર્યુ છે કે જરૂર પડે અગ્નિ-૫ ની પ્રહાર ક્ષમતામાં પણ વધારો કરી શકશે.

આ પ્રકારની ટેકનોલોજી વિશ્વના બહું જુજ દેશો પાસે જ છે તેની ઝડપ અવાજ કરતા ૨૪ ગણી વધુ છે.

આ મિસાઈલ સીસ્ટમ એક જ ઉડાનમાં ૧.૫ ટન સુધીના અણુશસ્ત્ર વહન કરી શકે છે અને આ મિસાઈલ આસાનીથી એક સ્થળેથી બીજા સ્થળે ફેરવી શકાય છે અને તે રેલવે પ્લેટફોર્મ ઉપરથી પણ છોડી શકાય છે તથા દરેક મૌસમમાં તે ઉડાન કરી શકે છે. તેની ઉંચાઈ ૧૭.૫ મીટર છે અને વજન ૫૦ ટનનું છે અને તેનું ૯મી વખત પરિક્ષણ થયું છે.

દેશમાં આજે પણ નાગરીક સ્વાતંત્રતા અને વાણી સ્વાતંત્રતા ઉપર સવાલો ઉઠી રહયા છે : અમિતાભનાં નિવેદનથી વિવાદ

કોલકત્તા તા.૧૬

બોલિવૂડ ફિલ્મ પઠાણને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે સુપરસ્ટાર અમિતાભ બચ્ચનના એક નિવેદનને લઈને ભારે વિવાદ ઊભો થયો છે. કોલકાતા ફિલ્મ ફેસ્ટિવલમાં ગુરુવારે (૧૫ ડિસેમ્બર) આપેલા તેમના નિવેદન ઉપર વિવાદ શરૂ થયો છે. અમિતાભે કહ્યું હતું કે દેશને આઝાદી મળ્યાને ઘણાં વર્ષો થઈ ગયાં છે, પરંતુ આજે પણ નાગરિકની સ્વતંત્રતા અને વાણી સ્વાતંત્ર્ય ઉપર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. કાર્યક્રમમાં હાજર પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ અમિતાભની વાતને સમર્થન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે અમિતાભે એવી વાત કહી, જે કોઈ કહી શકે નહીં. અહીં ભાજપના આઈટી સેલના વડા અમિત માલવિયાએ કહ્યું હતું કે અમિતાભના શબ્દો બંગાળ સિવાય અન્ય કોઈ જગ્યા માટે વધુ સચોટ હોઈ શકે નહીં, કારણ કે તેમણે એવી જગ્યાએ સ્વતંત્રતાની વાત કરી છે, જ્યાં ચૂંટણી પછી સૌથી વધુ લોહિયાળ હિંસા થઈ હતી.

અમિતાભે કહ્યું હતું કે અમે દર્શકોને હળવાશથી ન લઈ શકીએ. દર્શકો પાસે દરેક પ્રકારના કન્ટેન્ટ હોય છે. તેઓ એને ક્યાં જોવા માગે છે એ તેમની ઈચ્છા હોય છે. અમિતાભે આ વાત ત્યારે કરી જ્યારે શાહરુખ ખાનની ફિલ્મ પઠાનને લઈને વિવાદ ચાલી રહ્યો છે.

બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જી પણ કાર્યક્રમમાં પહોંચ્યાં હતાં. મમતાએ અમિતાભ બચ્ચનને ભારત રત્ન આપવાની માંગ કરી છે.

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● **પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ**

હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન **IRCA,HAL LASER** મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : **હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર**
લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

યુપીમાં ૧૯૯૧માં બનેલા બનાવટી એન્કાઉન્ટર કેસમાં હાઈકોર્ટે ૪૩ પોલીસ અધિકારીઓને આજીવન કેદ ફટકારી

પીલીભીત તા. ૧૬ : ઉત્તર પ્રદેશના પીલીભીતમાં ૩૧ વર્ષ જૂના બનાવટી એન્કાઉન્ટર કેસમાં હાઈકોર્ટે ૪૩ પોલીસકર્મીઓને દોષિત ઠેરવ્યા છે. નકલી એન્કાઉન્ટરમાં સામેલ ૪૩ પોલીસકર્મીઓને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે.

હાઈકોર્ટની લખનૌ બેંચમાં જસ્ટીસ રમેશ સિન્હા અને જસ્ટિસ સરોજ યાદવની ડબલ બેન્ચે પીલીભીત એન્કાઉન્ટર કેસમાં પોલીસકર્મીઓને આ સજા સંભળાવી છે. હકીકતમાં, ૧૨ જુલાઈ, ૧૯૯૧ ના રોજ પીલીભીતના કાચલા ઘાટ નજીક, પોલીસે ૧૧ શીખ યુવાનોને યાત્રાળુઓને લઈ જતી બસમાંથી ઉતાર્યા બાદ ૧૦ લોકો સાથે એન્કાઉન્ટર કર્યું હતું, જયારે શાહજહાંપુરના તલવિંદર સિંહ આજ સુધી ગુમ છે. બસમાંથી ઉતર્યા બાદ પીલીભીતના પુરનપુર ન્યુરિયા અને બિલસંદા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૦ શીખ યાત્રીઓને ખાલિસ્તાન લિબરેશન ફ્રન્ટના આતંકવાદીઓ કહીને ઠાર માર્યા હતા. ૧૫ મે, ૧૯૯૨ના રોજ સુપ્રીમ કોર્ટના આદેશ ઉપર આ કેસની સીબીઆઈ તપાસ શરૂ થઈ હતી. સીબીઆઈની ચાર્જશીટ બાદ તમામ ૫૭ પોલીસકર્મીઓને સજા સંભળાવવામાં આવી હતી. આરોપી પોલીસકર્મીઓને આ સજા એપ્રિલ ૨૦૧૬માં આપવામાં આવી હતી. નીચલી કોર્ટમાંથી સજા મળ્યા બાદ આરોપીએ હાઈકોર્ટની લખનૌ બેંચમાં અપીલ કરી હતી. સુનાવણી પછી, હાઈકોર્ટની લખનૌ બેન્ચે ૪૩ જીવિત પોલીસકર્મીઓને એન્કાઉન્ટર માટે દોષિત ગણાવીને આજીવન કેદની સજા પણ સંભળાવી છે.

છેલ્લા બે વર્ષમાં પેટ્રોલનાં ભાવમાં ૧૮ ટકા અને ડીઝલનાં ભાવમાં ૨૬ ટકાનો વધારો ઝીંકાયો

નવી દિલ્હીઃ આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડતેલના ભાવમાં સતત ઘટાડા છતા પણ દેશમાં પેટ્રોલ-ડિઝલના ભાવ સતત ઉંચા રહ્યાતેના પર સરકારના જવાબથી અસંતુષ્ટ થઈને વિપક્ષોએ લોકસભામાંથી વોકઆઉટ કર્યો હતો. ગઈ કાલે પ્રશ્નકાળ સમયે કાનૂનના પેટ્રોલિયમ મંત્રી હરદીપસિંહ પુરીએ પેટ્રોલ-ડિઝલના ઉંચા ભાવ અંગે સરકારની નીતિઓનો બચાવ કરતા જણાવ્યું કે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય બાસ્કેટના બ્રેન્ટ-ક્રુડતેલના ભાવ નવેમ્બર ૨૦૨૦થી નવે ૨૦૨૨ વચ્ચે સતત ઉંચા રહ્યા છે તેની સામે પેટ્રોલના ભાવમાં આ બે વર્ષના સમયગાળામાં ૧૮.૫ ટકા નો અને ડિઝલના ભાવમાં ૨૬.૫ ટકાનો જ વધારો થયો છે. તેની સામે સરકારે ઉપભોકતાઓને રાહત આપવા માટે સરકારે બે વખત ૨૧ નવે. ૨૦૨૧ અને ૨૧ મે ૨૦૨૨માં પેટ્રોલ-ડિઝલ પરની એકસાઈઝ ડયુટી ઘટાડી છે. જો કે વિપક્ષોએ આ મુદે સરકારના હાલના ક્રુડતેલ ભાવ ઘટાડા પર પ્રતિભાવ માંગ્યો હતો તે ન મળતા સભાત્યાગ કર્યો હતો.



ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છની જનતાએ
અમારા ઉપર મુકેલા વિશ્વાસની જયોત
પ્રગટાવવા બદલ જાહેર આભાર

૪૭ માં વર્ષમાં મંગલ પ્રવેશ

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

47 th YEAR

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં
૪૭ માં
વર્ષમાં મંગલ પ્રવેશ પ્રસંગે
ગુજરાત તથા સૌરાષ્ટ્ર-કચ્છની જનતાએ અમારામાં અખૂટ
મુકેલા વિશ્વાસ સાથે મન મુકીને સહકાર
આપવા બદલ સૌરાષ્ટ્ર ભૂમિ પરિવાર
જનતા જનાર્દનનો જાહેર આભાર માને છે....

સમય કે સાથ......!
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
(જૂનાગઢ આવૃતિ)

સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ
: ફોન :
(૦૨૮૫) ૨૬૧૦૦૦
મો. ૯૮૨૫૦ ૭૬૪૬૪, ૯૮૯૮૦ ૬૩૦૬૪

૧૬ ડિસેમ્બર ૧૯૭૧નો દિવસ પૂર્વ પાકિસ્તાનની આઝાદી અને બાંગ્લાદેશના નવા રાષ્ટ્ર તરીકે નિર્માણનો દિવસ



આજથી લગભગ ૫૧ વર્ષ પહેલા પશ્ચિમી પાકિસ્તાન (હાલનું પાકિસ્તા)ના અત્યાચારોથી મુક્તિ મેળવવા માટે ૨૬ માર્ચ ૧૯૭૧ના રોજ પૂર્વ પાકિસ્તાન (હાલનું બાંગ્લાદેશ)એ અધિકૃત રીતે પોતાના આઝાદ થવાની જાહેરાત કરી હતી. તે સમયે બાંગ્લાદેશને એ વાતનો અંદાજો નહતો કે આ જાહેરાતથી પાકિસ્તાન કેવું ધૂંધવાઈ ઉઠશે. પાકિસ્તાન જો કે આઝાદી બાદથી જ બાંગ્લાદેશ ઉપર દબાણ અને તાનાશાહી કરતું આવ્યું હતું અને આ જાહેરાત બાદ તેણે તાનાશાહીને વધુ વધારી દીધી. પાડોશી દેશ સાથે થઈરહેલા આ અત્યાચારોને રોકવા માટે તત્કાલિનપ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધીએ બાંગ્લાદેશના સ્વતંત્ર પ્રોગ્રામમાં પૂર્ણ સમર્થન આપવાનું વચન આપ્યું. ભારતે પોતાની સેનાઓને આદેશ આપ્યો કે તેઓ પાકિસ્તાનની સેનાઓને બાંગ્લાદેશમાંથી ખદેડી મૂકે. ત્યારબાદ ૧૯૭૧માં એક મોટું યુદ્ધ લડાયું અને આ યુદ્ધમાં પાકિસ્તાન પર ભારતીય સશસ્ત્ર દળોની જીત થઈ.

૧૬ ડિસેમ્બર ૧૯૭૧નો દિવસ પૂર્વ પાકિસ્તાનની આઝાદી અને બાંગ્લાદેશના નવા રાષ્ટ્ર તરીકે નિર્માણનો દિવસ ગણાય છે. આ યુદ્ધમાં લગભગ ૮૦૦૦ પાકિસ્તાની સૈનિકોના મોત થયા હતા. ત્યારબાદ ભારતીય સેનાઓ આગળ ઘૂંટણિયે પડતા ૧૯૭૧માં પાકિસ્તાની સેના પ્રમુખજનરલ નિયાઝીએપોતાના ૯૩૦૦૦ સૈનિકો સાથે આત્મસમર્પણ કર્યું હતું. આ યુદ્ધ માં લગભગ ૨૯૦૮ ભારતીય સૈનિકો પોતાના શૌર્યનો પરિચય આપતા વીરગતિને પ્રાપ્ત થયા હતા. આ ભારતીય વીર જવાનોની શહાદતને શ્રદ્ધાંજલિ આપવા માટે ૧૬ ડિસેમ્બરનો દિવસ વિજય દિવસ તરીકે ઉજવાય છે.

બાંગ્લાદેશમાં પણ આ દિવસને **'Bijoy Dibosh'** અથવા તો બાંગ્લાદેશ મુક્તિ દિવસ તરીકે ઉજવાય છે. જે પાકિસ્તાનસાથે લડીનેજીતાયેલી બાંગ્લાદેશનીઅધિકૃત સ્વતંત્રતાનું પ્રતિક પણ છે.

સેનાની વર્દીમાં બેઠેલા શીખ ઓફિસરની નજર ટેબલ ઉપર રાખેલાદસ્તાવેજ પર છે, બાજુમાં બેઠેલા સૈન્ય અધિકારી તે દસ્તાવેજ પર કલમ ચલાવતા જોવા મળે છે. પાછળ ઊભેલા કેટલાક વર્દીધારીઓ કૂતુહલ ભરેલી નજરથી બધુ જોઈ રહ્યા છે. માહોલ જેટલો શાંત દેખાય છે એટલો છે નહીં. આ તસવીર એક ઐતિહાસિક તસ્વીર છે. જે ૧૯૭૧માં પાકિસ્તાન ઘૂંટણિયે પડ્યું તેનો પુરાવો છે. શીખ ઓફિસર ભારતીય સેનાના જનરલ ઓફિસર કમાન્ડિંગઈન ચીફ (પૂર્વ કમાન) લેફટેનન્ટ જનરલ જગજીત સિંહ અરોડા છે. અનેબાજુમાં પાકિસ્તાની સેનાના પૂર્વ કમાનના ક્માન્ડર લેફટેનન્ટ જનરલ એએકે નિયાઝી છે. ૧૬ ડિસેમ્બર ૧૯૭૧ના દિવસે જ પાકિસ્તાની સેનાએ ભારત આગળ ઘૂંટણિયા ટેક્યા હતા. ભારતે પાકિસ્તાનના બે ફાડિયા કર્યા હતા અને બાંગ્લાદેશ એક નવા દેશ તરીકે દુનિયાના નક્શા પર આવી ગયો. પાકિસ્તાન માટે આ માત્ર એક હાર ન હતી પરંતુ ભારતે તેનું ઘમંડ પણ ચૂરચૂર કર્યું હતું. કાશ્મીર મેળવવાના સપના જોતું પાકિસ્તાન પોતાની ભૂગોળમાં ઘટી ગયું હતું. જ્યારે પણ બાંગ્લાદેશના મુક્તિ સંગ્રામ સંલગ્ન કોઈ અવસર આવે છે ત્યારે ભારત આ તસ્વીર દ્વારા પાકિસ્તાનની દુખતી નસ દબાવે છે.

નવી દિલ્હીમાં આવેલા ભારતીય સેના પ્રમુખના કાર્યાલયમાંપણ આ ઐતિહાસિક તસવીરે ટાંગેલી છે. આ વર્ષે સાઉદીના આર્મી ચીફ અને તત્કાલીન ભારતીય સેના પ્રમુખ જનરલ નવવણેની મુલાકાત થઈ હતી ત્યારે પાછળ આ તસવીર પાછળ જોવા મળી હતી જે પાકિસ્તાનમાં ખુબ વાયરલ થઈ ગઈ હતી. જે રૂમમાં બંને અધિકારીઓ મળ્યા હતા તેની પાછળ જ આ તસવીર જોવા મળી રહી હતી. પાકિસ્તાનીઓ ભડક્યા પણ હતા.

શું થયું હતું તે રાતે?

૧૩ દિવસ ચાલેલું ભીષણ યુદ્ધ છેલ્લા ૨૪ કલાકમાં તેના અંતિમ પડાવપર પહોંચવાનુંહતું. ૧૪-૧૫ ડિસેમ્બર ૧૯૭૧ની રાતે પાકિસ્તાની સૈનિક ઢાકામાં યુનિવર્સિટી બિલ્ડિંગમાં હતા. બીજી બાજુ ભારતીય વાયુસેનાએ મોરચો સંભાળેલો હતો. ૧૫ ડિસેમ્બરની સવારે છ્હ્ન ની સ્કવોડ્રનેએક સાથે અનેક મિશન શરૂ કર્યા. ઢાકા યુનિવર્સિટી શહેરની વચ્ચોવચ હતી અનેતેની આજુબાજુ ઊંચી ઈમારતો હતા. **IAF** પાઈલટોએ ઊંચી ઈમારતોની વચ્ચે જંગી જહાજો ઉડાવ્યો ત્યારે પાકિસ્તાની સૈનિકો થરથર કાંપવા લાગ્યા હતા. ભારતીય જેટ એટલા નીચે ઉડી રહ્યા હતા કે બિલ્ડિંગના ઉપરના માળેથી બધુ દેખાતુ હતું. લોકો બારીઓમાંથી ભારતીય પ્લેન જોતા હતા.

પાકિસ્તાની સેનાને સંભાળવાની તક ન મળી અને તેના ઠેકાણાઓ ઉપર રોકેટનો મારો શરૂ થઈ ગયો. એવું કહેવાય છે કે ૧૨૦૦થી વધુ રોકેટ ઢાકા યુનિવર્સિટી બિલ્ડિંગમાં ફાયર કરાયા હતા. યુનિવર્સિટીમાં છૂપાયેલા પાકિસ્તાની સૈનિકો અંતરથી હલી ગયા. ૧૫ તારીખની સાંજ થતા તો પાકિસ્તાની સેનાના ઉચ્ચ અધિકારીઓએ યુનિવર્સિટી છોડી દીધી. તે સમયે તેઓ શહેરના સૌથી પ્રમુખ ઈન્ટરકોન્ટિનેન્ટલ હોટલમાં શિફટ થઈ ગયા. ભારત સરકારે તેને સુરક્ષિત જાહેર કરી. કારણ કે ત્યાં ત્રીજા દેશના નાગરિકો રોકાયેલા હતા. પાકિસ્તાની સૈન્ય ઓફિસરોને લાગ્યું કે હવે અહીં હુમલો નહીં થાય અનેઆનાથી સુરક્ષિત જગ્યા બીજી કોઈ નથી. ઢાકાને ભારતીય સેનાએ ઘેરી લીધુ હતું. ભારતીય નેવીના એકશનની ખબર પણ ઢાકા પહોંચી ગઈ હતી.

પાકિસ્તાની સૈનિકો જીવ બચાવીનેભાગવાની કોશિશ કરી રહ્યા હતા. બર્મા ભાગવાની ફિરાકમાંહતા. ઘટનાક્રમ ઝડપથી બદલાઈ રહ્યો હતો. પૂર્વ પાકિસ્તાનમાંપાકિસ્તાની સેનાના કમાન્ડર લેફટેનન્ટ જનરલ એએકે નિયાઝીએ અમેરિકી કોન્સ્યુલ જનરલનો સંપર્ક કર્યો. તેમણે કહ્યું કે તેઓ સીઝફાયર એટલે કેસંઘર્ષ વિરામમાટે રાજી છે અને સત્તા હસ્તાંતરણ કરવા માંગે છે. તેઓ ઈચ્છતા હતા કે પાકિસ્તાની સૈનિકો, તેમના સમર્થકોને સરન્ડર કરાવવાની જગ્યાએ બહાર જવા દેવામાં આવે.

પાકિસ્તાની કમાન્ડરની ઓફર અમેરિકા થઈને ભારત પહોંચી. નવી દિલ્હીમાં અમેરિકી દૂતાવાસ એક્ટિવ થઈ ગયું. ભારત સરકારે સશર્ત સીઝફાયરનીઓફર ફગાવીઅને સ્પષ્ટ કહ્યું કેપાકિસ્તાની સેનાએ પૂર્વ પાકિસ્તાનમાં બિનશરતી સરન્ડર કરવું પડશે. આ એક બોલ્ડ અને સમજી વિચારીને લેવાયેલો નિર્ણય હતો. જ્યારે સંયુક્ત રાષ્ટ્રમાંભારત ઉપર જંગ રોકવા માટે સતત દબાણ વધી રહ્યું હતું.

ભારતીય સેનાના પ્રમુખ જનરલ સેમ માણેક શોએ લેફટેનન્ટ જનરલ નિયાઝીને સંબોધિત કરતા રેડિયો મેસેજ મોકલાવ્યો. તેમણે સ્પષ્ટ કર્યું કે પાકિસ્તાની સૈનિકોના સરન્ડર બાદ જ આ જંગ અટકશે. તેમના બ્રોડકાસ્ટમાં ચેતવણી અપાઈ કે તેટલાક સીનિયર પાકિસ્તાની અધિકારીઓના ભાગવાના પ્લાન વિશે પૂરી જાણકારી છે. અહીં ભારતીય ગુપ્તચર એજન્સીની ભૂમિકા પણ સમજવા જેવી છે. ભારતને ખબર પડી ગઈ હતી કે પાકિસ્તાની ઓફિસર કયા જહાજ કે એરક્રાફ્ટથી ભાગવાના છે. જનરલ માણેક શો એ તેમના નામ પણ લીધા. જોકે તેમણે વચન આપ્યું કે જો પાકિસ્તાન આર્મી સરન્ડર કરશે તો તેઓ તમામ વર્દીધારી પાકિસ્તાનીઓ સાથે જીનેવા કન્વેન્શન હેઠળ વ્યવહાર કરાશે. બીમાર લોકોની સારવાર કરાશે અને મૃતકોને દફનાવવામાં આવશે. તે સમયે પાકિસ્તાની સેના મૃતક જવાનોને ત્યાં જ છોડીને આગળ વધી રહી હતી.

ત્યારબાદ જે રીતે ફિલ્મમાં થાય છે તેવું જ કઈક જોવા મળ્યું. એક લાઈનનો સંદેશ જનરલ નિયાઝી સુધી ભારતીય સેનાએ પહોંચાડ્યો. હિન્દીમાં તેનો અર્થ હતો કે ડિયર અમે અહીં આવી ગયા છીએ. તમારો ખેલ ખતમ થઈ ગયો છે. અમારી સલાહ છે કે તમે હથિયાર મૂકી દો. અમે તમને છોડી દઈશું. ત્યારબાદ પાકિસ્તાની સેનાએ કરન્ડર કરી દીધુ અનેઆ ઈતિહાસઆજેપણ પાકિસ્તાનનેઆંખમાં કણાની જેમ ખટકે છે.

ભુપેન્દ્ર પટેલના હસ્તે કાંકરિયા કાર્નિવલનું ઉદ્ઘાટન

બે વર્ષ બાદ અમદાવાદમાં ભવ્ય કાંકરિયા કાર્નિવલ યોજાશે

૨૫ થી ૩૧ ડિસેમ્બર સુધી કાંકરિયા કાર્નિવલનું આયોજન થશે

અમદાવાદ,તા.૧૬

દર વર્ષની જેમ આ વર્ષે પણ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કાંકરીયા કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું છે. કોરોના મહામારીના ૨ વર્ષબાદ અમદાવાદમાં કાંકરિયા કાર્નિવલ અને ફલોવર શોનું આયોજન થશે. ૨૫થી ૩૧ ડિસેમ્બર સુધી કાંકરિયા કાર્નિવલનું આયોજન થશે.

વર્ષ ૨૦૦૮થી અમદાવાદદમાં કાંકરિયા કાર્નિવલનું આયોજન કરવામાં આવે છે, પરંતુ કોરોના મહામારી દરમિયાન બે વર્ષ કાર્નિવલ બંધ રાખવામાં આવ્યો હતો. દર વખતની જેમ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ વર્ષે પણ ૨૫ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના વરદ હસ્તે કાંકરિયા કાર્નિવલનું ઉદ્ઘાટન કરવામાં આવશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સાપ્તાહિક કારોબારી સમિતિની બેઠક મળી હતી. જેમાં આગામી કાંકરિયા કાર્નિવલ અને ફલાવર શો મામલે મહત્વનો નિર્ણય લેવાયો છે. કોરોના કાળના ૨ વર્ષ બાદ શહેરીજનોના ખાસ બન્ને કાર્યક્ર્મ અત્યંત ધામધૂમથી ઉજવાશે. જ્યારે ફલાવર શો આગામી ૩૧ ડિસેમ્બરથી શરૂ કરવાનું આયોજન છે. ઉદ્ઘાટન માટે મુખ્યમંત્રીનો સમય મેળવવાનો તંત્રનો પ્રયાસ ચાલી રહ્યો છે.

દર વર્ષે **AMC** કાંકરિયા કાર્નિવલ અને ફલોવર શો અલગ અલગ થીમ પર કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે ફલાવર શો **G20** સમિટ, આઝાદી અમૃત કાળ, આયુર્વેદિક, સ્પોર્ટ્સ સહિતની થીમ પર યોજાશે. જેમાં ૨૦૦ થી વધુ પ્રજાતિના ૫ લાખથી વધુ દેશી વિદેશી ફૂલ છોડ જોવા મળશે. ભીડ નિયંત્રણ માટે પ્રવેશ ફી લેવાશે. એટલું જ નહીં, ફલાવર શો દરમ્યાન રૂ.૩૦ પ્રવેશ ફી નક્કી કરાઈ છે. પરંતુ ૧૨ વર્ષ સુધીના બાળકોને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે.

મહત્વનું છે કે, સરદાર બ્રિજથી એલિસબ્રિજ વચ્ચેના ઈવેન્ટ સેન્ટર-ફલાવર ગાર્ડનમાં ફલાવર શો યોજાશે. આ વખતે પણ ૨૦થી વધુ સેલ્ફી પોઈન્ટ, વિવિધ પશુ પંખી અને વિષયના આકર્ષક ફલાવર સ્કલ્પ્ચર આકર્ષણના કેન્દ્ર રહેશે. ફલાવર શો દરમ્યાન બપોરે ૨ વાગ્યાથી અટલ બ્રિજ સંપૂર્ણ બંધ રહેશે. ભીડને નિયંત્રિત કરવાના હેતુથી અટલ બ્રિજ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૮ થી શરૂ થયેલો કાંકરીયા કાર્નિવલ શહેરની ઓળખ બની ગયો છે. હંમેશની જેમ વિવિધ રંગારંગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. કાંકરિયા કાર્નિવલના મુખ્ય આકર્ષણોમાં જાણીતા કલાકારોના સંગીત કાર્યક્રમ, લોક નૃત્યો, ડોગ શો, હોર્સ શો, રોક બેન્ડ, હાસ્ય દરબાર, લેસર શો, પપેટ શો અને આતશબાજીનો સમાવેશ થાય છે.

જંતુનાશક દવાના ટેસ્ટિંગ બનશે આસાન

ગાંધીનગર અને જૂનાગઢ બાદ હવે વડોદરામાં પણ લેબનું નિર્માણ

વડોદરા અને મધ્ય ગુજરાતની કંપનીના સેમ્પલ હવે વડોદરામાં ચેક થશે તેવી આ સુવિધા ઊભી થવા જઈ રહી છે

વડોદરા,તા.૧૬

ખેતીમાં વપરાતા પેસ્ટીસાઈઝ અને જંતુ નાશક દવાના ટેસ્ટિંગ હવે વડોદરામાં થશે રાજયના કૃષિ વિભાગે વડોદરા લેબનું નિર્માણ કર્યું છે હવે ભેળસેળવાળી પેસ્ટિસાઈઝ વેચનારની ખેર નથી

સામાન્ય રીતે ખેડૂતો ખેતી માં મોંઘા બિયારણ ખાતરનો ઉપયોગ કરે છે પરંતુ તે અસલી છે કે નકલી તેનો ખ્યાલ આવતો નથી જોકે જંતુ નાશક દવા અને પેસ્ટીસાઈઝની લેબોરેટરી વડોદરામાં આકાર પામી રહી છે રાજયના કૃષિ વિભાગે ગાંધીનગર અને જૂનાગઢ બાદ હવે વડોદરામાં આ લેબનું નિર્માણ કર્યું છે. વડોદરાના જ્યોતિ ગાર્ડન પાસે ૩ કરોડના ખર્ચે આ લેબ બનવાની છે લેબોરેટરી માટેનું બિલ્ડિંગ માર્ગ મકાન વિભાગ બનાવી દીધુ છે હવે માત્ર લેબના સાધનો અને કેન્દ્ર સરકારની મંજુરી ની પ્રોશેસ કરવા ની બાકી છે. વડોદરા ખાતે બની રહેલા લેબોરેટરીના મકાનને બનતા ત્રણ વર્ષ નો સમય લાગ્યો છે રાજયના એગ્રિકલચર વિભાગના ઈન્સ્પેકટરો દ્વારા લેવામાં આવેલા કંપનીઓના અને ડીલરોના સેમ્પલ અહીં ટેસ્ટ કરવામાં આવશે અત્યાર સુધી સેમ્પલ ગાંધીનગર કે જૂનાગઢ મોકલવામાં આવતા હતા હવે આ સુવિધા વડોદરા માં ઉભી થશે. ગયા વર્ષે ૧૮૬ સેમ્પલ લેવામાં આવ્યા હતા તેમાંથી ૨સેમ્પલ ફેલ થયા હતા જોકે જંતુનાશક દવા કે પેસ્ટિસાઈઝના સેમ્પલ ફેલ થયા તો કંપની અને કંપની માલિક વિરૂદ્ધમાં ગુનો દાખલ કરવામાં આવે છે ત્યારે વડોદરા અને મધ્ય ગુજરાતની કંપનીના સેમ્પલ હવે વડોદરામાં ચેક થશે તેવી આ સુવિધા ઊભી થવા જઈ રહી છે.

રાજયના ખેડૂતોને જંતુનાશક દાવાઓ અને પેસ્ટીસાઈઝ દવાઓ કંપનીઓ અનેક રીતે છેતરપિંડી કરતી હોય છે ત્યારે હવે આવી કંપની ઓની ખેર નથી આ લેબોરેટરી ખેડૂતો પણ પોતે ખરીદેલી પ્રોડકટનું ટેસ્ટિંગ કરવી સકે તેવી પણ સુવિધા ઊભી થવાની છે.

સંરક્ષણદળમાં જોડાવવા માટે લેખિત પરીક્ષાના નિઃશુલ્ક બિન-નિવાસી તાલીમવર્ગ યોજાશે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૬

નવયુવાનોનું સંરક્ષણદળમાં પ્રતિનિધિત્વ વધે તે હેતુથી આર્મીભરતી રેલી - ૨૦૨૨ અંતર્ગત મેડીકલ પાસ થયેલ ઉમેદવારો માટે પરીક્ષાલક્ષી બિન-નિવાસી તાલીમની યોજના અમલમાંછે. જે અન્વયેરાજકોટ જિલ્લાના મેડીકલ પાસ આઉટ ઉમેદવારો માટે તા. ૨૪ ડિસેમ્બર, ૨૦૨૨થી બિન - નિવાસી નિઃશુલ્ક તાલીમ વર્ગ શરૂ થનાર છે. આ તાલીમ વર્ગમાં જોડાવા માટે ઈચ્છુક ઉમેદવારોએ મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી, રાજકોટ ખાતે રૂબરૂ અથવા ટપાલ દ્વારા ૧૦ દિવસમાં અરજી તેમજ એડમીટકાર્ડની નકલ જોડી મદદનીશ નિયામક (રોજગાર) કચેરી, ૧/૩ બહુમાળી ભવન, રાજકોટ ખાતે જમા કરાવવાનું રહેશે, તેમ મદદનીશ નિયામકની યાદીમાં જણાવાયુંછે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મુશળધાર વરસાદના પગલે શિયાળુ પાકનું ધૂમ વાવેતર

ચણા, જીરૂ સાથે શાકભાજી અને ઘાસચારાનું પણ વાવેતર થયું

(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧૬

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આ વર્ષે મહદ અંશે માફકસર અનેપૂરતો વરસાદ હોવાથી પાક-પાણીનું ચિત્ર ઉજળું બની રહ્યું છે. જિલ્લાના તમામ ચાર તાલુકાઓમાં મોટાભાગે સચરાચર વરસાદ હોવાના કારણે હાલ શિયાળાની મોસમમાં જમીનના તળ ઊંચા રહ્યા છે. હાલમાં શિયાળાની મોસમમાં શિયાળુ પાકનું વાવેતર વિપુલ પ્રમાણમાં જોવા મળી રહ્યું છે. ઘઉંનું વાવેતર ભાણવડ પંથકમાં ૪૮૩૯ હેક્ટરમાં, કલ્યાણપુર તાલુકામાં ૧૮૨૫ હેક્ટરમાં, ખંભાળિયામાં ૫૪૯ હેક્ટરમાં તથા દ્વારકામાં આશરે ૪૦૦ હેક્ટરમાં થયું છે. આ ઉપરાંત રાયડાના પાકનું વાવેતર કલ્યાણપુર તાલુકામાં ૫૦૭૦ હેક્ટરમાં કરાયું છે. અન્ય તાલુકામાં રાયડાના પાકના વાવેતરને પ્રાધાન્ય આપવામાં આવ્યું નથી. જિલ્લાના અનેક વિસ્તારોમાં આ વખતે શિયાળુ પાકમાં ખેડૂતોએ જીરૂના પાકનું વાવેતર વધુ પસંદ કર્યું છે. જેમાં સૌથી વધુ કલ્યાણપુર તાલુકામાં ૨૦૫૩૦ હેક્ટર જમીનમાં જ્યારે ખંભાળિયામાં ૧૬૭૫૫ હેક્ટર જમીનમાં, ભાણવડમાં ૫૬૨૮ અને દ્વારકા તાલુકામાં ૧૩૯૫ હેક્ટરમાં જીરૂ વાવવામાં આવ્યું છે. આ સાથે ધાણાનું પણ વ્યાપક વાવેતર થયું છે. ભાણવડ તાલુકામાં ૧૪૦૪૫ હેક્ટરમાં, ખંભાળિયામાં૯૭૫૦ હેક્ટરમાં, કલ્યાણપુરમાં૫૮૬૪ હેક્ટરમાં અને દ્વારકા તાલુકામાં ૩૫૫ હેક્ટરમાં આ વાવેતર થયું છે. ખંભાળિયા તાલુકાના અનેક ખેડૂતોએ આશરે ૧૩૬ સેક્ટરમાં બટાકાના પાકનું વાવેતર કર્યુંછે. આ સાથે ખેડૂતોએ ૮૯૦૯ હેક્ટરમાં ઘાસચારો પણ વાવ્યો છે. જેમાં દ્વારકા પંથકમાં સૌથી વધુ ૪૨૮૦ હેક્ટર છે. જ્યારે કલ્યાણપુરમાં ૧૯૩૯ હેક્ટર ખંભાળિયામાં ૧૩૧૮ હેક્ટર અને ભાણવડમાં ૧૩૪૨ હેક્ટરમાં ઘાસચારાનું વાવેતર છે. ગત ચોમાસા કરતા સમગ્ર જિલ્લામાં આ વખતે વ્યાપક વરસાદ વરસ્યો છે. જેથી આ વર્ષે ૧,૫૭,૦૦૦થી વધુ હેક્ટરમાં શિયાળુપાકનું વાવેતર થયુંછે. જે કુલ ખેડવાણ જમીનના ૬૩.૭૫ ટકા વિસ્તારમાં શિયાળુ પાક લેવામાં આવ્યો છે. ચોમાસુપાકમાં ખાસ કરીને મગફળી, કપાસ તથા જીરૂના નોંધપાત્ર ભાવ ખેડૂતોને મળતા ધરતીપુત્રોમાં આનંદની લાગણી જોવા મળીછે.

ખંભાળિયાની દ્વારકાધીશ હવેલી ખાતે આવતીકાલે ગુસાઈજીનો પ્રાગટય ઉત્સવ

(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧૬

ખંભાળિયાની ન્યુ રામના સોસાયટી ખાતે આવેલી દ્વારકાધીશ હવેલી ખાતે શનિવાર તારીખ ૧૭ મીના રોજ શ્રી ગુસાઈજીના પ્રાગટય ઉત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે શનિવારે બપોરે ૧૨:૩૦ વાગ્યે તિલકના દર્શન થશે. આ ઉપરાંત સાંજે ૫ થી ૮ વાગ્યા સુધી જલેબીનો બડો ભોગ દર્શન થશે. જેનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને હવેલીના મુખ્યાજી દ્વારા અપીલ કરવામાં આવી છે.

ખંભાળિયા પંથકની સગીરાના અપહરણ સબબ ફરિયાદ

(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧૬

ખંભાળિયા તાલુકાના દખણાદા બારા ગામે રહેતા એક પરિવારની ૧૬ વર્ષ ૯ માસની વયની સગીર પુત્રીને આ જ ગામનો રાજેન્દ્રસિંહ ચનુભા જાડેજા નામનો આશરે ૩૦ વર્ષનો શખ્સ લલચાવી-ફોસલાવીને બદકામ કરવાના ઈરાદાથી અપહરણ કરીને લઈ ગયો હોવાની ફરિયાદ સગીરાના માતાએ સલાયા મરીન પોલીસ મથકમાં નોંધાવી છે. આ બનાવ અંગે પોલીસે આઈપીસી કલમ ૩૬૩, ૩૬૬ તથા પોક્સો એક્ટની કલમ મુજબ ગુનો નોંધી, સલાયાના પી.આઈ. અક્ષય પટેલ દ્વારા આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

ખંભાળિયાનાં લોહાણા વિદ્યાર્થી ભવનના પૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાશે

(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧૬

ખંભાળિયાની એક સદી જૂની સેવા સંસ્થા લોહાણા વિદ્યાર્થી ભવન (લોહાણા બોર્ડિંગ)ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો ચતુર્થ સ્નેહમિલન સમારોહ આગામી તારીખ ૨૪તથા ૨૫ડિસેમ્બરના રોજ યોજવામાં આવ્યો છે. અહીંની રઘુવંશી શિક્ષણ સંસ્થા લોહાણા બોર્ડિંગના છેલ્લા વર્ષો - દાયકાઓમાં અભ્યાસ કરીને અનેક પૂર્વ વિદ્યાર્થીઓએ સિદ્ધિના શિખરો સર કર્યા છે. ત્યારે આ આદરપાત્ર સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સ્નેહ સંભારણા પૂર્નઃ તાજા કરવા માટે આગામી ૨૪ તથા ૨૫ ડિસેમ્બરના રોજ બે દિવસ અહીં અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. લોહાણા વિદ્યાર્થી ભવનના આ ભૂતપૂર્વ વિદ્યાર્થી ચતુર્થ સ્નેહમિલન સમારોહ પ્રસંગે તારીખ ૨૪મીના રોજ રામનાથ મહાદેવ મંદિર સુધી પદયાત્રા, પરિચય, સમુહચર્ચા તેમજ રાત્રે સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે રવિવાર તારીખ ૨૫ ના રોજ સમુહ પ્રાર્થના, વ્યાયામ, સંસ્મરણોની આપ-લે, ગ્રુપસંવાદ બાદ વિદાય સમારોહ યોજવામાં આવશે. આ આયોજનમાં સહભાગી થવા ઈચ્છતા બહારગામના વિદ્યાર્થીઓ માટે અહીં રહેવાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ કાર્યક્રમ અંગે વધુ માહિતી માટે જામનગરના કમલેશભાઈ દાવડા(મો. ૯૪૨૭૫ ૭૨૬૩૧), કનૈયાલાલ દતાણી(મો. ૮૪૦૧૧ ૬૬૬૬૬), કલ્પેશ પાબારી(મો. ૯૪૨૭૯ ૪૩૩૩૧) તથા ખંભાળિયાના ઉપેન્દ્રભાઈ સામાણી(મો. ૯૦૧૬૨ ૬૩૪૯૬) ઉપર સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયુંછે.



ભણતા હોય તેવા બાળકોને મીસ હોમવર્ક આપે અને પરણેલાઓને મીસીસ હોમવર્ક આપે તે કરવું જ પડે !



હું શાળામાં બાળકોને જે હોમવર્ક આપું છું તેનાથી વધારે તો તું મને હોમવર્ક આપી મને પનીશમેન્ટ આપતી હો તેવું લાગે છે !

યુવક-યુવતીઓ માટે જૂનાગઢ ખાતે તા.૧ જાન્યુઆરીએ યોજાશે ૩૭મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા

અખિલ ગુજરાત ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં રાજયભરમાંથી ૧,૪૫૭ સ્પર્ધકો ભાગ લેશે : ૧૫મી અખિલ ભારત ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા તા.૫ ફેબ્રુઆરીના યોજાશે : સ્પર્ધાના સુચારૂ આયોજન અંગે બેઠક યોજાઈ

જૂનાગઢ,તા.૧૬ રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર દ્વારા જૂનાગઢમાં ૩૭મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા આગામી તા.૧ જાન્યુઆરી-૨૦૨૩ અને ૧૫મી અખિલ ભારત ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા તા.૫ફેબ્રુઆરી-૨૦૨૩ના રોજ યોજાશે.

દર વર્ષે રાજયના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર દ્વારા જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્રના ઉપક્રમે જૂનાગઢ ખાતે ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજવામાં આવે છે. ૩૭મી અખિલ ગુજરાત ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં રાજયભરમાંથી કુલ ૧,૪૫૭ સ્પર્ધકોનું તા.૧૨ ડિસેમ્બર અંતિમ તારિખ સુધીમાં રજિસ્ટ્રેશનથયુંછે જેમાં સિનિયર ભાઈઓ ૫૪૪, જુનિયર ભાઈઓ ૪૮૯, સિનિયર બહેનો ૨૩૩, જુનિયર બહેનો ૧૯૧ સહિત સ્પર્ધકો આ સ્પર્ધામાં ભાગ લેશે. વધુમાં આગામી દિવસોમાં ફોર્મ ચકાસણી અંતે સ્પર્ધકોની ફાઈનલ યાદી બહાર પાડવામાં આવશે.

રાજ્યના સાહસિક યુવક-યુવતીઓ માટે ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાનું આયોજન જૂનાગઢ ગિરનાર ખાતે થશે. આ સ્પર્ધાના સુચારૂ આયોજન અંગે જૂનાગઢ કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે અધિક કલેક્ટર એલ.બી.બાંભણીયાની અધ્યક્ષતામાં આરોહણ-અવરોહણ સ્પર્ધાના સુચારૂ આયોજન અને સંચાલન અંગે બેઠક યોજાઈ હતી. બેઠકમાં સ્પર્ધાની તારીખ, વિભાગો, સ્પર્ધાઅંતર અને સમય સહિતની ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત સ્પર્ધા માટે અધિકારીઓના અધ્યક્ષસ્થાને ઉદ્ઘાટન-ઈનામ વિતરણ સમિતિ, પ્રચાર-પ્રસાર અને સંપર્ક સમિતિ, પરિણામ સમિતિ, નિવાસ અને કાર્યલય સમિતિ, મેડિકલ અને ભોજન સમિતિની રચના કરવામાંઆવી હતી. આ બેઠકમાં જૂનાગઢ પ્રાંત અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી, જિલ્લા પુરવઠા અધિકારી, જૂનાગઢ રેન્જ ઓફિસ ફોરેસ્ટ ઓફિસર, રમત-ગમત અધિકારી, પર્વતારોહણ તાલીમ કેન્દ્રના ઈન્સ્ટ્રકટર ઈન્ચાર્જ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકનું સંચાલન જિલ્લા યુવા વિકાસ અધિકારી એન.ડી.વાળાએ કર્યુ હતું.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી દ્વારા સ્ટેમ ક્વિઝ સ્પર્ધા યોજાશે

જૂનાગઢ,તા.૧૬ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજરાત સરકાર દ્વારા વિદ્યાર્થીઓમાં વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરીંગ અને ગણિત (એસટીઈએમ) ક્ષેત્રે જ્ઞાનમાં અભિવૃદ્ધિ થાય તેવા આશયથી સમગ્ર ગુજરાત રાજયમાં ધો.૯ થી ધો.૧૨માં અભ્યાસ કરતા હોય તેવા તમામ વિદ્યાર્થીઓ માટે સ્ટેમ ક્વિઝ સ્પર્ધા ૨૦૨૨નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા તાલુકા, જિલ્લા અને રાજય કક્ષાએ ઓનલાઈન અને ઓફલાઈન માધ્યમથી સાયન્સ સીટી અમદાવાદ ખાતે યોજવામાં આવશે. આ સ્પર્ધા ગુજરાતી અનેઅંગ્રેજી માધ્યમમાં હશે. આ ક્વિઝમાં કોઈપણ બોર્ડના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે છે. રજિસ્ટ્રેશન વિનામૂલ્યે થશે. આ ક્વિઝમાં હાલના વિકાસ અને વલણો પર આધારિત પ્રશ્નો હશે. આ સ્પર્ધામાં બાર્ક, ડીઆરડીઓ અને ઈસરો જેવી સંસ્થાની મુલાકાત સાથે બે કરોડ જેવી માતબર રકમના ઈનામની સાથે ભાગ લેનારને ઈ-સર્ટિફિકેટ પણ આપવામાં આવશે.

આ સ્પર્ધામાં સામેલ થવા માટે રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. વિદ્યાર્થીઓ દ્વારા પોતાના મોબાઈલથી રજિસ્ટ્રેશન **https://stemquiz. gujarat. gov.in/Student Registration/ Student Registration** થઈ શકશે. રજિસ્ટ્રેશનની અંતિમ તા.૩૧ ડિસેમ્બર,૨૦૨૨ છે. જૂનાગઢ જિલ્લાના તમામ પ્રતિભાશાળી, રસ ધરાવતા વિદ્યાર્થીઓ વધુને વધુ ભાગ લે તેવા હેતુથી જિલ્લા શિક્ષણાધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ કચેરી, જૂનાગઢ તથા શ્રી બ્રહ્માનંદજી લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ જહેમત ઉઠાવી રહ્યા છે. આ સ્પર્ધા વિષે વધુ જાણકારી માટે લોક વિજ્ઞાન કેન્દ્રનો સંપર્ક કરવા, લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

નરસિંહ મહેતા સરોવરની બ્યુટીફીકેશનની ચાલતી કામગીરીની જાત માહિતી મેળવતા પદાધિકારીઓ

જૂનાગઢ, તા.૧૬ જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલા નરસિંહ મહેતા સરોવરના બ્યુટીફીકેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે ત્યારે મહાનગર-પાલિકાના પદાધિકારીઓએ સ્થળ ઉપરની મુલાકાત લીધી હતી અને જરૂરી સુચનો કર્યા હતા. જૂનાગઢના મેયર ગીતાબેન પરમાર, મોહનભાઈ પરમાર તેમજ પદાધિકારીઓની ટીમ દ્વારા હાલ ચાલી રહેલ ડેવલોપમેન્ટ પ્રોગ્રેસની જાત મુલાકાત લઈ સમીક્ષા કરી હતી. જૂનાગઢ મહાનગરની જનતાને આપેલ વચન અનુસાર આ તળાવનું નવીનીકરણ અને વિકાસએ આપણા નગરનું મુખ્ય સ્વપ્ર છે જે પ્રગતિમાં છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલ જે ડી-વોટરિંગ બાબતે પ્રશ્ન છે એ અન્વયે હાલ તળાવમાંથી એકમિટર જળસ્તર ઉતારવામાં આવેલ છે. તળાવને ક્યારેય પણ પાણી વગરનું રાખવાનું કોઈ પ્રયોજન નથી હાલ માત્ર તળાવના પાણી ભરેલા એક ભાગમાંથી પાણી ઉલેચીને બીજા ભાગમાં એકત્ર કરવામાં આવી રહેલ છે જેથી કોઈપણ લોકોએ ગેરમાર્ગે દોરાવાની જરૂરત નથી તેમ એક યાદીમાં જણાવેલ છે.

બરડા ડુંગર ઉપર ટ્રેકિંગ માટે ટ્રેનિંગ સેન્ટર ખોલવા રજૂઆત

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૬ ખંભાળિયાના ધારાસભ્ય મુળુભાઈ બેરાને કેબિનેટમાં પ્રવાસન વિભાગની જવાબદારી સોંપવામાં આવતા આ વિસ્તારના વિકાસ અંગે તેમને રજૂઆતો કરવામાં આવી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ નજીક આવેલા બરડા ડુંગર વિસ્તારમાં પર્વતારોહણ માટેના બેઝિક કોર્સ શરૂ થઈ શકે તેવા સાનુકૂળ પરિબળો વચ્ચે આ અંગેનું આયોજન કરવા પણ માંગ કરવામાં આવી છે. આબુ તથા ગિરનારમાં આવી ટ્રેનિંગ આપવામાં આવે છે. ત્યારે ભાણવડ નજીક આવેલા આભાપરા, મોડપર, ઘુમલી તથા કિલેશ્વર સહિતના વિસ્તારો તથા ઊંચું શિખર ધરાવતા આભાપરા સુધી પહોંચવામાં ટ્રેકિંગ જેવી સાનુકૂળ પરિસ્થિતિ હોય, અહીંના ખૂબ જ સુંદર પ્રાકૃતિક વાતાવરણ તથા પહાડ અને ટેકરીઓ વચ્ચે કુદરતી વાતાવરણ અને ઝરણા જંગલ સાથેનું જંગલ આવેલું છે. આથી અહીં પર્વતારોહણનો બેઝિક કોર્સ શરૂ કરવામાં આવે તો ઘુમલી અને બરડો ડુંગર પ્રવાસન સ્થળ તરીકે ખૂબ જ વિકસે તેવી પરિસ્થિતિ છે. આ સાથે યુવાનોમાં સાહસિકવૃતિ ખીલે તેમ છે. જેથી ટ્રેકિંગ માટે ટ્રેનિંગ સેન્ટર ખોલવા માંગ કરવામાં આવી છે.

ભાવનગર : સમર્થન મહિલા સંગઠન દ્વારા સાધારણ સભા યોજાઈ

ભાવનગર, તા.૧૬ ઉત્થાન સંસ્થા પ્રેરિત સમર્થન મહિલા સંગઠન ભાવનગરજીલ્લામાં વર્ષ ૨૦૦૩થી કાર્યરત છે. સમર્થન મહિલા સંગઠનનો મુખ્ય હેતુ છે કે, સમર્થન મહિલા સંગઠનને મૂલ્ય આધારિત એવું સંગઠન બનાવવું કે જે થકી મહિલાઓના સામાજિક, આર્થિક, તેમજ રાજકીય દરજ્જામાં બદલાવ આવે અને મહિલાઓ પોતાના હક્ક અને અધિકાર મેળવતા થાય. વધુમાં સમર્થન મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળી લીમીટેડની નોંધણી બાદ પ્રથમ સાધારણસભાનું આયોજન અકવાડા ખાતે સમર્થન મહિલા સંગઠન દ્વારા તારીખ ૧૪ ડીસેમ્બર ૨૦૨૨ના રોજ કરવામાં આવ્યું. એક વર્ષની અથાક મહેનતબાદ સમર્થન મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળીની નોંધણી અંતે તારીખ ૩ નવેમ્બર,૨૦૨૨ના રોજ થઈ. સમર્થન મહિલા સંગઠન જે મહિલાઓના હક આધારિત કાર્યરત છે તે હવે કે સમર્થન મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળીને એક મજબૂત આર્થિક વિકલ્પ તરીકે નારીવાદી દ્રષ્ટિકોણથી આગળ વધારશે. આ સામાન્ય સભામાં અંદાજે ૧૧૦ સભાસદો તથા ઉત્થાન ટીમના સભ્યોએ ઉત્સાહભેર ભાગ લીધો. સામાન્ય સભામાં કુલ ૧૧ ઠરાવો કરવામાં આવ્યા જેમાં, કારોબારી સભ્યોની નિમણૂંક, હિસાબોની રજૂઆત, સમર્થન મહિલા બચત અને ધિરાણ સહકારી મંડળી લી.ના પેટા નિયમો અંગે સહમતી તેમજ અન્ય મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી. સામાન્ય સભાના આ અવસર ઉપર વર્ષ ૨૦૦૩થી અત્યાર સુધી જોડાયેલી મહિલાઓએ મંડળીના રજીસ્ટ્રેશન બાબતે પોતાની લાગણી રજૂ કરી, જેમાં તેમણે અત્યાર સુધી પડેલી તકલીફો અને તેમણે જે સંઘર્ષ કર્યો તે વિશે રજૂઆત કરી. તેઓએ જણાવ્યું કે મડળીનું રજીસ્ટ્રેશન તેમનું ૧૯ વર્ષ જૂનું એક સપનું હતું જે વાસ્તવિક બન્યુંછે. ઉત્થાન સંસ્થા પ્રેરિત સમર્થન મહિલા સંગઠનમાં ૩૫૫૬ સભ્ય બહેનો જોડાયેલ છે. જેમાં ૯૫૦ સભાસદ બહેનો સામુહિક બચત ધિરાણ કરે છે. આ ઉપરાંત મહિલા ઉપર થતી હિંસાને રોકવા (ન્યાય સમિતિ) મહિલા જમીન માલિકી અંતર્ગત ધોધા મામલતદાર કચેરી માં સ્વભૂમિ કેન્દ્ર, પાણી. સ્વચ્છતા અને આરોગ્ય જેવામહત્વના મુદ્દાઓ ઉપર ગ્રામ્ય મહિલાસંગઠનનો સાથેસમર્થન મહિલા સંગઠન સતત કાર્યરત છે તેમ એક યાદીમાં જણાવેલ છે.

જીવનમાં સર્વોતમ મેળવવાની કળા એટલે

પ્રાચીન ભારતની ઋષિ સંસ્કૃતિ પ્રમાણેની જીવન પધ્ધતિ શીખવતી સિધ્ધ સમાધિ યોગ શિબીરનું રાજકોટમાં આયોજન

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૬ રાજકોટમાં ઋષિ સંસ્કૃતિ વિદ્યા કેન્દ્ર, બેંગ્લોર દ્વારા આયોજીત શારિરીક, માનસિક, આર્થિક , આધ્યાત્મિક અને સર્વાંગિક વિકાસ અંગે ''ઉમા સદન'', જે.કે. ચોક, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે તા. ૧૭/૧૨/૨૦૨૨ થી તા. ૨૫/૧૨/૨૦૨૨ સુધી સિધ્ધસમાધિ યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આપણી પ્રાચીન સંસ્કૃતિમાં પંચકોષ અને તેની શુધ્ધી કરવાની પ્રક્રિયાની વાત આવે છે જેના દ્વારા શારિરીક સ્વાસ્થય, માનસિક સંતુલન અને સમજણમાં વિધેયાત્મક પરિવત નઆવે છે અને વ્યકિત વિના કારણ આનંદમાં રહે છે. જે બાબત સિધ્ધ સમાધિ યોગ એટલે એસ.એસ.વાય. શિબિર દ્વારા અનુભવાય છે.

એસ.એસ.વાય. એ અત્યંત સરળ, શકિતશાળી, અસરકારક અને પરિણામલક્ષી યોગનો પ્રકાર છે. તેના દ્વારા જીવનની પૂર્ણતાનો અનુભવ થાય છે. તેમજ સહજ, સમૃધ્ધ અને આનંદમયજીવન પ્રાપ્ત થાય છે. વ્યકિતનો જીવન પ્રત્યેનો દષ્ટિકોણ તદ્દન બદલાઈ જાય છે. વ્યકિત રચનાત્મક અને કુદરતી જીવન જીવતી થાય છે. આ શિબિર દ્વારા શારીરિક તેમજ માનસિક ઘણાં પ્રકારના ફાયદાઓ થાય છે અને વ્યકિત સાહજીક જીવન જીવતો થાય છે. જીવન પ્રત્યેનો તેનો અભિગમ બદલાય જાય છે. વ્યકિતને કોઈપણ લેવલે ફાયદા થાય છે પછી તે વિદ્યાર્થી હોય કે સવી સમેન હોય કે ધંધાદારી વ્યકિત. ભલેને ગૃહિણી પણ હોય તેને જીવન જીવવાની નવી જ દિશા મળે છે.

આ પ્રકારની શિબિરો ગુજરાત ઉપરાંત ભારતના બીજા રાજયોમાં પણ યોજાય છે. સિધ્ધ સમાધિ યોગના મુળ ભારતીય સંસ્કૃતિના પાયામાં રહેલ બ્રહ્મોપદેશમ્ નામના સંસ્કારમાં રહેલ છે. આ સંસ્કાર વૈદિક કાળમાં ઘણોજ પ્રચલિત હતો જેના દ્વારા વ્યકિત પોતાનામાં રહેલ અમાપ શકિતઓનો અનુભવ માત્ર તાત્વીક રીતેજ નહિ પરંતુ અનુભવનાં સ્તરે પણ કરી શકતો. આ પૂવ કાલીન બ્રહ્મોપદેશમ્નો આધુનિક, પદ્ધતિસરની અને પ્રાયોગિક અભિગમ, પરમ પૂજય યોગબ્રહ્મ ગુરૂજી શ્રી ઋષિ પ્રભાકરજીની માનવ સમાજને અમુલ્ય ભેટ છે.

તેઓ બેંગ્લોર યુનિવર્સિટીના ગોલ્ડ મેડાલીસ્ટ મીકેનેકલ એન્જીનીયર, કેનેડાની વિખ્યાત વેસ્ટન ઓન્ટેરીયો યુનિવર્સિટીના કોમ્પ્યુટર નિષ્ણાંત, એરોનોટીકલ એન્જીનીયર અને મેનેજમેન્ટનાં (એમ.બી.એ.) સ્નાતક હતા. તેઓ ધ્યાન, સજાગતા અને શિક્ષણનાં દુનિયાના શ્રેષ્ઠ શિક્ષકોમાના એક છે. રોજબરોજનાં વ્યવહારિક જીવન દરમ્યાન આપણે કર્મોમાં એટલા બધા અટવાઈ પડીએ છીએ કે આંતરીક શાંતિનો અનુભવ કરી શકતાં નથી પરંતુ એસ.એસ.વાય.ની તાલીમ દ્વારા સંસારમાં કર્તા થકા અકર્તાની સ્થિતિમાં કેમ જીવી શકાય એ નૈષ્કર્મ્યની કળા શીખી શકાય છે. જીવનમાં કર્મ ચક્રને વિરામ આપી પોતાની ખરી જાતમાં પ્રસ્થાપિત થઈ શકાય છે. સામાન્ય રીતે બુધ્ધિનું કાર્ય વ્યકિત, વસ્તુ કે પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવાનું છે. સારૂ–ખરાબ, લાભદાયક – હાનિકારક, ગમતુ –અણગમતું, ઉપયોગી–બિનઉપયોગી વગેરે બુધ્ધિની ભેદભાવની પ્રક્રિયાને એસ.એસ.વાય. દ્વારા વિરામ મળે છે અને સ્થિતપ્રજ્ઞની સ્થિતિ પ્રાપ્ત થાય છે.

આપણી તકલીફો, આપણું ભવિષ્ય, ભાગ્ય આ બધું જ આપણા મનમાં છે. એસ.એસ.વાય. આપણને આ બધું મેળવવામાં મદદ કરી શકે છે અને આપણામાં રહેલ સુષુપ્ત શકિતઓને જગાડી અને જીવનની પરિપૂર્ણતાનો અનુભવ કરાવે છે. એસ.એસ.વાય. એ કોઈ ધાર્મિક પંથ નથી. તે વ્યકિતને સંપ્રદાય કે પંથની મર્યાદિત રેખાઓથી દૂર સર્વધર્મની ક્ષિતિજ સુધી લઈ જાય છે અને સર્વધર્મ સમભાવનો સંદેશો આપે છે.

આવતીકાલ તા.૧૭ ડિસેમ્બરથી પ્રારંભ, ૨૫ ડિસેમ્બર સુધી યોજાશે કાર્યક્રમ

એસ.એસ.વાય. કોર્સ કરી તેમાં દર્શાવેલ બાબતોની નિયમિત પ્રેકટીસ કરવાથી આપણા જીવનમાં આનંદ અને સાચા સુખની અનુભુતિ થાય છે. બી.પી., ડાયાબીટીસ, અસ્થમા, વા, માથાનો દુખાવો, એસીડીટી, કાયમી શરદી, વાસ, અનિંદ્રા, હૃદય રોગજેવા હઠીલા રોગો દૂર થાય છે. નાની મોટી મુશ્કેલીઓ તકમાં તબદીલ થાય છે. શરીર, મન અને બુધ્ધિ સ્વસ્થ રહી વ્યકિતત્વ વિકાસ પામે છે. આધ્યાત્મિક ક્ષેત્રે ઉન્નતિ થાય છે. વજનમાં જરૂરી વધ–ઘટ થાય છે. શારીરીક સ્કફુર્તિનો અનુભવ થઈ, કાર્ય કરવાનો સ્ટેમીના અસાધારણ રીતે વધેછે. ચા, કોફી, પાન, બીડી, તમાકુ, દારૂ, ડ્રગ્સ જેવા નાના મોટા વ્યસનોમાંથી મુકિત મળે છે. મન શાંત થાય છે અને એકાગ્રતા વધે છે. ચિંતા ટેન્શન વાળો સ્વભાવ સુધરે છે. ડીપ્રેશનમાંથી બહાર આવી શકે છે. માનવીય સંબંધોમાં અદ્ભુત પરિવત ન આવે છે. આસપાસની દુનિયા પ્રત્યેનો નકારાત્મક અભિગમ બદલાય જાય છે. અને ચેતનાના સ્તરે પરિવર્તન થવાથી બીજામાં રહેલા સારા ગુણો દેખાય છે. હંમેશા આનંદમય સ્થિતિમાં રહેવાયછે. જીવનના ગમે તે સ્તરે ફાયદા થાય છે. સિધ્ધ સમાધિ યોગમાં પંચકોષની શુદિધની પ્રક્રિયા કરાવવામાં આવે છે. જેમાં અન્નમય કોષ (ભૌતિક શરીર), પ્રાણમય કોષ (જીવંત શકિત પ્રાણ), મનોમય કોષ (મન), વિજ્ઞાનમય કોષ (બુધ્ધિ) અને આનંદમય કોષ (સ્વ) નો શુધ્ધીકરણ થાય છે. સમાધિ ધ્યાન આપણા શરીરની મન અને બુધ્ધીને વ્યવસ્થિત રીતે શુધ્ધ કરી વિકસીત કરે છે. શરીર અને મન એકબીજા સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. મન જયારે સતત વિચારોને કારણે સંતુલિત ન હોય ત્યારે તેની અસર શરીર ઉપર થાય છે. અને કેન્સરથી માંડી હૃદય રોગો જેવા અનેક પ્રકારના રોગો થઈ શકે છે. જેને સાયકોસોમેટીક ડીસીસ કહેવામાં આવે છે. આપણનેથતા રોગોમાંથી ૭૫% ઉપરના રોગો આ પ્રકારના હોય છે.

સિધ્ધ સમાધિ યોગમાં સમાધિ ધ્યાન શીખવવામાં આવે છે. જેમાં સવાર – બપોર અને સાંજ એમ ત્રણ વખત ૧૫ મિનિટ સુધી કોઈ એક અનુકુળ જગ્યાએ આંખ બંધ કરી એસ.એસ.વાય. ના શિક્ષકની સુચના મુજબ બેસવાનુંહોય છે. જેના પરિણામે માનસિક પ્રક્રિયાઓ આપોઆપ ઓછી થતી જાય છે. અને શરીર ૩ થી ૪ કલાકની ગાઢ ઉંઘ દ્વારા મળતા ઉંડા આરામનો અનુભવ કરે છે. એટલે કે વાસ્તવિક આરામ મેળવે છે. દરેક દર્દ માટે આરામ એ પાયાનો ઉપાય છે. અને સમાધિ મેડીટેશન દ્વારા મળતો આરામ ઉંઘથી મળતા આરામ કરતા ત્રણ ગણો વધારે છે. સમાધિ મેડીટેશન સર્વેને ફાયદાકારક અને ઉપયોગી છે. તે રોગ પ્રતિકારક અને રોગ નિરાકણ ગુણ ધરાવે છે. તેથી જ તે સ્વાસ્થ્ય સુધારક, સ્વાસ્થ્ય વધ કઅને પ્રાણદાયી જડીબુટી છે. અસ્થમાં, આથ રાઈટીસ, હાયપરટેન્શન, લો બ્લડપ્રેશર, પેરેલીસીસ વગેરે માટે સમાધિ યોગ અકસીર દવા સાબિત થાય છે. ઘણા દર્દીઓએ આ સમાધિ યોગ કર્યા પછી બાય પાસ સર્જરી કરાવવામાંથી મુકિત મળેલ છે. સમાધિ મેડીટેશન મનને એકાગ્ર અને શાંત બનાવે છે. બુધ્ધીને તીક્ષ્ણ બનાવે છે અને સમજણને ઉર્ધ્વગામી બનાવે છે.

સમાધિ યોગથી બુધ્ધિમતા અને સર્જનાત્મક શકિત વધે છે. માણસો શારિરીક કે માનસિક તણાવ વગર કામ કરી શકે છે. સિધ્ધ સમાધિ યોગ એ વેદાંતોનું પ્રાયોગિક રૂપાંતર છે. એટલે કે વેદોએ આપેલ જીવન ઉપયોગી પ્રેકટીકલ અભિગમ છે. જેમાં જીવનના રોજબરોજના પ્રશ્નોથી દૂર જવાને બદલે તેને સમજી તેને તકમાં પરીવર્તિત કરવાની શકિત આપે છે. આ શિબિરમાં ૧૫ વર્ષથી ઉપરના, ગમે તે ધર્મ પાળતા જ્ઞાતિ જાતિ કે વર્ણના સાવ અભણ કે ગમે તેટલું ભણેલા, ડોકટર, એન્જીનીયર, ઉદ્યોગપતિ, વકિલ, વેપારી, પ્રોફેસર, શિક્ષક, કોઈપણ નોકરીયાત, વ્યવસાય કરતી વ્યકિત, ગૃહિણી , વિદ્યાર્થી કે રમતવીર જોડાઈ દરેક સ્તરે લાભાન્વિત થઈ શકે છે. આ પ્રોગ્રામમાં જોડાવા માટે પ્રોગ્રામ અંગે વિગતવાર માહિતી આપતું નિઃશુલ્ક ઈન્ટ્રોડકશન ''ઉમા સદન'', જે. કે. ચોક, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે તા. ૧૭/૧૨/૨૦૨૨ સવારના ૮.૦૦ કલાકે તથા બીજું ઈન્ટ્રોડકશન સાંજે ૭:૦૦ કલાકે રાખેલ છે. આ શિબિરમાં ભાગ લેવા માટે ધર્મેશ તુવાર (મો. ૯૪૨૮૦૧૧૯૧૫)નો સંપર્ક કરવા ડો. બિનેશ પતાણીની યાદીમાં જણાવાયુ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

રૂપિયો બન્યો ડી જીટલ, ભ્રષ્ટાચાર ખત્મ કરવાના ભાગરૂપે સરકારનું સરાહનીય કાર્ય

પહેલી ડિસેમ્બરથી દેશમાં ડિજિટલ રૂપિયામાં પણ સત્તાવાર રીતે લેવડદેવડની શરૂઆત થઈ ગઈ. ડિજિટલ રૂપિયાનું રિટેલ ટ્રાયલ હાલમાં દેશનાં ચાર શહેરો - મુંબઈ, દિલ્હી, બેંગલુરૂ અને ભુવનેશ્વરમાં શરૂ થઈ રહ્યું છે. જોકે હજુ બહુપ્રતીક્ષિત ડિજિટલ રૂપિયાની શરૂઆત પ્રયોગના સ્તર ઉપર એક નિશ્ચિત સમૂહની અંદર થઈ રહી છે. જો આ પ્રયોગ સફળ રહ્યો, તો તેનો વિસ્તાર અમદાવાદ, ગંગટોક, ગુવાહાટી, હૈદરાબાદ, ઈન્દોર, કોચ્ચિ, લખનૌ, પટના અને શિમલા સુધી કરવામાં આવશે. વાસ્તવમાં, રૂપિયાનું આ બદલાતું સ્વરૂપ ગયા વર્ષે ઓગસ્ટથી જ વધારે ચર્ચામાં છે. સત્તાવાર રીતે અનેક પ્રકારના ડિજિટલ રૂપિયા બજારમાં ચાલી રહ્યા છે, જેની ગેરંટી ભારતીય રિઝર્વ બેંક નથી લેતી, પરંતુ આ ડિજિટલ રૂપિયા માટે રિઝર્વ બેંક જવાબદાર રહેશે. તેનાથી સુવિધા આ રહેશે કે લોકોને આવનાર દિવસોમાં કોઈપણ પ્રકારની ખરીદી માટે રોકડ કે ચેક કે ડ્રાફ્ટની જરૂર નહીં રહે. રૂપિયા કે મુદ્રાની દુનિયામાં થઈ રહેલા આ બદલાવ ઉપર લોકોની તીક્ષણ નજર છે અને તે એ જોવા માંગે છે કે તેનાથી તેની સુવિધા કેવી રીતે વધશે?

કેટલીક વાતો સ્પષ્ટ રૂપે સમજી લેવાની જરૂર છે. આપણે એ દોરમાં જઈ રહ્યા છીએ, જ્યાં રોકડ રાખવાની જરૂર ખતમ થઈ જશે. સરકારે ચલણી મુદ્રાનું છાપકામ ઓછામાં ઓછું અથવા નહિવત કરવું પડશે. જો એવું ભ્રષ્ટાચારને ખતમ કરવા માટે કરાઈ રહ્યું હોય તો તે પ્રશંસનીય છે. જોકે તેમાં કેટલી સફળતા મળશે તે તો સમય જ બતાવશે. કારણ કે આજે પણ ઓનલાઈન લેવડદેવડથી ભ્રષ્ટાચાર કેટલો ઓછો થયો છે તે સંશોધનનો વિષય છે. રિઝર્વ બેંકનું માનવું છે કે આજે પણ બજારમાં કેટલીયવાર નકલી નોટ આવી જાય છે, પરંતુ ડિજિટલ રૂપિયાની નકલ નહીં થઈ શકે. નોટ ખોવાઈ જવા, પલળી-ફાટી જવા વગેરેનો ડર નહીં રહે. સરકાર પણ એ સચોટ રીતે જાણી શકશે કે કેટલા રૂપિયા કોની પાસે છે. જોકે લેણ-દેણમાં સુવિધા અને પારદર્શિતા નક્કી કરવા તરફ આ લાંબો રસ્તો છે. તેમાં ડિજિટલ સાક્ષરતા પણ એક અડચણ બનશે. બેશક, સરકારે આ દિશામાં કારગત પગલાં ઉઠાવવાં પડશે, એ જરૂરી છે કે તંત્રના સ્તર ઉપર થનારો ભ્રષ્ટાચાર તે વહેલી તકે રોકે. જો સરકારી અને કોર્પોરેટ લેણદેણ પણ સંપૂર્ણ રીતે ડિજિટલ થઈ જાય તો તે મોટી સફળતા રહેશે. આમ આદમી કે રિટેલ લેવડદેવડ ઉપર નજર રાખવાથી કંઈ ખાસ હાંસલ નહીં થાય. મોટી લેવડદેવડમાં ડિજિટલ રૂપિયાને ઉત્તેજન સૌથી જરૂરી છે.

હાલમાં જે બિનસત્તાવાર ડિજિટલ મુદ્રાઓ છે, તેમની પહોંચ કે વિસ્તાર સીમિત છે. સામાન્ય લોકો જ્યારે જાણશે કે ડિજિટલ રૂપિયા દ્વારા લેવડદેવડમાં વધુ સુવિધા અને ફાયદો છે, તો નિશ્ચિતપણે તેનો ઉપયોગ વધારશે. ધ્યાન રહે કે ભીમ, પેટીએમ, ગૂગલપે વગેરેનો ઉપયોગ સામાન્ય લોકો વચ્ચે ઝડપથી વધ્યો છે, પરંતુ અહીં મોટાભાગની લેવડદેવડ ખાતાથી ખાતામાં થાય છે. કાલથી જે પ્રયોગ શરૂ થયો છે, જો તેનો ઉપયોગ ઈ-વોલેટ દ્વારા જ થવાનો હોય તો શું તેના માટે અલગથી શુલ્ક લેવામાં આવશે? ક્યાંક એવું ન થાય કે ઈ-વોલેટનો વ્યવસાય બેંકોથી અલગ મજબૂતીથી ઊભો થાય અને આ સેવા માટે લોકોના ખિસ્સા પર તરાપ મારવામાં આવે. લોકો પોતાના ધનની સુરક્ષા ઈચ્છે છે અને તેના માટે આર્થિક સેવાઓમાં ચોકસાઈ વધવી જોઈએ. કોઈ વ્યક્તિ શાકભાજી બજારથી માંડીને શેરબજાર સુધી ડિજિટલ રૂપિયાથી લેવડદેવડ ત્યારે જ વધારશે, જ્યારે તેમાં વધારાનો લાભ દેખાશે. મુદ્રા કોઈપણ ચાલે, પરંતુ આમ આદમીનું હિત સૌથી ઉપર રહેવું જોઈએ.

આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

નમ્રતા બુધ્ધિમતાનું જ એક અંગ છે.

-સ્વામી રામતીર્થ

: આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.અમરદાદ-૧૩૯૨, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, માગસર વદ-૮ કાલાષ્ટમી, અષ્ટકા શ્રાધ્ધ, કમુહર્તા ધનારક (સવારે ૯:૫૯ ક.થી) તા.૧૬ ડિસેમ્બર ૨૦૨૨, શુક્રવાર, પારસી તા.૩, મુસ્લિમ તા.૨૧, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, પ્રીતિ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૭:૨૬, સૂ.અ.૬:૦૮
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), બપોરે ૨:૦૪ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : મોઢે આવેલો કોળીયો છીનવાઈ જાય. વ્યર્થ ક્રોધથી દૂર રહેવું હિતાવહ.
વૃષભ: સંપત્તિને લગતા કાર્યો સફળ થાય. આરોગ્ય અંગે સંભાળવું.
મિથુન: માનસિક ચિંતા અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
કર્ક : નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પ્રવાસમાં વિઘ્ન આવે.
સિંહ: પ્રવાસથી લાભ થાય. પરિશ્રમનું શુભ ફળ મળે.
કન્યા: કૌટુંબિક ચિંતા વિશેષ રહે. ગૃહવિવાદના ભોગ બનવું પડે.
તુલા : સમસ્યાનો ઉકેલ મળે. ઉન્નતિની આશા ફળદાયી નીવડે.
વૃશ્ચિક : ગુપ્ત ચિંતા સતાવે. મનમાં મૂંઝવણ રહે.
ધન : ધાર્યા કાર્યોમાં વિલંબ થાય. આર્થિક લેવડ-દેવડમાં સાવચેત રહેવું.
મકર : ખર્ચનો પ્રસંગ બને. પડવા-વાગવાથી સંભાળવું.
કુંભ : કોર્ટ-કચેરીના કાર્યોમાં સફળતા મળે. મનની મુરાદ બર આવે.
મીન : કૌટુંબિક ક્ષેત્રે પ્રતિકૂળતા રહે. હિતશત્રુઓથી સાવધ રહેવું.

RIL સાથે સંબંધિત એક કેસ સંદર્ભે સુપ્રીમનું આકરૂ વલણ

RIL સંબધિત કેસ ઝડપી ચલાવવા મુદ્દે કેન્દ્રને ફટકાર

કૃષ્ણા-ગોદાવરી બેસિનના ડીદ્ બ્લોકમાં ૪૦૦ મિલિયન ડોલરના કુદરતી ગેસની શોધ સાથે સંબંધિત વિવાદ પર સુપ્રીમની ટિપ્પણી

નવી દિલ્હી, તા.૧૬

સુપ્રીમ કોર્ટે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (આરઆઈએલ) સાથે સંબંધિત એક કેસની ઝડપી સુનાવણી માટેની અરજી પર કેન્દ્ર સરકારને ફટકાર લગાવી છે અને કહ્યું છે કે, આના કારણે 'આસમાન નહીં ગિર જાયેગા'. કૃષ્ણા-ગોદાવરી બેસિનના ડીદ્ બ્લોકમાં ૪૦૦ મિલિયન ડોલરના કુદરતી ગેસની શોધ સાથે સંબંધિત રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, બીપી એક્સ્પ્લોરેશન અને નિકો રિસોર્સિસ વચ્ચેના વિવાદમાં આંતરરાષ્ટ્રીય મધ્યસ્થજ્ઞ કાર્યવાહી શરૂ થવાની છે પરંતુ તે પહેલા કેન્દ્ર સરકારે આ મુદ્દાને સુપ્રીમ કોર્ટમાં ઘસીટ્યો છે.

આરઆઈએલવતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વેએ સીજેઆઈ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ પીએસ નરસિમ્હાની બેન્ચ સમક્ષ આરઆઈએલ અને બે વિદેશી કંપનીઓ દ્વારા દાખલ કરાયેલી અરજીનો ઉલ્લેખ કર્યો હતો જેમાં ડિસેમ્બર અને જાન્યુઆરીમાં થનારી આંતરરાષ્ટ્રીય મધ્યસ્થતાને રોકવા માટે સરકાર દ્વારા અંતિમ સમયમાં ઉઠાવવામાં આવેલા પગલા અને રણનીતિ પર સવાલ ઉઠાવ્યા છે.

સાલ્વેએ કહ્યું કે, યુકે અને ઓસ્ટ્રેલિયાના બે મધ્યસ્થો સાથે-સાથે વિદેશી કંપનીઓના નિષ્ણાતો ભારતમાં છે, પરંતુ સરકાર દ્વારા નામાંકિત મધ્યસ્થ પૂર્વ સીજેઆઈ વીએન ખરે તેમના માટે માયાવી સાબિત થઈ રહ્યા છે. જેના કારણે ૧૧ વર્ષ જૂના વિવાદના નિરાકરણ પર સવાલો ઉઠી રહ્યા છે.

બંગાળની ખાડીમાં સ્થિત કેજી-ડીદ્ બ્લોકના ધીરુભાઈ-૧ અને ૩ અન્ય ગેસ ક્ષેત્રોમાંથી કુદરતી ગેસનું ઉત્પાદન ૨૦૧૦માં એટલે કે, બીજા વર્ષથી જ કંપનીના અંદાજ કરતાં ઓછું થવા લાગ્યું હતું. ત્યારબાદ ફેબ્રુઆરી ૨૦૨૦માં પોતાના અંદાજિત સમયથી ઘણુ પહેલા જ ઉત્પાદન કરવાનું બંધ કરી દીધું.

સરકારે કંપની પર આ ઘટના માટે મંજૂર વિકાસ યોજનાનું પાલન ન કરવાનો આરોપ મૂક્યો અને ૩ બિલિયન ડોલરથી વધુના ખર્ચનો અસ્વીકાર કર્યો હતો. કંપનીએ આનો વિરોધ કર્યો હતો અને સરકારને મધ્યસ્થતામાં ઘસીટી હતી. સરકાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ એકે ગાંગુલીએ જણાવ્યું હતું કે દિલ્હી હાઈકોર્ટના સિંગલ બેંચના ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં બે મધ્યસ્થીઓ સામે પક્ષપાતના સરકારના આરોપને ફગાવી દેવાની અપીલ પેન્ડિંગ છે. અને જો મધ્યસ્થતા જાન્યુઆરી અથવા ફેબ્રુઆરી માટે ફરીથી શેડ્યૂલ કરવામાં આવે છે તો 'આકાશ તો નહીં ગિર જાયેગા' પરંતુ તેના સામાન્ય જનતા માટે ગંભીર પરિણામો આવશે.

આ અંગે સીજેઆઈ બેન્ચે કહ્યું કે, જો સરકાર આ રીતે આંતરરાષ્ટ્રીય મધ્યસ્થતાને વિફળ કરશે તો આફત આવી જશે. અમે કહી રહ્યા છીએ કે, ભારતમાં વિદેશી રોકાણને પ્રોત્સાહિત કરવા માટે વાણિજિયક વિવાદોના નિરાકરણને ઝડપી બનાવવા માટે અમને એક વૈકલ્પિક તંત્રના રૂપમાં મધ્યસ્થતાને પ્રોત્સાહિત કરવી જોઈએ પરંતુ આ શું છે? શું વિદેશી રોકાણકારોને વ્યાપાર હેતુ માટે ભારતમાં આવવા માટે પ્રોત્સાહિત કરવાનો આ યોગ્ય માર્ગ છે?

મદ્રાસ હાઈકોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો

બાળકોને આપેલી મિલકત માતા-પિતા પરત ન લઈ શકે

જો માતા-પિતાની જાળવણી, કલ્યાણ અધિનિયમ હેઠળ સ્થાનાંતરિત મિલકતમાં દાતાની સંભાળ લેવા શરત નથી

ચેન્નાઈ, તા.૧૬

મદ્રાસ હાઈકોર્ટે એક આદેશમાં કહ્યું કે, માતા-પિતા એકવાર આપવામાં આવેલી મિલકત પાછી લઈ શકે નહીં. જો માતા-પિતા અને વરિષ્ઠ નાગરિકોના જાળવણી અને કલ્યાણ અધિનિયમ હેઠળ સ્થાનાંતરિત મિલકતમાં દાતાની સંભાળ લેવાની શરત શામેલ નથી, તો મિલકત પાછી લઈ શકાતી નથી. જસ્ટિસ આર સુબ્રમણ્યમે કહ્યું કે, સેક્શન ૨૩ હેઠળ પ્રોપર્ટીના ટ્રાન્સફરને રદબાતલ જાહેર કરવા માટે બે આવશ્યક પૂર્વ શરતો છે. પ્રથમ શરત એ છે કે અધિનિયમ અમલમાં આવ્યા પછી ટ્રાન્સફર દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યો હોવો જોઈએ. બીજું, ટ્રાન્સફર કરનાર દ્વારા ટકાવી રાખવાની જવાબદારી નિશ્ચિત હોવી જોઈએ. ન્યાયાધીશે એસ સેલ્વરાજ સિમ્પસનની રિટ પિટિશનને ફગાવી દેતા કહ્યું કે જો શરત સંતોષવામાં ન આવે તો ટ્રિબ્યુનલ દસ્તાવેજોને રદબાતલ જાહેર કરવાનું વિચારી શકે નહીં.

ન્યાયાધીશે કહ્યું, અરજદાર તેના પુત્ર પાસેથી ભરણપોષણ મેળવવા માટે યોગ્ય કાર્યવાહી શરૂ કરી શકે છે. વ્યક્તિ સિવિલ કોર્ટ સમક્ષ પ્રોપર્ટી ટ્રાન્સફર ડોક્યુમેન્ટ રદ કરાવવાની પણ માંગ કરી શકે છે.

ન્યાયાધીશે કહ્યું, જો મેન્ટેનન્સ ટ્રિબ્યુનલ કાયદા હેઠળ જાળવણી કરવામાં નિષ્ફળતાના આરોપથી સંતુષ્ટ છે, તો આવા ટ્રાન્સફરને કપટપૂર્વક કરવામાં આવ્યું હોવાનું માનવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં ટ્રિબ્યુનલ તેને અમાન્ય પણ જાહેર કરી શકે છે.

ક્રૂડ પામ, રિફાઈન્ડ પામ ઓઈલની આયાતમાં વધારો

નવેમ્બરમાં દેશની ખાદ્યતેલની આયાત ૩૪ ટકા વધી ગઈ

વનસ્પતિ તેલની આયાત ૧૫.૪૫ લાખ ટન સુધી પહોંચી

નવી દિલ્હી, તા.૧૬

નવેમ્બરમાં દેશની ખાદ્યતેલની આયાત ૩૪ ટકા વધીને ૧૫.૨૯ લાખ ટન પર પહોંચી છે. સોલવેંટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિએશન એ ધ્યાન દોર્યું હતું કે ક્રૂડ પામ અને રિફાઈન્ડ પામ ઓઈલની આયાતમાં વધારો ઝડપી બન્યો છે. આ સમયગાળા દરમિયાન વનસ્પતિ તેલની આયાત ૩૨ ટકા વધીને ૧૫.૪૫ લાખ ટન સુધી પહોંચી છે. જોકે, બિન ખાદ્ય તેલની આયાત ૫૨ ટકા ઘટીને ૧૬,૭૮૦ ટન થઈ છે. ભારતે રેકોર્ડ ૯,૩૧,૧૮૦ ટન ક્રૂડ પામ ઓઈલની આયાત કરી હતી, જે એક વર્ષ અગાઉ ૪.૭૭ લાખ ટન હતી. ક્રૂડ સોયાબીન તેલની આયાત ઘટીને ૨.૨૯ લાખ ટન થઈ ગઈ છે. રિપોર્ટ અનુસાર, દેશની ખાદ્યતેલની આયાત ૨૦૨૧-૨૨માં વધીને ૧૪૦.૩ લાખ ટન થઈ છે જે એક વર્ષ અગાઉ ૧૩૧.૩ લાખ ટન હતી. મૂલ્યની દ્રષ્ટિએ, તે ૩૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ.૧.૫૭ લાખ કરોડ રહ્યો.

ચીને કોવિડના દૈનિક ડેટા પ્રકાસિત કરવાનું બંધ કર્યું

કોવિડના ડેટા શેર કરવા ચીનને ડબલ્યુએચઓ દ્વારા વિનંતી

આશા છે કે આવતા વર્ષે કોઈ સમયે અમે કહી શકીશું કે કોવિડ હવે વૈશ્વિક સ્વાસ્થ્ય કટોકટી નથીઃ ડબલ્યુએચઓ

નવી દિલ્હી, તા.૧૬

ચીને દૈનિક કોવિડ-૧૯ અહેવાલો ઘટાડ્યા છે, જયારે દૈનિક કેસ રેકોર્ડ ઊંચાઈએ પહોંચી ગયા છે. ખરેખર, શૂન્ય-કોવિડ નીતિ સામે દેશવ્યાપી વિરોધના દબાણ હેઠળ, ચીની સરકારે વાયરસ વિરોધી પગલાં હળવા કર્યા પછી પીસીઆર પરીક્ષણોમાં તીવ્ર ઘટાડો કર્યો. આ પછી, દેશે ચેપના કેસોની સંખ્યા પર દૈનિક ડેટા પ્રકાશિત કરવાનું બંધ કરી દીધું છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના વડા ટેડ્રોસ અદનોમ ઘેબ્રેયેસસે ચીનને વાયરસના મૂળને સમજવા માટે કોવિડ -૧૯ સંબંધિત વિનંતી કરેલ ડેટા શેર કરવા જણાવ્યું હતું. ડબલ્યુએચઓના વડાએ સંસ્થાની વેબસાઈટ પર એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમે ચીનને ડેટા શેર કરવા અને આ વાયરસની ઉત્પત્તિને વધુ સારી રીતે સમજવા માટે વિનંતી કરેલ અધ્યયનોનું સંચાલન કરવા માટે કહીએ છીએ. ચીનના વુહાનમાં ઉદભવ્યાના ત્રણ વર્ષ પછી કોવિડ એ શ્વસન સંબંધી રોગ તરીકે સૌપ્રથમ કેવી રીતે ઉભરી આવ્યો, જે માનવ-થી-માનવ ટ્રાન્સમિશન માટે સક્ષમ હતું તે હજી પણ સક્રિય ચર્ચાનો વિષય છે. નિષ્ણાતોએ વાયરસની ઉત્પત્તિ પર બે મુખ્ય સિદ્ધાંતો આગળ મૂક્યા છે. પ્રથમ સિદ્ધાંત એ છે કે, સાર્સ-કોવ--૨ કુદરતી જૂનોટિક સ્પિલઓવરનું પરિણામ છે. બીજો સિદ્ધાંત એ છે કે, સંશોધન સંબંધિત ઘટના પછી વાયરસે મનુષ્યોને ચેપ લગાવ્યો હતો. ડબલ્યુએચઓના વડાએ એક મીડિયા બ્રીફિંગમાં કહ્યું કે અમને આશા છે કે આવતા વર્ષે કોઈ સમયે અમે કહી શકીશું કે કોવિડ-૧૯ હવે વૈશ્વિક સ્વાસ્થ્ય કટોકટી નથી. ઓમિક્રોન વેરિઅન્ટનો ચેપ પણ એક વર્ષ પહેલા શરૂ થયો હતો. તે સમયે કોવિડ-૧૯ દર અઠવાડિયે ૫૦,૦૦૦ લોકોની હત્યા કરી રહ્યો હતો. ગયા અઠવાડિયે વૈશ્વિક સ્તરે ૧૦,૦૦૦ થી ઓછા લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો. અત્યારે ૧૦,૦૦૦ ઘણું વધારે છે.

રશિયામાંથી ભારતની ઓઈલની આયાત વધી

રશિયા ભારતનો સૌથી મોટો ઓઈલ સપ્લાયર દેશ બન્યો

નવી દિલ્હી, તા.૧૬

ઈરાકને પાછળ છોડીને રશિયા હવે ભારતનો સૌથી મોટો ઓઈલ સપ્લાયર દેશ બની ગયો છે. રશિયામાંથી ભારતની તેલની આયાત નવેમ્બરમાં સતત પાંચમા મહિને વધીને ૯,૦૮,૦૦૦ બૈરલ પ્રતિ દિવસ ડેટા દર્શાવે છે. જે ઓક્ટોબરની સરખામણીમાં ૪ ટકા વધુ છે. સાત દેશોના સમૂહ, ઓસ્ટ્રેલિયા અને યુરોપિયન યુનિયનના ૨૭ દેશોએ ૫ ડિસેમ્બરથી રશિયન દરિયાઈ તેલ પર ૬૦ ડોલર પ્રતિ બેરલની મર્યાદા લાદી છે. કારણ કે, પશ્ચિમી દેશો યુક્રેનમાં યુદ્ધ માટે ફાઈનાન્સ કરવાની રશિયાની ક્ષમતાને મર્યાદિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ગયા મહિને, ઈરાકમાંથી ભારતની તેલની આયાત સપ્ટેમ્બર, ૨૦૨૦ પછીની સૌથી નીચી સપાટીએ આવી ગઈ હતી. સાઉદી અરેબિયામાંથી આયાત ઘટીને ૧૪ મહિનાની નીચી સપાટીએ પહોંચી ગઈ છે. નવેમ્બરમાં ૪૦ લાખ બીપીડીની ભારતની કુલ તેલ આયાતમાં રશિયન તેલનો હિસ્સો લગભગ ૨૩% હતો. ડેટા દર્શાવે છે કે રશિયન તેલની વધુ ખરીદીને કારણે મધ્ય પૂર્વમાંથી ભારતની આયાત ઘટી છે. ઓર્ગેનાઈઝેશન ઓફ ધ પેટ્રોલિયમ એક્સપોર્ટિંગ કન્ટ્રીઝના સભ્ય દેશોમાં નવેમ્બરમાં સૌથી ઓછો ઘટાડો નોંધાયો હતો. આ નાણાકીય વર્ષના પ્રથમ આઠ મહિનામાં ઈરાક ભારતને સૌથી વધુ તેલ સપ્લાયર રહ્યું છે. તે પછી સાઉદી અરેબિયા અને રશિયાનો નંબર આવે છે. આ બંનેએ સંયુક્ત આરબ અમીરાતને ચોથા સ્થાને ધકેલી દીધું છે.



તને પ્રસન્ન રાખવાની ચિંતામાં જ મારા કાળા વાળ ધોળા થઈ ગયા છે !



મને તો એ જ નથી સમજાતું કે બરફ કાશ્મીરમાં પડે તો ટાઢ અહિં કેમ પડે છે ?

શાંતાબા હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન બાદ ૧૨ દર્દીઓને આંખોમાં દેખાતું બંધ થયું હતું

અમરેલીના અંધાપા કાંડમાં ભારે ઉહાપોહ બાદ આખરે તપાસ સમિતિની કરાઈ રચના

સાત સભ્યોની નિષ્ણાંત સમિતિ તપાસ બાદ સરકારને અહેવાલ સુપરત કરશે

અમરેલી, તા.૧૮

અમરેલીની શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલમાં મોતિયાના ઓપરેશન બાદ અંધાપો થવાના ચર્ચાસ્પદ બનાવના ઘેરા પ્રત્યાઘાતો ઊઠ્યા છે તો બીજી તરફ ગંભીર બેદરકારીના કારણે અંધાપા કાંડ સર્જાતા સરકાર દ્વારા ૭ સભ્યોની તપાસ સમિતિની રચના કરી તપાસ હાથ ધરવામાં આવી છે. સાત સભ્યોની સમિતિમાં આંખના બે નિષ્ણાંતો તેમજ પ્રાદેશિક નાયબ નિયામક રાજકોટ સહિત અન્ય તબીબી અધિકારીઓનો સમાવેશ કરાયો છે.

અમરેલી શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલીમાં આંખના મોતિયાના ઓપરેશન બાદ અંદાજે ૧૨થી વધુ દર્દીઓને આંખોમાં દેખાતું બંધ થઈ ગયા બાદ સમગ્ર રાજયમાં ખળભળાટ મચી ગયો હતો અને આ બાબતે ટીવી સમાચારોમાં હેડ લાઈનો બનતા અને છાપાઓમાં સમાચાર પ્રસિદ્ધ થતા સરકારી તંત્ર પણ દોડતું થયું હતું જેથી આરોગ્ય મંત્રીએ તપાસના આદેશ આપતા સરકાર દ્વારા મોતિયાકાંડમાં ૭ સભ્યની તપાસ સમિતિ બનાવી તપાસ આદરેલ છે. અમરેલી શાંતાબા હોસ્પિટલ ખાતે ખાતે આ તપાસ ટીમ આવી પહોંચી હતી અને તપાસ શરૂ કરી હતી ત્યારે મીડિયા સમક્ષ તપાસ સમિતિ એ આ બાબતે જણાવ્યું હતું કે સરકાર દ્વારા ૭ સભ્યોની સમિતિને તપાસના આદેશ આપતા અમે અહીં આવ્યા છીએ અને હજુ હમણા તપાસ શરૂ કરી છે. તપાસ દરમ્યાન દર્દીઓને આંખ ક્યાં કારણોસર ચાલી ગયેલ છે તેમજ કેટલા દર્દીઓની આંખ ચાલી ગઈ છે તે તપાસ દરમ્યાન ખ્યાલ આવશે પત્રકારોના સવાલ પુછાતા કે કેટલા દર્દીઓની આંખો આ મોતિયા કાંડમાં ગયેલ છે ત્યારે સમિતિ એ જણાવ્યું હતું કે હજુ અમે તપાસ શરૂ કરેલ છે તપાસ દરમ્યાન આગળ વધતા ખ્યાલ આવશે. આ તપાસ સમિતિ દ્વારા કોઈને બચાવ કર્યા વિના અને દર્દીઓની અમૂલ્ય આંખો ચાલી જવા અંગે નિષ્પક્ષ રીતે તપાસ કરી સંસ્થાની બેદરકારીથી આ કાંડ થયેલ છે કે તબીબીઓની બેદરકારી વિગેરે બાબતે રિપોર્ટ સરકારમાં આપી અંધાપા કાંડના જવાબદારો સામે પગલાં લેવાઈ તેવી પણ દર્દીઓના પરિવારે માંગ ઉઠાવેલ છે.

આંખ ગુમાવનાર દર્દીઓની જાહેર કરાયેલી યાદી

રામજીભાઈ ચોવટીયા મીઠાપુર, ધારી, નાનુભાઈ જાપડા (ઉવ-૬૮)રહે લીલીયા, ગીલાભાઈ ભુવા (ઉવ-૭૦)અમરેલી, રસીલાબેન લાઠીગરા રહે. અમરેલી, લાભુબેનધાનાણી રહે.અમરેલી, લાભુબેન ધંધુકીયા (ઉવ-૬૦) રહે.તલાલા, રવજીભાઈ રોકડ રહે.અમરેલી, શારદાબેનદાફડા (ઉવ-૫૪) રહે. કુકાવાવ, છનાભાઈ ગોહિલ–ઉવ-૭૦) રહે.ગીરીયા, આશુબેન ધારેલા (ઉવ-૭૫) રહે.અમરેલી, રોશનબેન બેલીમ (ઉવ-૮૬) રહે. લીલીયા, નીરૂબેન ટાકોદરા રહે. અમરેલીવાળાનો સમાવેશ થાય છે.

લીલિયાના ૮૬ વર્ષીય રોશનબેન બેલીમની આંખ સાથે યાદદાસ્ત જતી રહી અને બોલતા પણ બંધ થયા

અમરેલીમાં જિલ્લાના મોટા લીલીયા ખાતે રહેતા રોશનબેન અલારખાભાઈ બેલીમ (ઉવ-૮૬)એ પણ શાંતાબા હોસ્પિટલમાં મોતિયાનું ઓપરેશન કરાવ્યું હતું અને ઓપરેશન બાદ તેઓની એક આંખમાં રસી થઈ જતા ઈન્ફેસકશન થતા એક આંખ તો બંધ થઈ ગઈ હતી સાથે યાદ શક્તિ પણ ચાલી ગઈ હતી અને ઈન્ફેક્શન મોઢા સુધી પહોંચતા તેઓ બોલી પણ નહી શકતા હોવાનું તેમના પુત્રવધુએ મીડિયાને જણાવ્યું હતું.

શાંતાબા હોસ્પિટલના ટ્રસ્ટીઓએ મોતિયા અંધાપા કાંડમાં ૧૫ દિવસ સુધી કાંડ ઉપર પરદો પાડી રાખ્યો

૧૨થી વધુ દર્દીઓની મોતિયાના ઓપરેશન બાદ એક આંખ ચાલી જવાના બનાવમાં શાંતાબા હોસ્પિટલના ટ્રસ્ટીઓએ આ કાંડને ઢાંકી રાખવા દર્દીઓને પોતાના વાહનોમાં સીધા જ બહારગામ મોકલી દીધા હતા. અમુક દર્દીઓ અમદાવાદ તો અમુક ભાવનગર રાજકોટ સારવાર લેવા ગયા હતા. પરંતુ આ દર્દીઓ પોતાના ખર્ચે ૧૫ દિવસ સુધી સારવાર લેવા છતાં કોઈ તબીબ એ આંખની સાજા થવાની ગેરેંટી આપી ન હતી. આ દર્દીઓ તેમજ તેમના પરિવારજનો તેમની પાછળ પંદર પંદર દિવસ સુધી આર્થિક તેમજ શારીરિક રીતે હેરાન પરેશાન થયા હતા તેમ છતાં હોસ્પિટલના ટ્રસ્ટીઓએ દરકાર લીધી ના હતી અને આ કાંડને દબાવી રાખ્યું હતું આ કાંડ મીડિયામાં ના આવે તે માટે તમામ સ્ટાફને સૂચના અપાઈ હતી અને જો આ વાત બહાર કોઈ ફેલાવશે તો તેને નોકરીમાંથી કાઢી મૂકવાની પણ ધમકી આપી હતી. પરંતુ અમદાવાદ સારવાર કરવા ગયેલ દર્દીઓના પરિવારને ટીવી ચેનલના પત્રકાર સાથે ભેટો થતા આ કાંડ ઉપરથી પરદો ઉંચકાયો હતો.

બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે બોમ્બે હાઈકોર્ટે ૨૨ હજાર વૃક્ષોને કાપવાની મંજૂરી આપી પણ શરતો લાગુ

મુંબઈ તા.૧૮

બોમ્બે હાઈકોર્ટે શુક્રવારે નેશનલ હાઈસ્પીડ રેલવે કોર્પોરેશન (એનએચએસઆરસીએલ)ને નિર્માણાધીન મુંબઈ-અમદાવાદા બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે મુંબઈ અને તેના પાડોશી જિલ્લા પાલઘર તથા થાણેમાં લગભગ ૨૨,૦૦૦ મેંગ્રોવના વૃક્ષોને કાપી નાખવાની મંજૂરી આપી હતી. એક જાણીતા મીડિયાના અહેવાલ અનુસાર બોમ્બે હાઈકોર્ટે એનએચએસઆરસીએલને તેના માટે અમુક કડક શરતોનું પાલન કરવા પણ કહ્યું છે. ચીફ જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ અભય આહુજાની બેન્ચે કહ્યું કે કામ શરૂ થયા બાદ એનએચએસઆરસીએલએ મિનિસ્ટ્રી ઓફ એન્વાયરોન્મેન્ટ ફોરેસ્ટ એન્ડ ક્લાઈમેટ ચેન્જ તથા મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા અપાયેલી મંજૂરીમાં નિર્ધારિત અમુક નિયમો અને શરતોનું પાલન કરવાનું રહેશે. એનએચએસઆરસીએલની એક સમન્વયક બેન્ચ દ્વારા ૨૦૧૮ના આદેશને આગળ વધારતા મેંગ્રોવના વૃક્ષોને કાપવાની મંજૂરી માટે હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. સમન્વય બેન્ચે મેંગ્રોવના વૃક્ષો કાપવા અંગે રોક લગાવી દીધી હતી. જો કે કોર્ટે કહ્યું હતું કે પબ્લિક ઈન્ટરેસ્ટ પ્રોજેક્ટ માટે આવા વૃક્ષો કાપવાની જરૂરિયાત હોવાથી જરૂરી મંજૂરી માટે હાઈકોર્ટમાં અપીલ કરી શકાય છે. એનએચએસઆરસીએલ દ્વારા હાજર વકીલ પ્રહલાદ પરાંજપેએ કોર્ટને જાણ કરી હતી કે આ પ્રોજેક્ટ માટે કાપવામાં આવનારા મેંગ્રોવના વૃક્ષોની સંખ્યા ૫૦ હજારથી ઘટાડીને ૨૨ હજાર કરી દેવામાં આવી છે. તેમણે આશ્વાસન આપ્યું હતું કે એનએચએસઆરસીએલ દ્વારા જેટલા પણ વૃક્ષો કાપવામાં આવશે તેનાથી ૫ ગણા વધુ રોપવામાં આવશે.

અયોધ્યાનું રામ મંદિર ૫૦ મીટરની ઊંચાઈ સાથે તેની આસપાસની ઈમારતો કરતાં ૩ ગણું ઊંચું બનશે



લખનૌ, તા.૧૮

અયોધ્યામાં નવા રામ મંદિરની ઊંચાઈ તેની આસપાસની અન્ય રહેણાંક અને વાણિજ્યિક ઈમારતોની ઊંચાઈ કરતાં લગભગ ત્રણ ગણી વધારે હશે. આ મંદિરનો ભવ્ય દેખાવ નવા અમલમાં આવેલ અયોધ્યા માસ્ટર પ્લાન- ૨૦૩૧ સાથે આગળ વધે છે, જેમાં ‘‘નૉન-ટેમ્પલ’’ બિલ્ડિંગની ઊંચાઈ, જેને ‘પ્રતિબંધિત ઝોન’ તરીકે ઓળખવામાં આવે છે તેની ઊંચાઈ ૧૭.૫ મીટર સુધી હશે. રામ મંદિરની ઉંચાઈ ૧૬૧ ફૂટ અથવા અંદાજે ૫૦ મીટર હોવાનો પ્રસ્તાવ છે. હાઉસિંગ અને અર્બન પ્લાનિંગના એક ટોચના અધિકારીએ જણાવ્યું કે મંદિરનું માળખું શક્ય તેટલું ભવ્ય અને નોંધપાત્ર દેખાય તે સુનિશ્ચિત કરવામાં આવશે. પ્રતિબંધિત ઝોન મંદિરના પરિસરથી લગભગ ૫૦૦ મીટર (૦.૫ કિમી)ની ત્રિજ્યામાં હોવાનો અંદાજ છે, જે ૨૦૨૪ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારનો ઉદ્દેશ્ય મંદિરના પરિસરને એક અલગ ઓળખ પ્રદાન કરવાનો છે. આ ઝોનમાં ભવ્ય મંદિરની દરખાસ્ત છે. અધિકારીઓએ કહ્યું કે મંદિર તેની આસપાસના વિસ્તારમાં આલીશાન બાંધકામ હશે. શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટના સૂત્રોએ જણાવ્યું હતું કે તાજેતરમાં પૂર્ણ થયેલ મંદિરની પ્લીન્થ કુલ મંદિરની ઊંચાઈના ૬.૫ મીટર (૨૧ ફૂટ) જેટલી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ઈન્ટરલોકિંગ ગોઠવણી દ્વારા પ્લિન્થના નિર્માણમાં **5ft x 2.5ft x 3ft** કદના આશરે ૧૭,૦૦૦ ગ્રેનાઈટ પથ્થર બ્લોકસનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્લિન્થ વિસ્તાર અંદાજે ૩૫૦૦ ચોરસ મીટર છે, જે એક નક્કર ખડકની જેમ કામ કરશે. ગર્ભગૃહ અને પાંચ મંડપનું બાંધકામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. મંદિર ૨૦૨૩ના ડિસેમ્બર મહિનામાં રામલલ્લાના દર્શન માટે ભક્તો માટે ખુલશે. આ માટે, સંકુલમાં યાત્રાધામ સુવિધા કેન્દ્ર, અન્ય ઉપયોગિતાઓ અને માળખાકીય સેવાઓનું નિર્માણ કાર્ય શરૂ થઈ ગયું છે. રાજ્ય સરકારે અયોધ્યામાં ‘સામાન્ય બિલ્ડીંગ કોડ’- ઈમારતો કેવી રીતે ડિઝાઈન કરવી અથવા બાંધવી તે સંબંધિત સ્થાનિક કાયદાઓ અને ખાસ કરીને તેમના સલામત અને ગુણવત્તાના પાસાઓને ધ્યાનમાં રાખીને વૈશ્વિક પર્યટનને આકર્ષવા માટે કામ કરી રહ્યું છે. આ ભવ્ય રામ મંદિર જાહેર જનતા માટે ખુલ્લું મુકાયા બાદ અહી લાખો પ્રવાસીઓ આવે તેવી શક્યતા છે. અયોધ્યાના માસ્ટર પ્લાનમાં ઈકો-ફ્રેન્ડલી બેટરીથી ચાલતી ઓટોરિક્ષા માટે નિયુક્ત વેન્ડિંગ ઝોન અને ચાર્જિંગ સ્ટેશનની યોજના પણ સામેલ છે.

પત્નીની હત્યા કરવા બદલ યુપીના ડોક્ટરની ધરપકડ, ૪૦૦ કિ.મી. દૂર અંતિમ સંસ્કાર કર્યા

(એજન્સી) તા.૧૮

યુપીના લખીમપુર ખીરીમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક ડૉક્ટરે પોતાની પત્નીની હત્યા કરી નાખી હતી. એ પછી લાશને એક બોકસમાં બંધ કરીને પોતાની જ હોસ્પિટલમાં સંતાડી દીધી હતી. ત્યાંથી એક એમ્બ્યુલન્સ દ્વારા લાશને ગઢમુક્તેશ્વર લઈ ગયો અને ત્યાં જઈને સળગાવી દીધી હતી. એ પછી આરોપી ડૉક્ટર પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો અને પત્ની લાપતા થઈ હોવાની ફરિયાદ કરી હતી. મૃતકના પિતા ડીએમ ગોંડાના ત્યાં ઓએસડી પદ ઉપર ફરજ બજાવે છે. પોલીસે જ્યારે ડૉક્ટર પતિની કડક પૂછપરછ કરી તો આરોપીએ કબૂલાત કરી હતી. ત્યારે આખો મામલો સામે આવ્યો હતો. આ ઘટનામાં આરોપી ડૉક્ટરને તેના પિતાએ પણ સાથ આપ્ય હતો. લખીમપુર ખીરી પોલીસે આરોપી બાપ અને દીકરાની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. રાયપુર ગામમાં રહેતા શિવરાજ શુક્લા ડીએમ ગોંડાના ઓએસડી છે. તેઓએ પોતાની દીકરી વંદનાના લગ્ન ૨૦૧૪માં લખીમપુર ખીરીના મોહલ્લા બહાદુરનગર વિસ્તારમાં રહેતા અભિષેક દિક્ષિત સાથે કરાવ્યા હતા. વંદનાએ બીએએમએસ કર્યું હતું. તો તેનો પતિ અભિષેક પણ બીએએમએસ ડૉક્ટર છે. બંનેએ સીતાપુર રોડ પર આવેલી હોસ્પિટલ બનાવી હતી અને ત્યાં જ પ્રેક્ટિસ કરતા હતા. ધીરે ધીરે તેમની વચ્ચે વિવાદ શરૂર થયો હતો. એ પછી વંદના ચહમલપુરની લક્ષ્મી નારાયણ હોસ્પિટલમાં પ્રેક્ટિસ કરવા લાગી હતી. તેમની વચ્ચે મારપીટ પણ થતી હતી. સીઓ સિટી સંદિપ સિંહે જણાવ્યું કે, ૨૬ નવેમ્બરના રોજ પતિ અભિષેક અને તેના પિતા ગૌરી શંકર અવસ્થીએ વંદનાને ઘરમાં લાકડીથી માર માર્યો હતો. મારપીટ દરમિયાન વંદનાનું મોત થઈ ગયું હતું. બંનેએ વંદનાના લાશને બોક્સમાં બંધ કરી અને પછી રાત્રે રેલવે સ્ટેશનથી એક પિકઅપ ભાડે કરી હતી. એમાં વંદનાની લાશ પોતાની હોસ્પિટલે લાવ્યા હતા. આખી રાત વંદનાની લાશને હોસ્પિટલમાં રાખી હતી અને પછી સવારે એમ્બ્યુલન્સ ભાડે કરાવી હતી. બાદમાં લાશને આશરે ૪૦૦ કિમી દૂર ગઢમુક્તેશ્વર લઈ ગયા હતા. જ્યાં ૧૩૦૦ રૂપિયા આપીને લાશનો અંતિમ સંસ્કાર કર્યો હતો. આરોપી પતિએ ૨૭ નવેમ્બરના રોજ સાંજે મૃતકના પિતાને જાણ કરી હતી કે તેમની દીકરી ચાલી ગઈ છે. પિતા લખીમપુર આવ્યા અને પતિની સાથે જઈને પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે જ્યારે તપાસ શરૂ કરી તો ઘટનાનો ખુલાસો થયો હતો. પોલીસે બંને આરોપીઓની અટકાયત કરીને પૂછપરછ કરી તો તેઓએ પોતાનો ગુનો કબૂલ્યો હતો. પોલીસે બંને આરોપીઓને જેલ ભેગા કરી દીધા છે.

સંસદના શિયાળુ સત્રમાં ખાનગી સભ્યના અનેક બિલો રજૂ કરવામાં આવ્યા છે

નવી દિલ્હી તા.૧૮

આ વર્ષે શિયાળુ સત્રની શરૂઆત દરમ્યાન શુક્રવારે સંસદમાં સંખ્યાબંધ વિવાદાસ્પદ બાબતોને આવરી લેવામાં આવ્યા છે અને સાંસદો દ્વારા સ્વતંત્ર રીતે રજૂ કરાયેલા અસંખ્ય ખાનગી સભ્યોના બિલની યાદી અને રજૂઆત કરવામાં આવી હતી. ઐતિહાસિક રીતે, ખાનગી સભ્યોના બિલ લગભગ ક્યારેય પસાર થતા નથી. યુનિફોર્મ સિવિલ કોડની રજૂઆત, ન્યાયાધીશોની નિમણૂક, ચૂંટણી પંચની નિમણૂંક અને રાજ્યના ગવર્નરોની સત્તાઓ સંબંધિત ખાનગી સભ્યોના બિલ રજૂ કરવામાં આવ્યા હતા. પૂજાના સ્થળો (વિશેષ જોગવાઈઓ) અધિનિયમને રદ્દ કરવાની માંગ કરતું બિલ પણ ગૃહના કાર્યસૂચિમાં સૂચિબદ્ધ હતું, પરંતુ તે રજૂ કરવામાં આવ્યું નહતું.

રજૂ કરવામાં આવેલા બિલનું વર્ણન નીચે મુજબ છે.

૧. ભારતમાં યુનિફોર્મ સિવિલ કોડ બિલ

શાસક ભારતીય જનતા પાર્ટીના સંસદસભ્ય કિરોડીલાલ મીણાએ રાજયસભામાં યુનિફોર્મ સિવિલ કોડ ઈન ઈન્ડિયા બિલ, ૨૦૨૦ રજૂ કર્યું હતું. તે યુનિફોર્મ સિવિલ કોડના રાષ્ટ્રવ્યાપી અમલીકરણ માટે એક સમિતિની સ્થાપના કરવા માંગે છે. ભૂતકાળમાં પણ આવા બિલ રજૂ કરવામાં આવ્યા છે. યુનિફોર્મ સિવિલ કોડ એ સૂચિત સામાન્ય કાયદાનો ઉલ્લેખ કરે છે જે તમામ ભારતીયો માટે લગ્ન, છૂટાછેડા, ઉત્તરાધિકાર અને દત્તક લેવાનું સંચાલન કરશે. હાલમાં, આ પ્રથાઓ વ્યક્તિના ધર્મના આધારે વિવિધ વ્યક્તિગત કાયદાઓ દ્વારા નિયંત્રિત થાય છે. આ સૂચિત કાયદો સમાનતા સુનિશ્ચિત કરવા માટે છે. યુનિફોર્મ સિવિલ કોડ એક વિવાદાસ્પદ વિષય છે. આ બિલની રજૂઆતનો વિરોધ પક્ષના સભ્યો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો જેમણે કહ્યું હતું કે આવો કાયદો દેશના સામાજિક માળખાને અને વિવિધતામાં એકતાને નષ્ટ કરે. જો કે, ભાજપ સમાન નાગરિક સંહિતાની હિમાયતી કરે છે.

૨. નેશનલ જ્યુડિશિયલ કમિશન બિલ

ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્કસવાદી)ના સંસદસભ્ય, વિકાસરંજન ભટ્ટાચાર્યએ રાજયસભામાં રાષ્ટ્રીય ન્યાયિક કમિશન બિલ, ૨૦૨૨ રજૂ કર્યું. આ બિલનો ઉદ્દેશ્ય ભારતના મુખ્ય ન્યાયાધીશ, સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો, તેમજ મુખ્ય ન્યાયાધીશો અને ઉચ્ચ ન્યાયાલયોના અન્ય ન્યાયાધીશો તરીકે નિમણૂંક માટે વ્યક્તિઓની ભલામણ કરવા માટે સૂચિત રાષ્ટ્રીય ન્યાયિક કમિશન દ્વારા અનુસરવામાં આવતી પ્રક્રિયાને નિયંત્રિત કરવાનો છે. જો સંસદ દ્વારા મંજૂરી આપવામાં આવશે, તો આ કમિશન ન્યાયાધીશોના સ્થાનાંતરણને પણ નિયંત્રિત કરશે અને તેમને જવાબદાર ઠેરવવાની જોગવાઈ કરશે. તે સર્વોચ્ચ અદાલત અથવા ઉચ્ચ અદાલતોમાં ન્યાયાધીશોની ગેરવર્તણૂક અથવા અસમર્થતાની વ્યક્તિગત ફરિયાદોની તપાસ માટે એક મિકેનિઝમ સ્થાપિત કરશે. ન્યાયતંત્રની સ્વતંત્રતા અંગે સરકાર અને વિપક્ષ વચ્ચેની રાજકીય ચર્ચા વચ્ચે આ બિલ આવ્યું છે. આ બિલનો આમ આદમી પાર્ટી દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે, જેના ધારાસભ્ય રાઘવ ચઢ્ઢાએ જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલત પહેલાથી જ રાષ્ટ્રીય ન્યાયિક કમિશનને બરતરફ કરી ચૂકી છે. ૨૦૧૫માં, સુપ્રીમ કોર્ટે સમાન રાષ્ટ્રીય ન્યાયિક નિમણૂંક કમિશન એક્ટને ફગાવી દીધો હતો જે ૨૦૧૪માં સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યો હતો. કોર્ટે કહ્યું હતું કે આ કાયદો ગેરબંધારણીય છે.

૩. ચૂંટણી પંચમાં સુધારા

કોંગ્રેસના નેતા મનીષ તિવારીએ લોકસભામાં ખાનગી સભ્યનું બિલ રજૂ કર્યું હતું, જેમાં ચૂંટણી પંચની સ્વાયત્તતાની વધતી જતી ચિંતા ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. મુખ્ય ચૂંટણી કમિશ્નર અને અન્ય ચૂંટણી કમિશનરોની પસંદગી કરવા માટે આ બિલ વડાપ્રધાનની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવા માંગે છે, જેમાં બંને ગૃહોના વિરોધ પક્ષના નેતાઓ, **CJI** અને સર્વોચ્ચ અદાલતના બે સૌથી વરિષ્ઠ ન્યાયાધીશોનો સમાવેશ થાય છે. કેન્દ્ર સરકાર હાલમાં સુપ્રીમ કોર્ટના આ પ્રશ્નોનો સામનો કરી રહી છે અને કોર્ટ ચૂંટણી કમિશ્નરોની નિમણૂંક કરવાની પ્રક્રિયાને પડકારતી અરજીઓની સુનાવણી કરી રહી છે. હાલમાં, મુખ્ય ચૂંટણી કમિશ્નર અને ચૂંટણી કમિશ્નરોની નિમણૂંક કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી વિપક્ષો મતદાન એજન્સીની નિષ્પક્ષતા ઉપર શંકા વ્યક્ત કરી રહ્યા છે.

૪. ગવર્નરોની સત્તાઓ ઉપર અંકુશ લગાવવો

કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માર્કસવાદી)ના વી શિવદાસને ઉપલા ગૃહમાં બંધારણ (સુધારા) બિલ, ૨૦૨૨ (કલમ ૧૫૩માં સુધારો અને કલમ ૧૫૫ અને ૧૫૬ની અવેજી) રજૂ કર્યો હતો. આ બિલ રાજ્યપાલની ભૂમિકા અને સત્તાઓને ફરીથી વ્યાખ્યાયિત કરવા કહે છે. **CPI(M)**ની આગેવાની હેઠળની કેરળ સરકારની ગવર્નર આરિફ મોહમ્મદ ખાન સાથે ચાલી રહેલી તકરાર વચ્ચે તેની રજૂઆત કરવામાં આવી હતી. કેરળના ધારાસભ્યએ કહ્યું કે કેન્દ્ર સરકાર રાજ્યોમાં પોતાના એજન્ડાને આગળ વધારવા માટે રાજ્યપાલના પદનો દુરૂપયોગ કરી રહી છે.

૫. પૂજાના સ્થળો (વિશેષ જોગવાઈઓ)ર રદબાતલ કરવાનું બિલ

ભાજપના ધારાસભ્ય હરનાથસિંહ યાદવ પૂજાના સ્થળો (વિશેષ જોગવાઈઓ) રદબાતલ બિલ, ૨૦૨૨ રજૂ કરવાના હતા. જો કે તે શુક્રવારે રજૂ કરવામાં આવ્યું ન હતું, તે આ સત્રમાં રજૂ થઈ શકે છે. આ બિલ હાલના પૂજા સ્થાનો (વિશેષ જોગવાઈઓ) અધિનિયમ, ૧૯૯૧ને રદ્દ કરવાની માંગ કરે છે. હાલના પ્લેસીસ ઓફ વર્શીપ એક્ટ કોઈપણ પૂજા સ્થળના રૂપાંતર પર પ્રતિબંધ મૂકે છે અને જે દિવસે ભારત સ્વતંત્ર થયું હતું એ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજનું કોઈપણ પૂજા સ્થળના ધાર્મિક પાત્રને જાળવવાનું કહે છે હતું. માત્ર અયોધ્યામાં રામજન્મભૂમિ-બાબરી મસ્જિદ વિવાદ આ કાયદામાં અપવાદ હતો.

આ બિલ એવા સમયે આવ્યું છે જ્યારે સુપ્રીમ કોર્ટ જ્ઞાનવાપી મસ્જિદ કેસની સુનાવણી કરી રહી છે. આ કેસ પાંચ મહિલા અરજદારો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને લગતો છે જેણે દાવો કર્યો હતો કે મસ્જિદની પશ્ચિમી દિવાલની પાછળ હિન્દુ દેવતાની છબી છે. તેઓએ માંગ કરી છે કે તેઓને દરરોજ પ્રાર્થના કરવા અને સ્થળ ઉપર અન્ય હિન્દુ ધાર્મિક વિધિઓનું પાલન કરવાની મંજૂરી આપવામાં આવે. વિપક્ષે જુલાઈમાં ચોમાસા સત્રમાં આ વિવાદાસ્પદ બિલની આયોજિત રજૂઆતનો પણ વિરોધ કર્યો હતો.

ખાનગી સભ્યોના બિલ શું હોય છે ?

‘‘ખાનગી સભ્ય’’ એ કોઈપણ સંસદસભ્ય હોય છે, જેમાં શાસક ગઠબંધનનો સમાવેશ થાય છે, જે કેન્દ્રીય કેબિનેટમાં મંત્રી નથી. આવા સભ્યો દ્વારા કોઈપણ ગૃહમાં રજૂ કરાયેલા બિલોને ‘‘ખાનગી સભ્યોના બિલ’’ કહેવામાં આવે છે. કેન્દ્રીય મંત્રીઓ દ્વારા રજૂ કરાયેલા બિલ ‘‘સરકારી બિલ’’ કહેવાય છે અને સરકાર દ્વારા તેને સમર્થન આપવામાં આવે છે. સંસદના બંને ગૃહો દ્વારા પસાર કરવામાં આવ્યા પછી અને રાષ્ટ્રપતિની સંમતિ પ્રાપ્ત કર્યા પછી આ બિલ કાયદો બની જાય છે.

ખાનગી સભ્યો કોઈપણ વિષય પર બિલ લાવી શકે છે, જેમાં બંધારણીય સુધારાની આવશ્યકતા હોય. જો કે, બંધારણમાં સુધારો કરવા માંગતા ખાનગી સભ્યના બિલને સંસદમાં વિચારણા માટે રજૂ કરવામાં આવે તે પહેલાં સમિતિ દ્વારા તેની તપાસ કરવામાં આવે છે અને પછી તેને મંજૂરી આપવામાં આવે છે. સામાન્ય રીતે ખાનગી સભ્યોના બિલોનો ટ્રેક રેકોર્ડ ખૂબ જ નબળો હોય છે. સંસદમાં સરકાર કાયદો પસાર કરવા માટે જવાબદાર છે. સરકાર દ્વારા આ બિલના ડ્રાફ્ટ તૈયાર કરવામાં આવે છે અને પછી જ સંસદમાં રજૂ કરવામાં આવે છે. સરકાર પાસે બહુમતી હોવાથી તેના માટે કાયદો પસાર કરવો પ્રમાણમાં સરળ હોય છે. તેનાથી વિપરિત, જે બિલોને સરકારનું સમર્થન ન હોય તેમને સંસદમાં સહમતી મેળવવામાં ખૂબ જ મુશ્કેલી પડે છે. પરિણામે, સંસદ દ્વારા અત્યાર સુધીમાં માત્ર ૧૪ ખાનગી સભ્યોના બિલ પસાર કરવામાં આવ્યા છે. તેમાંથી છ ૧૯૫૬માં પાસ થયા હતા. ૧૯૭૦ પછી કોઈ ખાનગી સભ્યનું બિલ એ કાયદો બન્યું નથી. ટ્રાન્સજેન્ડર પર્સન્સ બિલ, ૨૦૧૪ એ ૪૬ વર્ષમાં કોઈપણ ગૃહમાં પસાર થનારૂં પહેલું ખાનગી સભ્યનું બિલ હતું અને રાજ્યસભાએ તેને ૨૦૧૫માં મંજૂરી આપી હતી. તે ૨૦૧૯માં ૧૬મી લોકસભાના વિસર્જન સાથે આ ગૃહમાં પસાર થઈ ગયું હતું.

સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ દ્વારા આગામી ૨૫, ૨૬ ફેબ્રુઆરીએ હિન્દી પરીક્ષા લેવાશે

જૂનાગઢ તા. ૧૬

સૌરાષ્ટ્રહિન્દી પ્રચાર સમિતિ દ્વારા વર્ષમાં બે વખત લેવાતી હિન્દીબાળપોથી, પહેલી, દુસરી અને તીસરી તેમજ ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ દ્વારા લેવાતી હિન્દી વિનીતની પરીક્ષાઓ ૨૫ અને ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ અનુક્રમે શનિવાર તથા રવિવારે સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં લેવાશે. શાળાઓ માટે આ પરીક્ષાઓમાં અરજીપત્રો ભરવાની છેલ્લી તારીખ ૨૯ મી જાન્યુઆરી, ૨૦૨૩ રહેશે. બાળકોમાં ભાષા શુધ્ધી, વ્યાકરણ, જોડણી વગેરેનું જ્ઞાન વધેઅને રાષ્ટ્રભાષાપ્રત્યેની અભિરૂચી વિશેષ કેળવાય એ મુખ્ય હેતુથી લેવાતી આ પરીક્ષા સૌરાષ્ટ્ર-કચ્છના લગભગ ૬૦૦થી વધુ કેન્દ્રોમાં હાલ લેવાય છે. સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિના મંત્રીની યાદીમાં જણાવેલ છે કે, આ સમિતિની હિન્દી પરીક્ષાઓ સૌરાષ્ટ્ર-કચ્છના ૬૦૦ જેટલા કેન્દ્રોમાં લેવાતી હોવા છતાં આ વિસ્તારના ઘણા ગામો તથા શિક્ષણ સંસ્થામાં હજી આ પરીક્ષા લેવાતી નથી. આવા ગામો અને શિક્ષણ સંસ્થાઓના બાળકો હિન્દીના જ્ઞાન અને તેના પ્રમાણપત્રોથી વંચિત ન રહે તે હેતુથી આવા દરેક ગામ અને શિક્ષણ સંસ્થામાં સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ પોતાના પરીક્ષા પ્રચારના કેન્દ્રો શરૂ કરવા ઈચ્છે છે. સૌરાષ્ટ્ર-કચ્છની જે શિક્ષણ સંસ્થા રાષ્ટ્રભાષા હિન્દીના પ્રચાર અને પરીક્ષા કેન્દ્રો શરૂ કરવા ઈચ્છે તેમણે તે શાળાના આચાર્યની ભલામણ સાથે મંત્રી, સૌરાષ્ટ્ર હિન્દી પ્રચાર સમિતિ, રાષ્ટ્રીય શાળા પ્રાંગણ, રાજકોટ-૩૬૦-૦૦૨, સાથે પત્ર વ્યવહાર કરવો અથવા ફોન નં.(૦૨૮૧)-૨૪૬૬૨૨૭ (કાર્યાલય), મો.૯૪૨૮૨૫૧૭૩૧ નો સંપર્ક કરવો તેમજ કાર્યાલયમાં ચાલતા પેટાહિન્દી કેન્દ્ર (જનરલ કેન્દ્ર)માં અરજીપત્ર ભરવાની છેલ્લ તારીખ ૧૦મી જાન્યુઆરી, ૨૦૨૩ છે. આ પરીક્ષાઓને લગતી અન્ય વિગતો, પાઠયપુસ્તક યાદી, અભ્યાસક્રમ વગેરે તમામ માહિતી માટે રાજકોટ સ્થિત કાર્યાલયનો સંપર્ક સાધવા જણાવાયુંછે.

જૂનાગઢ તાલુકા સમસ્ત કોળી સમાજના સમુહલગ્ન ૧૪મી ફેબ્રુઆરીએ યોજાશે

જૂનાગઢ તા. ૧૬

જૂનાગઢ તાલુકા સમસ્ત કોળી સમાજના આગામી સમુહલગ્ન તા.૧૪-૧૨-૨૩ ને મંગળવારે બેસ્ટ ઈંગ્લીશ સ્કુલ પાસે આવેલ રેલ્વે લાયબ્રેરી મેદાન ખાતે યોજાશે. આ સમુહલગ્નની સંખ્યા ૫૧ રહેશે. સમુહલગ્નમાં જોડાવા માટે ફોર્મ મેળવવા મનુભાઈ ઝાલા (ભૂમિ પાન/ ગાઠીયા), કળવા ચોક, ૯૬૨૪૫૨૮૧૭૮, કાળુભાઈ કડીવાર, આકાશહોમ ઈન્ફ્રા, મકબુલશા ચેમ્બર, કાળવા ચોક, મો.૯૮૨૪૬-૫૦૦૭૫, ભરતભાઈ બાલસ, માધવ કોમ્પ્લેક્ષ, બાયપાસ ચોકડી, મો.૯૪૨૯૩-૭૩૮૨૩, કાનાભાઈ ઘરસેંડા, જોષીપરા, મો.૯૮૨૫૫ ૧૭૧૮૮, મોહનભાઈ ગજેરા, મીરા મંડપ સર્વિસ, શાંતેશ્વર મંદિર પાસે, જોષીપરા મો.૯૮૯૮૧ ૩૨૩૯૫, મોહનભાઈ માંડવીયા/ રીમાબેન માંડવીયા, ન્યુ બેસ્ટ સ્કુલ, જોષીપરા તથા બટુકભાઈ મકવાણા, સેજના ઓટા પાસે, જવાહર રોડ, મો.૯૪૨૮૩૭૫૭૪૭ નો સંપર્ક સાધવા યાદીમાં જણાવેલ છે.

વોર્ડ નં. ૨માં ઓરી તથા રૂબેલા જેવા અસાધ્ય રોગના રક્ષણ માટે રસીકરણ તથા જનજાગૃતિ કેમ્પ યોજાયો

જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા કમિશ્નરશ્રીના માર્ગદર્શન હેઠળ તા.૧૫-૧૨-૨૨ ના રોજ વોર્ડનં.૨, સંજયનગર વિસ્તારમાં આરસીએચઓ ડો.સ્વયંપ્રકાશ પાન્ડે દ્વારા જૂનાગઢ શહેરના સંજયનગરના સ્લમ વિસ્તારના બાળકો અને માતાઓની મુલાકાત લેવામાં આવી હતી. હાલમાં ઓરીના કેસમાં વધારો જોવા મળતા રસીકરણ અંગે બાળકો અને માતાઓને પુછપરછ કરતા ઓરીની રસીથી વંચિત બાળકોને રસી આપવામાં આવેલ છે અને વિટામીન-એની દવાઓ બાળકોને આપવામાં આવેલ છે અને અસાધ્ય રોગો અને રસીકરણ અંગેની વિસ્તૃત સમજણ પણ આપવામાં આવેલ છે તથા આ વિસ્તારમાં આરોગ્ય સ્ટાફ એએનએમ તથા આશાવર્કર દ્વારા મમતા સેશન પણ રાખવામાં આવેલ હતો.

આરસીએચ ડો.પાન્ડેએ જણાવ્યું હતું કે, અત્યારની પરિસ્થિતીમાં રોગચાળો ફેલાય રહયો છે ત્યારે લોકોએ જાગૃતતા દાખવવી જોઈએ અને પોતાના બાળકોને ઓરી અને રૂબેલાની રસી અચુક અપાવવી જોઈએ જેથી બાળકોનો મૃત્યુદર ઘટાડી શકાય અને શહેરના બાળકો સુરક્ષિત રહે તે માટે જરૂરી છે.

ઓનલાઈન ઓર્ડર કરતી વખતે આ સેટિંગ ઓન કરો, સ્માર્ટફોનને બદલે બોકસમાંથી નહિ નીકળે સાબુ

નવી દિલ્હી તા. ૧૬

ભારતમાં ઓનલાઈન શોપિંગનો ક્રેઝ દિવસે અને દિવસે વધી રહ્યો છે. સસ્તી વસ્તુ મેળવવાના ચક્કરમાં લોકો સામાના તો મંગાવી લે છે. પરતું બોકસમાં બીજી કોઈ વસ્તુ નીકળે તો દુખ થાય છે. આવી સ્થિતિમાં પૈસા પણ જાય છે અને વસ્તુ પણ મળતી નથી. ભારતમાં ઘણા આ પ્રકારના કિસ્સા સામે આવ્યા છે. ચાલુ વર્ષે મુંબઈના રહેવાસી અશોક ભમ્ભાનીએ ઓનલાઈન વન પ્લસ ૧૦ સ્માર્ટફોનનો ઓર્ડર આપ્યો હતો, પરતું જયારે બોક્સની ડિલિવરી થઈ ત્યારે અંદરથી ડિશ-વોશિંગ બાર નીકળ્યા હતા.

આવી જ રીતે એક વ્યક્તિએ એપલની સ્માર્ટવોચ મંગાવી તો બોકસમાં અન્ય કંપનીની સ્માર્ટવોચ નીકળી હતી. જોકે એમેઝોન વેબસાઈટ આ પ્રકારની સમસ્યાને દૂર કરવા માટે એક નવી રીત શોધી કાઢી છે. જેના દ્વારા ઓનલાઈન શોપિંગ કરતી વખતે વ્યકિત છેતરપિંડીનો શિકાર નહિ બને.

એમેઝોને ખોટી ડિલિવરીની સમસ્યાના ઉકેલ માટે **OTP** સિસ્ટમ શરૂ કરી છે. આ સાચા પ્રોડ્કટની શિપમેન્ટની વેરિફિકેશન કરે છે. હજુ પણ ઘણા લોકો તેના વિશે જાણતા નથી. એમેઝોને ‘ઓપન બોક્સ’ સેવા શરૂ કરી છે. જે પણ વ્યક્તિ ઓનલાઈન ઓર્ડર બૂક કરાવે છે તે ઓપન બોકસ સેવાનો લાભ લઈ શકે છે. આ સેવા ડિલિવરી સમયે પ્રોડકટને ચકાસવાની પરવાનગી આપે છે કે શું ડિલિવર થયેલ પ્રોડકટ અસલી છે કે નહિ.

એમેઝોનના પ્રમાણે ઓપન બોકસ ડિલિવરી તમામ ઓર્ડર્સ માટે ઉપલબ્ધ છે. ગ્રાહક પ્રોડકટ મેળવતી વખતે તેની ચકાસણી કરી શકે છે. પ્રોડકટ યોગ્ય હોય ત્યારે જ તેની ડિલિવરી લેવી જોઈએ. ઓનલાઈન ઓર્ડર કરતી વખતે કેટલાક પ્રોડકટ ઉપર ઓપન બોક્સ સર્વિસ સેવા ન પણ હોય, તો આવી સ્થિતિમાં તમે કેશ ઓન ડિલિવરીનો વિકલ્પ પસંદ કરી શકો છો.

માળીયા હાટીના તાલુકા ખાતે યોજાયેલ

ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં જૂના ગળોદર પે સેન્ટર શાળાની કૃતિઓનું શ્રેષ્ઠ પ્રદર્શન

જૂનાગઢ, તા.૧૬

બી.આર.સી.ભવન માળીયા ખાતે માળીયા હાટીના તાલુકાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન-૨૦૨૨ યોજાયું હતુ, તેમાં જૂના ગળોદર પે સેન્ટર શાળાનું શ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું હતું. જૂના ગળોદર પે સેન્ટર શાળાની વિભાગ-૨ (ઈકો ફ્રેન્ડલી) બાયોગેસ પ્લાન્ટ અને વિભાગ-૪માં સ્માર્ટ રોડ એ બે કૃત્તિ પસંદગી પામતા તેને જિલ્લાકક્ષાએ સ્થાન પ્રાપ્ત કર્યુંછે. આ કૃત્તિના માર્ગદર્શક તરીકે શિક્ષક કિંજલબેન રાઠોડ તથા હિરેનભાઈ પરમાર તેમજ સમગ્ર જૂના ગળોદર પે સેન્ટર શાળાના કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ અસરકારક કૃત્તિ રજૂ કરી હતી.

સોમનાથ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલને પુષ્પાંજલી અર્પણ કરાઈ

(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૧૬

૧૩ નવેમ્બર ૧૯૪૭ના દિવસે સમુદ્ર જળ હાથમાં રાખી સોમનાથ મંદિરના પૂર્નઃનિમાર્ નો સંકલ્પ સરદાર વલ્લભભાઈ પટેલ દ્વારા લેવામાં આવેલ હતો. કાળક્રમે સરદાર નવનિર્મિત સોમનાથ મંદિર તૈયાર થયું ત્યારે સરદાર આપણી સૌ વચ્ચેથી વિદાય લઈ ચુક્યા હતા પણ સોમનાથ મહાદેવના નિત્ય દર્શન સરદારની આંખો કરી શકે તે માટે ખાસ સરદારની પ્રતિમાં સોમનાથ મંદિરના પ્રાંગણમાં સ્થાપીત કરવામાંઆવેલ છે.

શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા શ્રી સરદાર વલ્લભભાઈ પટેલના નિર્વાણ દિન નીમીત્તે સરદાર વંદના અને પુષ્પાંજલી કરવામાં આવી હતી જેમાં શ્રી સોમનાથ ટ્રસ્ટના ઈનચાર્જ જી.એમ અજય દુબે સાથે અધિકારી/કર્મચારી, પુજારી તેમજ તિર્થ પૂરોહિતો જોડાયા હતા.

વધુ પડતી કોફી પીનારાઓ થઈ શકે છે ગંભીર બીમારીના શિકાર

વિશ્વમાં મોટા પ્રમાણમાં એવા લોકો છે જેઓને કોફી પીવાનો શોખ હોય છે. બીજી કોઈ પણ ડ્રિંક સિવાય તે લોકો કોફી પીવાનું વધુ પસંદ કરે છે. સવારના સમયે સ્ટ્રોંગ કોફી પીવે છે. એક કપ કોફી આપને ઉર્જા આપી શકે છે. ઘણા લોકો ઓફિસમાં ફ્રેશ થવા માટે કામ દરમિયાન અથવા મીટિંગ દરમિયાન પણ કોફીને પસંદ કરે છે. કેટલાક લોકો સાંજના ૬ અથવા ૭ વાગ્યે કોફી પીવે છે. એક કપ કોફી આપને ઉર્જાવાન રાખવાનું કામ કરે છે. પરંતુ કોફી આપના સ્વાસ્થ્ય માટે હાનીકારક છે. મોડી સાંજે કોફી પીવાથી ના માત્રા આપની ઉંઘ પર અસર પડે છે પણ આ સિવાય ગંભીર તકલીફો પણ આપને થઈ શકે છે. એક રિસર્ચ અનુસાર વધુ પડતી કોફી પીવાથી આંખોને ગંભીર નુકસાન થઈ શકે છે.

એક રિપોર્ટ અનુસાર વધુ કૉફી પીવાથી મોતિયાબિંદની તકલીફ થઈ શકે છે. આ એક એવી સ્થિતિ છે જ્યાં સમય પર ઈલાજ ના થાય તો વિઝન બંધ પણ થઈ શકે છે. એક્સપર્ટર્સના અનુસાર કૉફીમાં વધુ માત્રામાં કેફેન હોય છે. એટલે દિવસનો એક કે પછી બે કપ કૉફી પીવુ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે. જો આપ રોજની એક કે પછી બે કપથી વધારે કોફી પીવો છો તો મોતિયો આવી શકે છે. કોફીમાં કેફેન આવે છે જે બ્લડપ્રેશરને વધારે છે. જેથી આંખો પર દબાવ વધે છે. અને આંખો પર સતત દબાવ આવતા મોતિયો આવી શકે છે. હાર્વર્ડ મેડિકલ સ્કૂલે એક રિસર્ચ કરી હતી. તેમાં એવા લોકોને સામેલ કરવામાં આવ્યા જે રોજે રોજ ૩ અથવા તેનાથી પણ વધારે કૉફી પીવે છે.

એક રિસર્ચ અનુસાર ૩થી વધુ કૉફી પીવાવાળા લોકોમાં એકસફોલિએશનગ્લૂકોમાની ખતરો વધી જાય છે. જ્યારે શરીરમાં લિક્વિડનું નિર્માણ થાય છે ત્યારે મોતિયાની પણ તકલીફ થાય છે. તેનાથી આંખોની ઓપ્ટિક નસો પર દબાવ વધે છે. જોકે એવુ જરૂરી નથી કે વધુ કૉફી પીવાથી મોતિયો આવે છે. આ રિસર્ચમાં સામેલ કરવામાં આવેલા લોકોને ગ્લૂકોમાની ફેમિલી હિસ્ટ્રી હતી. જોઆપ કૉફીના સેવન પર નિયંત્રણ રાખો છો તો તેના ફાયદા પણ છે. તેના એટીઑક્સીડેંટ ગુણ પણ હોય છે.

નોનવેજ ખાવાના શોખીનોની કિંમત અબોલ જીવ ચૂકવી રહયા છે

એકલા અમેરિકામાં જ નોન-વેજ ખાનાર તેના જીવનકાળમાં ૭૦૦૦ પ્રાણીઓ ખાય છે

દરરોજ ૨૦૦ મિલિયનથી વધુ પ્રાણીઓ નોન-વેજ શોખીનોની પ્લેટમાં પહોંચી રહ્યા છે. આમાં દરિયાઈ જીવોનો સમાવેશ થતો નથી. ‘એનિમલ કિલ ક્લોક’ અનુસાર, એકલા અમેરિકામાં જ નોન-વેજ ખાનાર તેના જીવનકાળમાં ૭૦૦૦ પ્રાણીઓ ખાય છે. જો આપણે જલ્દી માંસાહારીના શોખને અંકુશમાં નહિ લઈએ તો પશુ-પક્ષીઓની અનેક પ્રજાતિઓ લુપ્ત થઈ જશે.

પ્રાણીપ્રેમી સંસ્થાઓએ મળીને એનિમલ કિલ કલોક (https://animalclock.org)નામની વેબસાઈટ બનાવી છે, જે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર સાથે મળીને કામ કરે છે. દરરોજ કેટલા પ્રાણીઓની હત્યા થઈ રહી છે, તેનો ડેટા અને લાઈવ અપડેટ પણ અહીં ઉપલબ્ધ છે. હાલમાં, તેનો મોટો હિસ્સો અમેરિકામાં પ્રાણીઓની હત્યા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે, પરંતુ વિશ્વના આંકડા પણ આપવામાં આવે છે. આ મુજબ, દરરોજ ૨૦૦ મિલિયન પ્રાણીઓ અમારી પ્લેટ ઉપર આવી શકે છે, તેથી જ તેમની હત્યા કરવામાં આવી રહી છે. એટલે કે એક વર્ષમાં ૭ હજાર કરોડથી વધુ. એકલા અમેરિકામાં જ આ વર્ષે ૫ હજાર ૨૦૦ કરોડથી વધુ પ્રાણીઓના મોત થયા છે.

આ પણ એવા જ જીવો છે, જે બજારમાં થઈને આપણી થાળી સુધી પહોંચે છે. તેમાંથી મોટી સંખ્યામાં કતલખાને લાવવામાં આવે તે પહેલા મૃત્યુ પામે છે. કારણ કે એક જગ્યાએથી બીજી જગ્યાએ લાવવામાં આવે ત્યારે, અથવા ભૂખ અથવા કોઈપણ રોગથી પ્લેટ સુધી પહોંચતા પહેલા મૃત્યુ પામે છે.

મરીન કન્ઝર્વેશન સોસાયટી અને ઝૂઓલોજિકલ સોસાયટી ઓફ લંડનના અભ્યાસમાં કેટલાક એવા પ્રાણીઓ વિષે વાત કરવામાં આવી છે જે લુપ્ત થવાના આરે છે. આમાં ટોચ પર ચાઈનીઝ જાયન્ટ સલામેન્ડર છે. મધ્ય અને દક્ષિણ ચીનમાં જોવા મળતો આ ગરોળી જેવો જીવ ખૂબ જ ઝડપથી ગાયબ થઈ ગયો.

હકીકતમાં, વાત એ છે કે સમગ્ર ચીનમાં, સલામેન્ડરને વિદેશી શ્રેણીમાં રાખવામાં આવતું હતું, અને તેને ઉત્સાહથી ખાવામાં આવતું હતું. તેના ઔષધીય ગુણોને કારણે તેનો ઉપયોગ ચાઈનીઝ પરંપરાગત દવા બનાવવામાં પણ થાય છે. તેમની સંખ્યામાં ૯૫ ટકાનો ઘટાડો થયા પછી, સરકારને ચેતવણી આપવામાં આવી હતી અને તેનો સમાવેશ જંગલી પ્રાણીસૃષ્ટિ અને વનસ્પતિની લુપ્તપ્રાય પ્રજાતિઓમાં કરવામાં આવ્યો હતો. જોકે, હવે ચીનના બ્લેકમાર્કેટમાં પણ વિદેશી પ્રાણીઓ ખૂબ જ મોંઘા ભાવે મળી આવે છે.

સરિસૃપ જેવા દેખાતા સસ્તન પેંગોલિન પણ આ શ્રેણીમાં છે. ઘણી પ્રાણી-કલ્યાણ સંસ્થાઓ માને છે કે આ પ્રાણીની વિશ્વમાં સૌથી વધુ તસ્કરી થાય છે. ચીન, વિયેતનામ, કંબોડિયા, શ્રીલંકા સહિત, પેંગોલિન ખૂબ ઊંચા ભાવે ખરીદી કરે છે. હવે આ પ્રજાતિ પણ ઝડપથી ઘટી રહી છે. આ જ કારણ છે કે તેમને જોખમી પ્રજાતિઓની રેડ લિસ્ટમાં મૂકવામાં આવ્યા છે.

વિશાળ ડોડો પક્ષી સંપૂર્ણપણે ખતમ થઈ ગયું હતું. ડોડોનું વજન લગભગ ૨૦ કિલો છે, જેના કારણે તે ઉડી શકતું નથી. ૧૬મી સદીમાં, પોર્ટુગીઝ વેપારીઓએ મુસાફરી દરમ્યાન તેને ખાવાનું શરૂ કર્યું, ત્યારબાદ ડોડો પક્ષીઓ જ્યાં પણ જાય ત્યાં તેને મારી નાખવામાં આવ્યા. વર્ષ ૧૬૮૧માં દુનિયાનો છેલ્લો ડોડો પણ રાંધીને થાળીમાં પહોંચ્યો હતો. હવે ફક્ત સંગ્રહાલયોમાં તેના ફોટોગ્રાફસ છે જેના દ્વારા આપણે તેને જાણીએ છીએ.

એશિયન યુનિકોર્ન પર પણ ખતરો મંડરાઈ રહયો છે. હરણ જેવું પ્રાણી સાઓલા, જેને એશિયન યુનિકોર્ન તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ઝડપથી અદ્રશ્ય થઈ રહ્યું છે, જે વિયેતનામ અને લાઓસ વચ્ચે જોવા મળે છે. સ્થાનિકો તેને ગાય-ભેંસની શ્રેણીનું પ્રાણી માને છે અને ખાય છે. નેવુંના દાયકામાં સમજાયું કે તેમની સંખ્યા ઝડપથી ઘટી રહી છે. વર્લ્ડ વાઈલ્ડ લાઈફ અનુસાર, ત્યારથી અત્યાર સુધીમાં કેટલાક સાઓલા માત્ર ૪ વખત જોવા મળ્યા છે. તેને ક્રિટિકલી એન્ડેન્જર્ડ કેટેગરીમાં મૂકવામાં આવ્યું છે. હાલમાં, નિષ્ણાંતોને પણ ખાતરી નથી કે આ જીવો હજી પણ ત્યાં છે, અથવા સંપૂર્ણપણે નાશ પામ્યા છે.

સંપૂર્ણપણે લુપ્ત થઈ ગયેલી પ્રજાતિઓ વિષે વાત કરીએ તો, WWF મુજબ, વર્ષ ૧૯૭૦ થી ૨૦૧૪ સુધી, ૬૦% થી વધુ સસ્તન પ્રાણીઓ, પક્ષીઓ, માછલીઓ અને સરિસૃપ લુપ્ત થઈ ગયા છે. માત્ર માંસાહારી જ નહીં, પરંતુ જંગલો કાપવા કે પ્રદૂષણ ફેલાવવા પણ તેના કેટલાક કારણો છે. આ અભ્યાસમાં વિશ્વના ૫૯ નિષ્ણાંતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જેમનું માનવું હતું કે જો ગાયબ થઈ ગયેલા પ્રાણીઓ અને પક્ષીઓની જગ્યાએ માનવ વસ્તી સમાપ્ત થઈ ગઈ હોત તો ઉત્તર-દક્ષિણ અમેરિકા, આફ્રિકા, યુરોપ અને ચીન સંપૂર્ણપણે ખાલી થઈ ગયા હોત.

પૃથ્વી એવી જ છે અને પ્રાણીઓ અને પ્રાણીઓની નવી વસ્તી પણ આવી રહી છે. ઘણા લોકો એવી દલીલ પણ કરે છે કે જો તેમને મારી નાખવામાં ન આવે તો તેઓ વિશ્વમાં મનુષ્યોનું સ્થાન લઈ લેશે. પરંતુ વિજ્ઞાન આનાથી અલગ કહે છે. આ મુજબ જો કીડી જેવી એક પણ પ્રજાતિ પૃથ્વી પરથી અદશ્ય થઈ જાય તો સમગ્ર જીવસૃષ્ટિને ખલેલ પહોંચે છે. ઉદાહરણ તરીકે, અમેરિકાના નેશનલ યલોસ્ટોન પાર્કમાં રહેલા વરૂ ચોરીછુપી શિકારને કારણે નાશ પામ્યા હતા. તેમના લુપ્ત થવાને કારણે, હરણની સંખ્યા ઝડપથી વધી અને ઉદ્યાનમાં અન્ય પ્રાણીઓની સંખ્યા અને તેમના રહેઠાણ પણ સમાપ્ત થવા લાગ્યા.

વિશ્વ ફૂડ ચેઇન ઉપર આધારિત છે

બે અલગ અલગ પ્રજાતિઓ ખોરાક માટે એકબીજા ઉપર આધાર રાખે છે, જેમ કે સિંહ શિયાળનો શિકાર કરે છે અને શિયાળ સસલા અથવા નાના પ્રાણીઓનો શિકાર કરે છે. આવી સ્થિતિમાં, જો કોઈ જીવ ખોરાકની સાંકળમાંથી અદશ્ય થઈ જાય, તો તે જેનો શિકાર કરે છે તેની વસ્તી વધશે. આ સાથે એવું પણ થશે કે જે લોકો તેમનો શિકાર કરશે તેમની વસ્તી ઓછી હશે. આ સમગ્ર ઈકોસિસ્ટમને બગાડશે. અને એવું ન વિચારો કે આપણે મનુષ્યો તેનાથી અસ્પૃશ્ય રહીશું. આ જ કારણ છે કે વૈજ્ઞાનિકો વારંવાર છઠ્ઠા સામૂહિક વિનાશ, એટલે કે હોલોકોસ્ટ વિષે વાત કરી રહ્યા છે, પરંતુ જે હંમેશની જેમ કુદરતી નહીં હોય, પરંતુ માનવીય ભૂલોથી આવશે.

તા.૨૧મીએ લાંબી રાત્રી દિવસ ટૂંકો : વિજ્ઞાન જાથા

ગુરૂવાર તા.૨૨થી દિવસ ક્રમશઃ લાંબો અને રાત્રિ ક્રમશઃ ટૂંકી : સૂર્ય ઉત્તર દિશા તરફ ગતિના કારણે ઉત્તરાયણ કહે છે : પૃથ્વી ઝુકેલી હોવાના કારણે દિવસ-રાત લાંબા-ટૂંકા અને ઋતુઓ બને છે


ઉત્તર ગોળાર્ધે વિષુવદિન
તા.૨૦/૦૩/૨૦૨૨ ના ૨૧:૦૩ કલાકે
ઉત્તર
દક્ષિણ
તા.૨૧/૦૬/૨૦૨૨ ના ૧૪:૪૪ કલાકે
દક્ષિણ અયન
સૂર્ય
ઉત્તર અયન
તા.૨૨/૧૨/૨૦૨૨ ના ૦૩:૧૮ કલાકે
તા.૨૩/૦૯/૨૦૨૨ ના ૦૬:૩૩ કલાકે
દક્ષિણ ગોળાર્ધે વિષુવદિન

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૬

બુધવાર તા. ૨૧ ડિસેમ્બરે રાત લાંબી અને દિવસ ટૂંકાનો લોકો અનુભવ કરશે. પૃથ્વી ૨૩.૫ અંશે ઝુકેલી હોવાના કારણે દિવસ-રાતમાં લાંબા-ટૂંકા, ફેરફાર અને ઋતુઓ ઉત્પન્ન કરવામાં કારણભૂત છે. સૂર્ય ઉત્તર દિશા તરફ ગતિ કરે છે તેથી ઉત્તારાયણ કહેવામાં આવ છે. પૃથ્વીની ધરી સીધી હોત તો દિવસ-રાત ૧૨-૧૨ કલાકની બનેછે. બુધવારે રાજકોટમાં ૧૩ કલાક અને ૧૪ મિનિટ ૧૧ સેકન્ડ તથા જૂનાગઢમાં ૧૩ કલાક ૧૧ મિનિટ ૫ સેકન્ડની સૌથી લાંબી રાત્રીનો લોકો અનુભવ કરશે. ભારત જન વિજ્ઞાન જાથા લોકોને દિવસ-રાતના સામાન્ય ફેરફારોનો અનુભવ કરવા અપીલ કરવામાં આવી છે. જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે, પૃથ્વી ૨૩.૫ અંશે ઝુકેલી હોવાના કારણે દિવસ-રાતમાં લાંબા-ટૂંકા, ફેરફાર અને ઋતુઓ ઉત્પન્ન કરવામાં કારણભૂત છે. પૃથ્વીની ધરી સીધી હોત તો દિવસ-રાત ૧૨-૧૨ કલાકની બનેછે. બુધવારે રાજકોટમાં ૧૩ કલાક અને ૧૪ મિનિટની સૌથી લાંબી રાત્રીનો લોકો અનુભવ કરશે. દિવસનોપ્રકાશ આદિવસે ૧૦:૪૭ કલાક, રાત્રિ ૧૦:૩૪ કલાક અને ક્રમશઃ ખગોળીય સંધિકાળ ૫૫ મિનિટ, દરિયાઈ સંધિકાળ ૫૬ મિનિટ અને નાગરિક સંધિકાળ ૪૮ મિનિટ તફાવત મુજબ જોતા સરવાળે ૦૨-૩૯ કલાક રહેશે. આ દિવસે સૂર્ય ૯,૧૪,૪૯,૪૨૧ એમ.આઈ. એટલે ૧૪,૭૧,૭૩,૫૭૭ કિ.મી. દૂરી ઉપર હશે. અવકાશી ઘટનાઓથી જાથા માહિતગાર કરે છે. બુધવાર મધ્ય રાત્રિ બાદ એટલે કે ૦૩ કલાક ૧૮ મિનિટે સાયન સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરશે. આ સાથે ઉત્તરાયણ અને શિશિર ઋતુનો પ્રારંભ થશે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે, રાજકોટમાંરાત્રિ ૧૩ કલાક ૧૪ મિનિટ ૧૧ સેકન્ડ, સુરતમાંરાત્રિ ૧૩ કલાક ૧૩ મિનિટ ૨૫ સેકન્ડ, જૂનાગઢમાં રાત્રિ ૧૩ કલાક ૧૧ મિનિટ ૫ સેકન્ડ, દ્વારકામાં રાત્રિ ૧૩ કલાક ૧૩ મિનિટ ૫૯ સેકન્ડ, અમદાવાદમાં ૧૩ કલાક ૧૭ મિનિટ ૧૧ સેકન્ડ, મુંબઈમાં રાત્રિ ૧૩ કલાક ૦૧ મિનિટ ૨૭ સેકન્ડ, ઉજ્જૈનમાં રાત્રિ ૧૩ કલાક ૩૬ મિનિટ, ૦૭ સેકન્ડ, દિબ્રુગઢમાં રાત્રિ ૧૩ કલાક ૩૬ મિનિટ ૦૭ સેકન્ડ, કાશ્મીરમાં રાત્રિ ૧૩ કલાક ૪૩ મિનિટ ૫૬ સેકન્ડ, કન્યાકુમારીમાં રાત્રી ૧૨ કલાક ૨૧ મિનિટ ૦૯ સેકન્ડ લાંબી રાત્રીનો લોકો અનુભવ કરશે. ત્યાર બાદ તા.૨૨ ગુરૂવારથી રાત્રી ક્રમશઃ ટૂંકી અને દિવસ ક્રમશઃ લાંબો થશે. પૃથ્વીનો ઝુકાવ સૂર્યને પરિભ્રમણ ગતિ, સૂર્ય હોય છે તો દક્ષિણ ગોળાર્ધમાં પણ તે પૃથ્વી તરફ ગતિ કરે છે. નાના-મોટા શહેરોમાં સામાન્ય મિનિટોનો તફાવત જોવા મળેછે. વધુમાં પંડયાએ જણાવ્યું કે, સૂર્ય તેના આકાશના વિચરણમાં ઉત્તર ગોળાર્ધમાં ૨૩.૫ અક્ષાંશ સુધી જ જાય છે અને પછી ત્યાંથી પાછો ફરે છે. તે ૨૩.૫ અંશ ઉત્તર અક્ષાંશને ઓળંગતો નથી. પૃથ્વી ઉપર ૨૩.૫ ઉત્તર અક્ષાંશને કર્કવૃત્ત કહે છે. પૃથ્વી ઉપરના ૨૩.૫ દક્ષિણ અક્ષાંશને મકરવૃત્ત કહે છે. વિશેષમાં જયંત પંડયા જણાવે છે કે, પૃથ્વીની ૨૩.૫ અંશે ઝુકેલી ધરીને કારણે પૃથ્વી ઉપર ઋતુઓ ઉત્પન્ન થાય છે અને ધ્રુવ પ્રદેશો ઉપર છ-છ મહિનાના દિવસ અને રાત થાય છે. પૃથ્વીના ગોળા ઉપર ઊંચે અક્ષાંશે જે બારે માસ ઠંડી રહે છે ત્યાં બારેય માસ બરફ છવાયેલો રહે છે. જાથાએ ભારતભરમાં ખગોળીય ઘટનાની વારંવાર માહિતી આપવા માટે લોકોને જાગૃત કરવા માટે આયોજનો નક્કી કરેલ છે. જૂનાગઢ તળેટી ખાતે ઉલ્કાવર્ષાનો લોકોએ ભરપુર આનંદ લૂંટયો હતો. રાજયના જિલ્લા મથકે ઉલ્કાવર્ષા ખરતી ૧૦થી ૨૫ ઈશાન ખૂણામાં જોવા મળી હતી. લોકોએ અનેરો આનંદ લૂંટયો હતો. બુધવારે ખગોળીય ઘટનાની માહિતી માટે જિલ્લા મથકોમાં અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ડાંગ, આહવા, ગોધરા, વાપી, વલસાડ, નવસારી, સુરત, બારડોલી, ભરૂચ, અંકલેશ્વર, વડોદરા, આણંદ, નડીયાદ, છોટા ઉદેપુર, નસવાડી, રાજપીપળા, મોડાસા, તાપી, મહિસાગર, ખેડા, કચ્છ, રાજકોટ, જૂનાગઢ, ગીર-સોમનાથ, ભાવનગર, બોટાદ, મોરબી, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર જિલ્લા અને તાલુકા મથકોએ અને જાથાની શાખાઓમાં દિવસ-રાત ટૂંકા અને લાંબી રાત્રિ સંબંધી લોકોને માહિતગાર કરનાર છે. જાથાના સદસ્યો અંકલેશ ગોહિલ, ગુલાબસિંહ ચૌહાણ, પ્રકાશ મનસુખભાઈ, રાજુ યાદવ, હકુભાઈ બસીયા, વિનોદ વામજા, ધીરૂભાઈ ટોળીયા, આકાશ પંડયા, દિનેશ હુંબલ, નર્મળિ મેત્રા, ભાનુબેન ગોહિલ, ભકિતબેન રાજગોર, ભાવનાબેન વાઘેલા વિગેરે સદસ્યો આ અભિયાનમાં જોડાવવાના છે. જાથાએ આકાશ તરફ લોકો નજર કરતાં થાય અને ખગોળ વિષય ઉપર રૂચિ કેળવાય તે માટે અભિયાન આદર્યું છે. મંગળવારે લોકો લાંબામાં લાંબી રાત્રિનો અનુભવ કરી બીજે દિવસથી રાત્રિ ક્રમશઃ સેકન્ડની ગણતરીએ ટૂંકી અને દિવસ ક્રમશઃ લાંબો થશે. વિશેષ માહિતી માટે મો.૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયુંછે.

કોડીનાર કાજ વચ્ચે એસ.ટી. બસ શરૂ કરવા માંગણી

કોડીનાર તાલુકાના કાજ ગામે આવેલી આઈટીઆઈ કોલેજમાં અભ્યાસ કરતા સેંકડો વિદ્યાર્થીઓ માટે એસટીની સુવિધા ચાલુ કરવા માંગણી ઉઠી છે

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૬

કોડીનાર તાલુકાના કાજ ગામે આવેલી એકમાત્ર આઈ.ટી.આઈ કોલેજ ખાતે અભ્યાસ કરતા તાલુકા ભરના સેંકડો વિદ્યાર્થીઓ માટે એસ.ટી.ની સુવિધા ન હોવાને કારણે આઈ.ટી.આઈ કોલેજમાં અભ્યાસ સાથે જતા વિદ્યાર્થીઓને પારાવાર મુશ્કેલી પડી રહી છે. હાલ તમામ વિદ્યાર્થીઓ છકડો રીક્ષાના સહારે કોલેજ સુધી જઈ રહ્યા છે. જેથી આ અંગે તાજેતરમાં વિધાનસભાની ચૂંટણી લડેલા અને આર.ટી.આઇ. કાર્યકર્તા મહેશભાઈ મકવાણાએ કોડીનાર એસટી ડેપો મેનેજરને એક વિસ્તૃત પત્ર પાઠવીને કોડીનારથી આઈ.ટી.આઈ કોલેજ કાજ સુધી એસ.ટી. બસ ચાલુ કરવા માંગણી કરી હતી. મહેશભાઈ મકવાણાએ પત્રમાં એવું પણ જણાવ્યું છે કે, જો આ અંગે દિવસ ૧૫માં યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો રસ્તા લોકો આંદોલન સહિતના પગલાં લેવાની ફરજ પડશે અને તેના આવનારા પરિણામની જવાબદારી એસ.ટી. તંત્રની રહેશે. આ અંગે એક વિસ્તૃત આવેદનપત્ર પણ કોડીનારના મામલતદારને પાઠવવામાંઆવ્યું છે.

કોયલી ફાટક પાસે થયેલા અકસ્માતનાં ઈજાગ્રસ્તોને જૂનાગઢ સીવીલ હોસ્પિટલમાં તાત્કાલીક સારવાર અપાઈ

જૂનાગઢનાં ધારાસભ્ય સંજય કોરડીયા હોસ્પિટલ ખાતે દોડી આવી અને ઈજાગ્રસ્તોનાં ખબરઅંતર જાણી જોઈતી મદદ કરવા સૂચના અપાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

મધ્યપ્રદેશના યાત્રિકો સોમનાથથી પરત ફરતા કોયલી ફાટક પાસે નવા બાયપાસ ઉપર અકસ્માત નડતા ગંભીર ઈજાઓ થયેલ ત્યાં ૧૦૮ બોલાવીને બધા દર્દીઓને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાવેલ આ વાતની જાણ જૂનાગઢના ધારાસભ્ય સંજય કોરડીયાને થતા તેઓ રૂબરૂ મુલાકાત લઈ દર્દીઓના ખબર અંતર પૂછ્યા હતા. જૂનાગઢ જિલ્લા પંચાયત પ્રમુખ દિનેશભાઈ ખટારીયાને જાણ કરતા વંથલી પોલીસ સ્થળ ઉપર પહોંચી ગયા હતા તથા સિવિલના સિક્યોરિટી હેડ ભોલુભાઈએ તમામ સ્ટાફને ગેટ ઉપર હાજર રાખેલ અને તાત્કાલિક સારવાર આપેલ હતી. આ ગંભીર અકસ્માતમાં કોયલી, ધંધુસર, વધાવી વગેરે ગામના આગેવાનો તથા યુવાનોનો મદદરૂપ થયા હતા.

આત્મનિર્ભર ભારત અંતર્ગત ડિફેન્સ સંબંધિત ઉપકરણોના ઉત્પાદનમાં જોડાવાનો આ શ્રેષ્ઠ અવસર

આગામી વર્ષમાં આ માર્કેટ ૪ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચવાનો અંદાજ : સંરક્ષણ ઉપકરણોના ઉત્પાદનમાંગુજરાત દેશનુંનેતૃત્વ કરી શકે છે : મેજર જનરલ અશોકકુમાર

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૬

વિશ્વમાં અમેરિકા હશિયારોનું સૌથી મોટું ઉત્પાદક અને નિકાસકાર છે પણ તેની વિશ્વસનીયતા ઘટી રહી છે. બીજા ક્રમે રહેલું રશિયા પોતે યુધ્ધમાં ફસાયેલું છે. એટલે આજે રશિયાને સંરક્ષણ ઉપકરણોની જરૂર પડી રહી છે. ચીનની વિસ્તારવાદી નીતિથી વિશ્વના દેશો ત્રસ્ત છે, આથી સંરક્ષણ ઉપકરણો માટે દુનિયાના દેશો ભારત તરફ મીટ માંડીને બેઠા છે. આમ દુનિયાનું એક મોટું માર્કેટ પણ ઉદ્યોગકારો માટે ખૂલ્યું છે. કેન્દ્ર સરકારે વર્ષ ૨૦૨૫ સુધીમાં ૩૫ હજાર કરોડ રૂપિયાની નિકાસનો લક્ષ્યાંક રાખ્યો છે. આ ટારગેટ કોણ પૂરો કરશે? તમે જ કરશો. ડિફેન્સ સંબંધિત ઉપકરણોના ઉત્પાદનમાં રહેલી વિશાળ તકોની માહિતી આપતાં તેમણે કહ્યું હતું કે, આ ક્ષેત્રમાં સફળતાની ૯૦ ટકા સંભાવના છેઅને દર વર્ષે તેવધતી જ રહેશે. મેક ઈન ઈન્ડિયા અંતર્ગત સંરક્ષણ સંબંધિત ઉપકરણોના ઉત્પાદનમાં દેશને આત્મનિર્ભર બનાવવાનો લક્ષ્યાંક કેન્દ્ર સરકારે નક્કી કર્યો છે, ત્યારે ગુજરાત રાજ્યના ઉદ્યોગકારો તેની આગેવાની લઈ શકે તેવી ક્ષમતા અહીંની છે, તેમ લઘુઉદ્યોગ ભરતીના ઉપક્રમે આયોજિત સેમિનારમાં રાજકોટના ઉદ્યોગકારોને સંબોધિત કરતા રિટાયર્ડ મેજર જનરલ અશોકકુમારે જણાવ્યું હતું. લઘુઉદ્યોગ ભરતીના ઉપક્રમે આયોજિત સેમિનારમાં રાજકોટના ઉદ્યોગકારોને તેઓ સંબોધિત કરી રહ્યા હતા. અશોકકુમાર કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે ડિફેન્સ સંબંધિત અનેક વસ્તુઓની આયાત ઉપર પ્રતિબંધ મૂક્યો છે. આ આયાત બંધ થવાથી, આ સંસાધનોના ઉત્પાદનનું આશરે ૨,૩૨,૦૦૦ કરોડ રૂપિયાનું માર્કેટ દેશમાં ખૂલ્યું છે. આગામી વર્ષમાં આ માર્કેટ ૪ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચવાનો અંદાજ છે. તેમણે ઉદાહરણો સાથે કહ્યું હતું કે, ડિફેન્સ ઈન્ડસ્ટ્રીમાં વિકાસની પુષ્કળ તકો છે. આજે આપણા દેશનું સંરક્ષણ બજેટ આશરે પાંચ લાખ કરોડ રૂપિયા છે. જેમાંથી આશરે ૨,૩૨૦૦૦ કરોડ રૂપિયાનું બજેટ સંરક્ષણ ઉપકરણોની ખરીદી પાછળ ખર્ચાવાનું છે અને તેમાંથી પણ ૧,૩૨૦૦૦ હજાર કરોડ રૂપિયાનું બજેટ તો સ્થાનિક ખાનગી ઉદ્યોગકારો માટે છે. જેમ કે, દેશમાં આજે ૩૫૪ લાઈટવેટ ટેક્ક બનાવવાનો લક્ષ્યાંક છે, જેમાંથી ૫૯ ટેક્ક ડી.આર. ડી.ઓ. બનાવશે. બાકીની ટેન્કો અને તેના પાર્ટ્સ બનાવવા માટે તમારા માટે સોનેરી તક છે. તેમણે કહ્યું હતું કે, ડિફેન્સ સંસાધનો અંગેના ૩૧ જેટલા પ્રોજેકટ સ્થાનિક માર્કેટમાં જ અપાયા છે, જેની કિંમત ૫૩,૮૩૯ કરોડ છે. આ ઉપરાંત આગામી દિવસોમાં રિસર્ચ અને ડેવલપમેન્ટ, ક્વોલિટી એસેસમેન્ટ સર્ટિફિકેશન સહિતના સંલગ્ન માર્કેટ પણ વિકસી રહ્યા છે. દેશે વિકાસની જે ગતિ પકડી છે, તે હવે પાછળ પડી શકે તેવી નથી. આ ગતિ અને વિકાસ આગળ વધતો રહેશે. રાજકોટના ઉદ્યોગકારોને આગ્રહ કરતા તેમણે કહ્યું હતું કે, આત્મનિર્ભર ભારત અંતર્ગત ડિફેન્સ સંબંધિત ઉપકરણોના ઉત્પાદનમાં જોડાવાનો આ શ્રેષ્ઠ અવસર છે. જે આજે નહીં જોડાય તે ખૂબ પાછળ રહી જશે. સૈન્ય માટે ગન્સ, ગાડી સહિત જે સાધનો કે તેને સંબંધિત નાના મોટા જે ઉપકરણો બનાવવાની ઈચ્છા થાય તે બનાવજો, તેના માટે યોગ્ય સહયોગ આપવાની તૈયારી પણ તેમણે દર્શાવી હતી. પોતાનું વકતવ્ય શરૂ કરતાં પહેલાં તેમણે સરદાર વલ્લભભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે તેમનું સ્મરણ કર્યું અને સૌએ મિનિટનું મૌનપાળી શ્રદ્ધાંજલિ આપી હતી. આ સેમિનારમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં જનરલ મેનેજરશ્રી કિશોર મોરી, રિટાયર્ડ બ્રિગેડિયર અરવિંદસિંહ, રિટાયર્ડ કર્નલ સંજય દઢાણિયા, લઘુઉદ્યોગ ભારતીના સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રમુખ હંસરાજ ગજેરા, અન્ય હોદેદારો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ખંભાળિયામાં આવતીકાલે જલેબી ઉત્સવ કાર્યક્રમ : શોભાયાત્રાનું ભવ્ય આયોજન

(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા, તા. ૧૬

વૈષ્ણવોના પૂજ્ય શ્રી વિઠ્ઠલનાથજીના ૫૦૮માં જન્મોત્સવની ખંભાળિયામાં ભવ્ય ઉજવણી થશે. ખંભાળિયામાં શ્રી ગુસાઈજીના ઉત્સવ જલેબી ઉત્સવના સુંદર કાર્યક્રમનું આયોજન આવતીકાલે શનિવાર તારીખ ૧૭ મીના રોજ કરવામાં આવનાર છે.

આ પ્રસંગે આવતીકાલે શનિવારે સાંજે ૫ વાગ્યે અત્રે શ્રી મહાપ્રભુજીની બેઠકજી ખાતેથી શોભાયાત્રાનો પ્રારંભ થશે. જે વાજતે ગાજતે અત્રે બરછા સ્ટ્રીટ ખાતે આવેલી સેવાકુંજ હવેલી ખાતે સંપન્ન થશે. અહીં સેવાનીધી પાઠશાળાના બાળકો સુંદર નાટિકા અને કીર્તન સાથે શ્રી ગુસાઈજીની વાર્તા રજૂ કરશે. આ વરણાંગીમાં બજાણાની જાણીતી કીર્તનમંડળી ભજન-કીર્તનની રમઝટ બોલાવશે. આ વરણાંગીના મનોરથી તરીકે વિનુભાઈ બરછા (ઘી વારા) ખાસ ઉપસ્થિત રહેશે. આ આયોજન માટે સેવાકુંજ હવેલી નિર્મિત કૃતાર્થ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલન કરવામાં આવી રહ્યું છે. આ ધર્મ ઉત્સવમાં પુરૂષોએ ધોતી તેમજ બંડી સાથે તેમજ બહેનોએ કેસરી, પીળા અથવા લાલરંગની સાડી અથવા ચણીયા ચોલી પહેરીને ઉપસ્થિત રહેવા અપીલ કરવામાં આવી છે.

ઝાંઝરડા રોડ ઉપર મેડીકલ સ્ટોરમાં ધમાલ કરનારની ધરપકડ

(અનુ.પાના ૮નુંચાલુ...)

શહેરના અનેક મેડીકલ સ્ટોરમાં મળતા સિરપનો નશેડી લોકો નશા માટે ઉપયોગ કરી રહ્યાછે. નશો કરવા માટે આવી સિરપની ૨ થી ૩ બોટલો નશેડી લોકો ગટગટાવી જતા હોવાનુંપણ લોકોમાંચર્ચાઈ રહ્યું છે. અગાઉ એસઓજીએ અનેક ગામોની દુકાનોમાંથી ટોનિકના નામે વેંચાતી અનેક બોટલો કબ્જે કરી હતી. આમ, સિરપનું બોટલો નશા કરવા માટેનું આ આધુનિક માધ્યમ બન્યું હોય નશેડી લોકો તેનો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે.

રાજયકક્ષાએ ઓસમ આરોહણ-અવરોહણ સ્પર્ધાનું આયોજન સ્પર્ધામાં ૧૪ થી ૧૮ વર્ષનાં ભાઇઓ-બહેનો ભાગ લઈ શકશે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૬

ગુજરાત સરકારના રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજિત અને જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, રાજકોટ સંચાલિત રાજયકક્ષા તૃતિય ઓસમ આરોહણ-અવરોહણ સ્પર્ધા ૨૦૨૨-૨૩નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાનું આયોજન જુનીયર વિભાગ-ભાઈઓ અને જુનીયર વિભાગ-બહેનો એમ બે વિભાગમાં કરવામાં આવશે. સ્પર્ધામાં ૧૪થી ૧૮ વર્ષની (તા.૩૧-૧૨-૨૦૨૨ની સ્થિતિએ) વયમર્યાદા ધરાવતા ભાઈઓ-બહેનો ભાગ લઇ શકશે. તૃતિય ઓસમ આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવા સ્પર્ધકોએ રાજકોટ જિલ્લાનાં ધોરાજી તાલુકાનાં પાટણવાવ ગામે આવેલ ઓસમ પર્વત ખાતે સ્વખર્ચે આવવા-જવાનું રહેશે. સ્પર્ધા દરમ્યાન નિવાસ અને ભોજન રાજય સરકાર તરફથી આપવામાં આવશે. ગુજરાતનાં ઈડર, પાવાગઢ, ચોટીલા અને ગીરનાર ખાતે આયોજિત આરોહણ-અવરોહણ સ્પર્ધામાં જુનીયર કક્ષાએ ભાગ લેનાર સ્પર્ધકોએ રાજય કક્ષા તૃતિય ઓસમ આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે નહિં. આ સ્પર્ધામાં ૧ થી ૧૦ ક્રમે પસંદ થનાર સ્પર્ધકોને રાષ્ટ્રીય કક્ષાની ગીરનાર આરોહણ-અવરોહાણ સ્પર્ધામાં સીધા જ પ્રવેશ આપવામાં આવશે. રાજયકક્ષા તૃતિય ઓસમ આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતાં ગુજરાત રાજયનાં ભાઈઓ-બહેનોએ નિયત નમૂનાનું અરજી ફોર્મ સંપૂર્ણ વિગતે ભરીને જરૂરી આધાર પુરાવા સાથે જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, રાજકોટ ગ્રામ્ય, ૫/૫, બહુમાળી ભવન, રેસકોર્ષ રોડ, રાજકોટ ખાતે તા.૩૧-૧૨-૨૦૨૨નાં રોજ સાંજે ૬ કલાક સુધીમાં રૂબરૂ અથવા ટપાલથી મોકલી આપવાનું રહેશે. અધુરી વિગતો ભરેલ અરજીઓ તેમજ સમય મર્યાદા પછી મળેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં. તેમ રાજકોટ જિલ્લા યુવા વિકાસ અધિકારી એચ.વી. દિહોરાની યાદીમાં જણાવાયું છે.

ખંભાળિયાના લિટલ ચેમ્પ ક્રિશીવ છગએ સાયન્સ સીટી ખાતેની સ્પર્ધામાં એવોર્ડ પ્રાપ્ત કર્યો



(કુંજન રાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૧૬

અમદાવાદના સાયન્સ સીટી સ્થિત વિજ્ઞાન ભવન ખાતે તાજેતરમાં યોજાઈ ગયેલી રાજય કક્ષાની માનસિક અંક ગણિત સ્પર્ધામાં ખંભાળિયાના વતની અને જામનગરની અલોહા એશ્યોર એકેડેમીના વિદ્યાર્થી ક્રિશીવ નિરવભાઈ છગએ સૌરાષ્ટ્રમાં પ્રથમ સ્થાન મેળવ્યા બાદ રાજય કક્ષાએ યોજાયેલી સ્પર્ધામાં બેસ્ટ પર્ફોર્મિંગ તરીકે પ્રથમ ક્રમે વિજેતા થઈ, પારિતોષિક પ્રાપ્ત કર્યું હતું. સાયન્સ સીટી ખાતે વિજ્ઞાન ભવનમાં જુદા જુદા ક્ષેત્ર અને જિલ્લાના સંચાલકો, વિદ્યાર્થીઓ અને વાલીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં ક્રિશીવ છગએ આ સ્પર્ધામાં લેવલ-૮ની શ્રેણીમાં વિજેતાનો ખિતાબ મેળવ્યો હતો. આ ઉપરાંત ૧૯ વિદ્યાર્થીઓ વિજેતા, ૧૪ વિદ્યાર્થીઓ ફર્સ્ટ રનર્સ અપ તથા ૧૨ વિદ્યાર્થીઓ સેકન્ડ રનર્સ અપ થયા હતા. કુલ ૪૫ એવોર્ડ જામનગર જોલી બંગ્લોઝ સેન્ટરને સાંપળ્યા હોવાથી સમગ્ર રાજ્યમાં "બેસ્ટ પર્ફોર્મિંગ સેન્ટર"નો એવોર્ડ પણ જામનગરને મળ્યો છે. જેમાં ખંભાળિયાના ક્રિશીવ છગએ વિજેતા બની, ખંભાળિયા શહેર સાથે સમગ્ર રઘુવંશી જ્ઞાતિનું ગૌરવ પણ વધાર્યું છે.

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ. વર્તુળ કચેરી, જૂનાગઢ

ફોન : ૦૨૮૫ - ૨૬૨૨૧૬૭/૨૬૨૨૧૭૬ ફેકસ ૦૨૮૫-૨૬૫૭૬૯૫

www.pgvcl.com & http://guj-epd.gov.in

નિવિદા-૨૪૮/૨૦૨૨

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિ. વર્તુળ કચેરી, જૂનાગઢ હેઠળ આવતી વિભાગીય કચેરીઓનાં જુદા-જુદા કામો, માલસામાન ખરીદી માટે સીલબંધ કવરમાં રજીસ્ટર એ.ડી.થી ભાવો મંગાવવામાં આવે છે. ઉપરોકત વિગત પી.જી.વી.સી.એલની વેબસાઈટ www.pgvcl.com અને ઓનલાઈન ટેન્ડર www.nprocure.com ઉપરથી મળી શકશે તથા વિભાગીય કચેરીનાં નોટીસ બોર્ડ ઉપરથી મળી શકશે.

ટોલ ફ્રી નં.૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ અને ૧૯૧૨૨
ઉર્જા બચાવો, પોતાના તથા રાષ્ટ્રનાં હિત માટે

અધિક્ષક ઈજનેર (સં.નિ.)
જૂનાગઢ

:: જાહેર નોટીસ ::

નામ. બીજા એડીશ્નલ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં
(શ્રી જે.એન. મહેતા સાહેબની કોર્ટ) મુ. જૂનાગઢ

ફો.પ.અ.નં. ૭૮/૨૦૨૨
મુદત તા. ૦૫/૦૧/૨૦૨૨

મોહનભાઈ સ.ઓ. પુંજાભાઈ નેભાભાઈ દિવરાણીયા
ઉ.વ. ૨૦, ધર્મે-હિન્દુ, ધંધો-અભ્યાસ,
રહે. લીરબાઈપરા, જૂનાગઢ, મુળ રહે. ધંધુસર,
તા. વંથલી, જી. જૂનાગઢ.. ..... અરજદાર

વિરૂધ્ધ

જન્મ નોંધણી અધિકારીશ્રી, સમન્સ થ્રુ કમિશ્નરશ્રી,
મહાનગરપાલિકા કચેરી, જૂનાગઢ... ..... સામાવાળા

અરજદાર તર્ફે વિ.વ. શ્રી બી.વી. પંડયા

આથી લાગતા વળગતાને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારએ અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજદારનો જન્મ તા. ૦૧/૦૬/૨૦૦૨ના રોજ જૂનાગઢ પોતાના ઘરે થયેલ છે. જેના જન્મની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી, મહાનગરપાલિકા, જૂનાગઢમાં કરવા માટે અરજ કરેલ છે. જે અંગે કોઈને વાંધો-તકરાર હોય તેઓએ તા. ૦૫/૦૧/૨૦૨૩ના રોજ સવારનાં ૧૦.૪૫ કલાકે અત્રેની કોર્ટમાં જાતે અથવા તેમનાં વકીલ મારફત હાજર રહેવું. ગેરહાજર રહયેથી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેવી.

આજ તારીખ ૧૫ મી માહે ડિસેમ્બર સને ૨૦૨૨ના રોજ મારી સહી તથા કોર્ટનું સીલ કરેલ છે.

તૈયાર કરનાર/તપાસનાર
સહી : અવાચ્ય
(એમ.વી. શામળા)
આસી.

હુકમથી
સહી : અવાચ્ય
(એસ.કે. વાજા)
રજીસ્ટ્રારશ્રી,
ચીફ જયુડીશ્યલ મેજી. કોર્ટ,
જૂનાગઢ

કોર્ટનો સિકકો

શિક્ષણ જગતને કલંકીત કરતો બનાવ : બાળાઓની જાતીય સતામણી કરનાર

અમરાપુર ગીર ગામની પે સેન્ટર શાળાનાં લંપટ શિક્ષક, પ્રિન્સીપાલ, પટ્ટાવાળા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ

(પ્રતિનિધિ દ્વારા)

અમરાપુર તા.૧૬

શિક્ષણ જગતાને કલંકીત કરતો એક બનાવ બહાર આવતાં માળીયા હાટીના તાલુકામાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો હતો. વાત જાણે એમ છે કે અમરાપુર ગીર ગામની પે સેન્ટર શાળામાં અભ્યાસ કરતી દિકરીઓ સાથે અણછાજતું વર્તન, અડપલા અને એક શિક્ષક ગુરૂને ન છાજે તેવું વર્તન આ શાળાનાં એક શિક્ષકે કર્યુ હોવાનો બનાવ પ્રકાશમાં આવતા વાલીઓ અને ગામલોકો શાળાએ દોડી ગયા હતાં અને ભારે હોબાળો મચ્યો હતો. આ બનાવનાં અનુસંધાને અડપલા કરનાર શિક્ષક તેમજ પ્રિન્સીપાલ અને પટ્ટાવાળા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવવામાં આવી છે. અને આરોપીની સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ બનાવ અંગે પ્રાપ્ત થતી વિગત અનુસાર જૂનાગઢ જીલ્લાના માળિયાહાટિના તાલુકાના અમરાપુર ગામમાં પે સેન્ટર શાળા આવેલી છે. અહીં અભ્યાસ કરતી કેટલીક વિદ્યાર્થિનીઓએ શાળાના શિક્ષક ગિરીશ લાડાણી તેની સાથે શારીરિક છેડતી કરતા હોવાની વાલીઓને ફરિયાદ કરી હતી. જેના કારણે આજે શાળા ચાલુ હતી ત્યારે જ ગામલોકો અને વાલીઓ શાળા પર દોડી આવ્યા હતા અને હોબાળો મચાવ્યો હતો.

એકઠા થયેલા ગામલોકોએ જ્યારે શાળાની કઈ વિદ્યાર્થિની સાથે છેડતીનો બનાવ બન્યો છે તેની પૂછપરછ કરી તો એક બાદ એક વિદ્યાર્થિનીઓ પોતાની આપવીતી જણાવવા લાગી હતી. જેના કારણે ગામલોકો પણ ચોંકી ઊઠ્યા હતા. લંપટ શિક્ષક ગિરીશ લાડાણીની ફરિયાદ કરતાં કરતાં વિદ્યાર્થિનીઓ ચોધાર આંસુઓ રડી પડી હતી. અત્યાર સુધીમાં ૧૨ જેટલી વિદ્યાર્થિનીઓએ પોતાની છેડતી થઈ હોવાની પોલીસને માહિતી આપી છે. ગામલોકોના મતે ભોગ બનનાર વિદ્યાર્થિનીઓની સંખ્યા વધી શકે છે. ગામલોકો દ્વારા જ્યારે વિદ્યાર્થિનીઓની પૂછપરછ કરવામાં આવી તો કહ્યું હતું કે, અમે જ્યારે સાહેબને લેશન બતાવવા જઈએ ત્યારે અમે દૂર ઊભા રહીએ તો સાહેબ અમારો હાથ પકડીને આગળ ખેંચી લેતા અને અમને બાથમાં લઈ છેડછાડ કરતા હતા.વિદ્યાર્થિનીઓએ કહ્યું હતું કે, છેલ્લા લાંબા સમયથી ગિરીશ સાહેબ આ પ્રકારની હરકત કરતા આવ્યા છે. ભૂતકાળમાં જ્યારે આ મામલે અમે આચાર્યને ફરિયાદ કરી ત્યારે આચાર્યએ કહ્યું હતું કે, આ વાત તમે તમારા ઘરે ન કરતા. અમારી ફરિયાદ બાદ ગિરીશ સાહેબની બદલી કરી દેવામાં આવી હતી પરંતુ, ત્યારબાદ કોઈપણ કારણોસર ફરી તે અહીં આવી ગયા હતા. આ સમગ્ર મામલે માંગરોળ ડિવિઝનના ડીવાયએસપી ડી.વી.કોડિયાતરે કહ્યું હતું કે, શિક્ષક ગિરીશ લાડાણીએ બાળાઓ સાથે અડપલાં કરતા હોવાની વાલીઓ અને વિદ્યાર્થિનીઓની રજૂઆત હતી. પોલીસે તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી તપાસ હાથ ધરી છે, સમગ્ર ઘટનાની તપાસ ચાલુ છે. જુદી જુદી ટીમો કામે લગાડી બનાવની તપાસ કરી આરોપીને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.દરમ્યાન ગઈકાલે મોડી સાંજે ભોગ બનનાર ધો. ૪ની વિદ્યાર્થીનાં માતાએ પોલીસમાં નોંધાવેલી ફરીયાદનાં અનુસાર અમરાપુર પે સેન્ટરનાં શિક્ષક ગિરીશ લાડાણી, પ્રિન્સીપાલ ભાણજીભાઈ તેમજ પટ્ટાવાળા રત્નાભાઈ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે ફરીયાદીની દિકરી ધો. ૪માં અમરાપુર પે સેન્ટર શાળામાં ભણતી હોય અને આરોપી અમરાપુર પે સેન્ટર શાળામાં શિક્ષક હોય તેણે ફરીયાદીની સગીર દિકરીને બોલાવી અને શરીરનાં જુદા જુદા ભાગો ઉપર અડપલા કરી તેમજ અન્ય ભોગ બનનાર છોકરીઓનો પણ અડપલા કરી જાતીય સતામણી કરી તથા આ શાળાનાં પ્રિન્સીપાલે બાળાઓને વાલીઓને વાત કરશો તો તમારા સર્ટીફીકેટ કાઢીનો આપી દઈશ તેવી ધમકી આપી તથા આરોપી પટ્ટાવાળા રત્નાભાઈએ ગિરીશ લાડાણીએ ફરાર થઈ જવામાં એકબીજાને મદદગારી કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતાં માળીયા હાટીના પોલીસે આરોપીઓ વિરૂધ્ધ વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ માંગરોળનાં નાયબ પોલીસ અધિકારી ડી.વી. કોડીયાતર ચલાવી રહયા છે.

જૂનાગઢની યુવતીને મુંબઈ ઘાટકોપર ખાતે રહેતા સાસરીયા તરફથી ત્રાસ અપાતો હોવાની ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૧૬

જૂનાગઢની પરણીત યુવતીને મુંબઈ ઘાટકોપર ખાતે રહેતા સાસરીયા પક્ષ તરફથી દુઃખ-ત્રાસ આપી અને છુટાછેડા આપી દેવા અંગે જણાવ્યું હોવાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાવવામાં આવતા મહિલા પોલીસે યુવતીનાં પતિ સહિત ૬ સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.આ બનાવ અંગે મહિલા પોલીસે આપેલી વિગત અનુસાર, ઉગરેજીયા સુરભીબેન કુનાલભાઈ રહે.બી-૨, ૧૭-પોલીસ હેડકવાર્ટર, જયશ્રી રોડ, જૂનાગઢ વાળાએ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, ફરિયાદી યુવતીનાં પતિ કુનાલ ગોપાલભાઈ ઉગરેજીયા, સસરા ગોપાલભાઈ પીતાબંરભાઈ, સાસુ પુનમબેન ગોપાલભાઈ, જેઠ રાહુલ ગોપાલભાઈ, જેઠાણી છાયા રાહુલભાઈ અને નણંદ રોશની વિજયભાઈ થડકીયા રહે.તમામ ૭૦૩-દેવીકૃપા બિલ્ડીંગ નં-૩, પંતનગર, ગૌરીશંકર વાડી, મુંબઈ, ઘાટકોપર વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, તા.૧૪-૧૨-૨૦૨૧થી આજ દિવસ સુધીનાં બનેલા બનાવમાં નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ફરિયાદી બેનનાં પતિને તેની જેઠાણી સાથે આડા સંબંધ હોય જેથી ફરિયાદી બેનનાં પતિ તેની જેઠાણીનાં રૂમમાં રાતનાં બે વાગ્યા સુધી રહેતા, બાદ ફરિયાદી બેન પાસે મોઢુ ચડાવીને આવતા અને ઉંઘ આવે છે તેમ કહી સુઈ જતો અને કોઈ વાતચીત ન કરતો તેમજ ગાળો દઈને બોલાવતો, મોઢા ઉપર મારતો તેમજ તમામ આરોપીઓ અંધશ્રધ્ધામાં માની ફરિયાદી બેનને અપમાનીત કરતા અને એક જનાવરની જેમ રાખતા ઘરમાં જે ખાવા-પીવાનું આપતા તે ખાઈ પીને પડયા રહેવાનું એક વહુ તરીકે રાખતા નહી અને સુખ શાંતીથી રહેવા દીધેલ નહી ફરિયાદી બેનનો સોનાનો પેન્ડલ સેટ રાખી લઈ, શારિરીક માનશીક દુઃખ-ત્રાસ આપી હાલ ફરિયાદી બેન પ્રેગ્નેટ હોય તો તમામ આરોપીઓ એવું દબાણ કરતા કે તું એબોર્શન કરાવી નાખ અમારે તને છુટાછેડા આપી દેવા છે. તેમજ ફરિયાદી બેનને તેનાં ઘરે મુકી જઈ એબોર્શન કરાવી નાખવા અને છુટાછેડા આપી દેવાનું કહી જતા રહી અને એકબીજાને મદદગારી કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસો આરોપીઓ વિરૂધ્ધ શારિરીક માનસીક ત્રાસ આપવા સહિતની વિવિધ કલમ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ મહિલા પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ એન.એ. શુકલ દ્વારા કરવામાં આવી રહેલ છે.

કોયલી નજીક ટેમ્પો-ડમ્પર વચ્ચે અકસ્માત, ૧નું થયેલ મૃત્યું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૧૬

કોયલી નેશનલ હાઈવે ઉપર ટેમ્પો અને ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાતો હતો. અકસ્માતમાં ૧નું મૃત્યું થયું હતું જ્યારે ૭ લોકો ઘાયલ થતા તેને ૧૦૮ની ૩ એમ્બ્યુલન્સ દ્વારા જૂનાગઢ સિવિલમાં દાખલ કારાયા હતા. આ અંગે મળતી વિગત મુજબ એમપીનો ગુપ્તા પરિવાર જામનગરથી ટેમ્પો બાંધી સોમનાથ દર્શનાર્થે ગયો હતો. ત્યાંથી પરતફરી રહ્યા હતા. ત્યારે કોયલી નેશનલ હાઈવે ઉપર ટેમ્પોની ટક્કર ડમ્પર સાથે થઈ હતી. આ અકસ્માતમાં રાધેશ્યામ ગુપ્તા નામના ૭૫ વર્ષિય ગંભીર ઈજાગ્રસ્ત વૃદ્ધનું સારવાર દરમ્યાન મોત થયું હતું. જ્યારે અન્દેવી ગુપ્તા (૬૫), મહાવિર ગુપ્તા(૪૨), મહેશ ગુપ્તા(૩૮), પૂજા ગુપ્તા(૩૩), રાધા ગુપ્તા(૩૭), શુંભાગ ગુપ્તા(૧૪) અને સિદ્ધિ ગુપ્તા(૧૧)ને ઈજા પહોંચી હતી. અકસ્માતની જાણ થતા ઈમરજન્સી સારવાર ૧૦૮ની ૩ એમ્બ્યુલન્સ તુરત ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને તમામને તુરત સારવાર અર્થે જૂનાગઢ સિવીલમાં દાખલ કરાયા હતા.

અકસ્માતની જાણ થતા અનેક લોકો તુરત પહોંચી ગયા હતા અને અકસ્માત સ્થળેથી મળેલ રોકડ રૂપિયા, સોનાના દાગીના વગેરે વંથલી પોલીસને સોંપી દીધા હતા. દરમ્યાન જૂનાગઢ જીલ્લા પંચાયતના સદસ્ય અર્જુનભાઈ દિવરાણીયાએ જણાવ્યું હતું કે, બપોરના સમયે હું પોરબંદર અર્જુનભાઈ મોઢવાડિયાના પિતાના બેસણામાં જતો હતો. ત્યારે મને અકસ્માતની જાણ થઈ હતી. બાદમાં પોલીસ, ૧૦૮ની ટીમ, સ્થાનિક લોકોની મદદ લઈ ઈજાગ્રસ્તોને સિવીલ પહોંચાડવામાં મદદ કરી હતી. સિવીલમાં સિક્યુરિટિ સ્ટાફ ભોલુભાઈ, તબીબી સ્ટાફ દ્વારા સારવારની કામગીરી હાથ ધરી હતી.

ઝાંઝરડા રોડ ઉપર મેડીકલ સ્ટોરમાં ધમાલ કરનારની ધરપકડ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૬

જૂનાગઢ ઝાંઝરડા રોડ ઉપર આવેલ મેડિકલ સ્ટોરમાં ધમાલ મચાવનાર શખ્સની બી ડીવીઝન પોલીસે અટક કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે બી ડીવીઝન પોલીસે જણાવ્યું હતું કે, શહેરના ઝાંઝરડા રોડ ઉપર એક મેડિકલ સ્ટોર આવેલ છે. દરમ્યાન શહેરના સુખનાથ ચોકમાં રહેતો અને ઝાંઝરડા રોડ ઉપર ફૂલનો ધંધો કરતો સાહિલ નામનો ૨૧ વર્ષિય શખ્સ બોટલ લેવા ગયો હતો. મેડિકલ સ્ટોર સંચાલકે ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વિના દવા આપવાની ના પાડતા સાહિલે પિતો ગૂમાવ્યો હતો અને ભારે બબાલ મચાવી હતી. તેમણે મેડિકલ સ્ટોરમાં તોડફોડ કરી હતી અને છરી પણ બતાવી હતી. પરિણામે ઝાંઝરડા રોડ ઉપર ભયનું વાતાવરણ ઊભું થઈ ગયું હતું. આ અંગે અજય ચંદુલાલ મકવાણાએ ફરિયાદ નોંધાવતા બી ડીવીઝન પોલીસે આરોપીની અટકકરી આગળની તપાસ હેડ કોન્સ્ટેબલ કે.ડી.રાઠોડે હાથ ધરી છે.

(અનુ. પાના ૭ ઉપર)

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. ૬૫૦૦* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

જૂનાગઢ : શ્રીજી ક્રેડીટ નામની મોટરસાઈકલ ડ્રોની સ્કીમનાં પૈસા બાબતે હુમલો : માર માર્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા.૧૬

વંથલી તાલુકાનાં બોડકા(બાવાના) ગામનાં પ્રકાશભાઈ મનસુખભાઈ ચૌહાણ(ઉ.વ.૨૯)એ ભોવાનભાઈ વ્યાસ, ડાંગરભાઈ અને એક અજાણ્યા શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામનાં ફરિયાદીએ આ કામનાં આરોપી ભોવાનભાઈ વ્યાસ જેઓની મેંદરડા મુકામે સને ૨૦૧૯નાં વર્ષમાં શ્રીજી ક્રેડીટ નામની મોટરસાઈકલ ડ્રોની સ્કીમ ચાલતી હોય જે સ્કીમમાં અરજદાર તથા સાહેદોએ ટીકીટ લીધેલ હોય જે ટીકીટનાં ફરિયાદી તથા સાહેદોનાં નિકળતા પૈસા આરોપીની શ્રીજી ક્રેડીટ નામની ઓફીસ ઝાંઝરડા ચોકડી પાસે આવેલ હોય ત્યાં ટીકીટનાં પૈસા લેવા ગયેલ અને આરોપીની દુકાન ઓફીસમાં જઈ પૈસા બાબતે ચર્ચા કરતા આરોપીઓએ ફરિયાદી અને સાહેદોને આ ટીકીટનાં પૈસા બાબતે બિભત્સ શબ્દો કહી તેમજ આરોપી ડાંગરભાઈએ તેની આફીસ દુકાનની અંદર રાખેલ લાકડાનાં બેજબોલનાં ધોકા વડે દુકાનની અંદર ફરિયાદી તથા સાહેદને શરીરે માર મારી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધવવામાં આવતા બી ડીવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

torrent POWER DNHDD
વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ
ગ્રાહકોને ગુણવત્તાભર્યો અને વિશ્વસનીય વીજપૂરવઠો સતત અને સુનિશ્ચિતપણે મળતાં રહે તે માટે નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનો માંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૪:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

તારીખ અને વાર	સબસ્ટેશન	ફીડર	વિસ્તાર
૧૭/૧૨/૨૦૨૨ શનિવાર	મસાટ	૧૧ કેવી ઘોયલા	મંગલ નો ચોરો, ક્ષામા પરમાર નો ચોરો, સિકોતર નો ચોરો અને ગણેશ નગર. ઘોયલા

અસુવિધા બદલ દિલગીર છીએ
દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ રજૂ કરે છે વરિષ્ઠ તથા દિવ્યાંગ નાગરિકો માટે નીચે મુજબની વિવિધ વીજ સેવાઓ જે હવે ઘર આંગણે કોલ કરીને મેળવી શકાશે.
● વીજબીલમાં નામબદલી ● વીજજોડાણનાં સ્થળમાં ફેરફાર
● વીજભારમાં સુધારો ● નવા વીજજોડાણની અરજી ● વીજબીલની ચુકવણી
આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્મા અને ધારાસભ્ય સંજય કોરડીયા દ્વારા લોક ફરિયાદ સાંભળી જરૂરી કાર્યવાહી કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૬

ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનાં પ્રમુખ પુનિતભાઈ શર્મા અને જૂનાગઢનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા દ્વારા લોકહીતનાં કાર્યોમાં અંગત રસ લઈ અને પ્રજાની ફરિયાદ સાંભળી આગળની કાર્યવાહી કરી છે. ગઈકાલે ટીંબાવાડી ખાતે શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે મહાનગર પ્રમુખ પુનીતભાઈ શર્માએ મુલાકાત લીધી હતી સાથે ધારાસભ્ય સંજયભાઈ કોરડીયાએ સિવીલ હોસ્પિટલની મુલાકાત કરી લોકોને પડતી હાલાકીની સમિક્ષા કરી યોગ્ય માર્ગદર્શન આપી સાથે કડક શબ્દોમાં સુચનાઓ આપી હતી. વિધાનસભાની ચૂંટણી પ્રક્રિયા પુરી થતાની સાથે જ જૂનાગઢ મહાનગર સંગઠન, ધારાસભ્ય અને કોર્પોરેશન ફરી કામે લાગી ગયા છે અને લોકોનાં દરેક પ્રશ્નોના તુરંત નિકાલ થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે તેમ મિડિયા વિભાગનાં સંજય પંડ્યાની યાદી જણાવે છે.

સમય કે સાથ......!

સૌરાષ્ટ્ર ભૂમિ
(જૂનાગઢ આવૃતિ)
દૈનિક
47 YEAR
બનાસકાંઠા
મહેસાણા
સાબરકાંઠા
કચ્છ
અમદાવાદ
પંચમહાલ
ખેડા
જામનગર
વડોદરા
ભરૂચ
અમરેલી
ભાવનગર
જુનાગઢ
સુરત
ડાંગ
વલસાડ

ક્રાંતિ વિચાર
મારૂ નામ ક્રાંતિ છે.
મારૂ યૌવન અમર છે
હું જગતનો જીવનમંત્ર છું
હું માનવી માત્રની
સ્વતંત્રતા સર્જીશ

''સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક'' કોઈ ''પક્ષ''નું ''વકિલ'' નથી, કોઈનું ''કજીયા દલાલ'' નથી, કોઈનું ''જી હજુર' નથી, ''કોઈ અમલદારોની ચાપલુસી નથી કરતું'', કોઈનું ''ખમ્મા બાપુ'' કરતું નથી, ''સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક'' ''ભારત માતા'' એટલે કે, કોટી કોટી દરીદ્ર નારાયણ જનતાને ''જનેતા'' માને છે. ''સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક'' આ ''જનતા જનેતા''ને પીડનારા લોકશત્રુઓ ગમે તે કોટીનાં, ગમે તે પક્ષનાં, ગમે તેવા ''તીસ મારખાં'' હોય તો પણ તેની લેશમાત્ર પરવાહ કર્યા વગર તેને નિડરતા પૂર્વક પડકારે છે. ''સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક'' નો ''રણ ટંકાર'' એ ''સામાન્ય આમ જનતા''નો વિરાટ પડકાર છે.

લોકજાગૃતિ લડતને સ્વતંત્રતા અને લોકશાહીને મજબુત કરવા માટે સંકલ્પબધ્ધ છે.